**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૯૮ |
| પાઉન્ડ | ૧૧૦.૦૦ |
| યુરો | ૯૨.૭૦ |
| સઉદી રિયાલ | ૨૨.૩૮ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૩,૬૩૦ |
| ચાંદી (૧ કિલો) | ૯૧,૦૦૦ |

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
# ગુજરાત ટુડે
GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

AL FAROOQ TOURS & TRAVELS Since 1996 IATA
સપ્ટેમ્બર ઉમરાહ
રૂા.78,000
દિ 15 -રવા 28 સપ્ટે
ફ્લાઈટ અમદાવાદથી અમદાવાદ
હજી યાકુબ મુન્શી - ૯૮૨૫૨ ૭૫૩૩૩ - ૯૮૨૫૫ ૭૫૩૩૩ - ૯૮૯૮૦ ૩૪૪૭૮
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ -૨૮

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૩૭ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

# કોલકાતામાં સર્વાનુમતે પસાર બળાત્કાર-વિરોધી ખરડો : મોદી, શાહના રાજીનામાની માગણી કરતાં મમતા

### ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓના રાજીનામાની પણ માગણી કરતાં મમતા

(એજન્સી) કોલકાતા, તા.૩

પશ્ચિમ બંગાળ એસેમ્બલીએ મંગળવારે રાજ્યમાં નવો બળાત્કાર વિરોધી કાયદો સર્વસંમતિથી પસાર કર્યો છે, પરંતુ આ બિલ પસાર કરવામાં અનેક ઉગ્ર ચર્ચાઓ થઈ હતી. સરકારે અપરાજિતા વુમન એન્ડ ચાઈલ્ડ (વેસ્ટ બંગાળ ક્રિમિનલ લોઝ એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૪ રજૂ કર્યું ત્યારે વિધાનસભા સત્રમાં હોબાળો થયો હતો.

વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ ગૃહના ફ્લોર પર 'એક મુદ્દો, એક માંગ, મુખ્યપ્રધાનનું રાજીનામું' સૂત્ર આપ્યું હતું. રાજ્ય સંચાલિત આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક યુવાન ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં ફાટી નીકળેલા વિરોધમાં આ સૂત્રોચ્ચાર એક પોકાર બની ગયું છે.

મમતાએ વિધાનસભામાં કહ્યું હતું કે,



### બળાત્કાર બદલ ફાંસીની સજા અને આજીવન કેદની જોગવાઈ ધરાવતો ખરડો ઐતિહાસિક ગણાવતાં સી.એમ. મમતા બેનરજી

બળાત્કાર વિરોધી બિલનો ઉદ્દેશ ઝડપી તપાસ, ઝડપી ન્યાય અને સજામાં વધારો કરવાનો છે. આ સૂચિત કાયદો બળાત્કારના દોષિત વ્યક્તિઓ માટે ફાંસીની સજા ઈચ્છે છે આ બિલનું એટલું હાઈલાઈટ ન કરાયેલ પાસું એ છે કે, તે બળાત્કારના કેસોમાં કોર્ટની કાર્યવાહીના અહેવાલને મર્યાદિત કરવાનો પણ પ્રયાસ કરે છે, જેનું મહત્ત્વ એટલા માટે વધી જાય છે કારણ કે, બંગાળ સરકારને આર.જી. કર કેસના સંચાલન માટે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો તરફથી ટીકાઓનો સામનો કરવો પડ્યો છે. કલકત્તા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ બંનેએ કાર્યવાહીનું લાઈવ-સ્ટ્રીમિંગ કર્યું હોવાથી તેની ક્લિપ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે અને બંગાળ સરકારની

### મમતા બેનરજી અને ભાજપ વચ્ચે આર.જી. કરની ઘટના અને કામદુની, હાથરસ, ઉન્નાવ જેવી ઘટનાઓ પર તીવ્ર પ્રતિક્રિયા

અસ્વસ્થતામાં વધારો થયો છે. મંગળવારે વિધાનસભામાં મમતા સમક્ષ બોલનાર અધિકારીએ ધ્યાન દોર્યું હતું કે, બળાત્કાર-હત્યા સરકારી હોસ્પિટલના પરિસરમાં થઈ હતી અને જ્યારે પીડિતા સરકારી ફરજ પર હતી. તેમણે ઉલ્લેખ કર્યો કે, પાકિસ્તાનના ડોક્ટર્સ એસોસિએશને પણ એક નિવેદન આપ્યું છે જેમાં કહેવામાં આવ્યું હતું કે, બંગાળ સરકારને લીધે દેશ શરમજનક અવસ્થામાં છે અને તે આ બિલ દ્વારા તેનાથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહી છે. કામદુની અને પાર્ક સ્ટ્રીટ બળાત્કારના કેસ દરમિયાન મુખ્યપ્રધાનની ટિપ્પણીઓના મીડિયા અહેવાલોને સૂચિબદ્ધ કરતી વખતે અધિકારીએ જણાવ્યું હતું કે, આ સરકાર 'અમને ન્યાય જોઈએ છે' માગણીઓમાંથી આ મુદ્દાને અન્ય મુદ્દાઓ પર વાળવાનો પ્રયાસ કરી રહી છે. મુખ્યપ્રધાને અગાઉ પણ બળાત્કારના કેસોમાં વિવાદાસ્પદ નિવેદનો કર્યા છે.

અધિકારીએ આ ખરડામાં સુધારા કરવા જણાવ્યું હતું. જેમ કે જો પુરાવા સાથે ચેડાં કરવાના આરોપો સાચા જણાય તો અધિકારીઓને કડક સજા અને જો તપાસ અધિકારીઓ તેમના નિવેદનો બદલી નાખે છે તો તેઓને પણ સજા આપવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે, આ બિલમાં સજા માટે ૩૦ દિવસની સમયમર્યાદા નક્કી કરવી જોઈએ. મમતાએ સુવેન્દુ પછી તરત જ વાત કરી અને ભાજપશાસિત રાજ્યોમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓને ઉજાગર કરતા ઉન્નાવ અને હાથરસ જેવી ઘટનાઓ અંગે વાત કરી હતી. મમતાએ કહ્યું કે, જે કારણોસર તમે મારા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા છો તે જ કારણોસર હું વડાપ્રધાન, ગૃહપ્રધાન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરૂં તો શું થશે ? યુપી, ગુજરાત જેવા રાજ્યોમાં મહિલાઓ વિરુદ્ધ અપરાધ દર અસામાન્ય રીતે વધુ છે. આ બિલ નવા ભારતીય ન્યાયસંહિતા (BNS) અધિનિયમ ૨૦૨૩ના અમુક ભાગોને નાબૂદ કરવા માંગે છે. તેમાં સગીરો પર બળાત્કાર અંગે પણ કલમો છે. મમતાએ કહ્યું કે, BNS પસાર કરતા પહેલાં બંગાળની સલાહ લેવામાં આવી ન હતી, અમે નવી સરકારની રચના પછી તેના પર ચર્ચા કરવા માંગીએ છીએ.

CELEBRATING EXCELLENCE 34 years GT

## મૃત્યુદંડની સજા, ટ્રાયલનો મર્યાદિત સમયગાળો, પ્રકાશન નિયંત્રણો : પશ્ચિમ બંગાળના બળાત્કાર વિરોધી 'અપરાજિતા' બિલની પ્રાથમિક જોગવાઈઓ

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

રાજ્યમાં મહિલાઓ અને બાળકોની સુરક્ષા વધારવાના હેતુથી મમતા બેનરજીની આગેવાની હેઠળની સરકારે 'અપરાજિતા વુમન એન્ડ ચાઈલ્ડ (વેસ્ટ બંગાળ ફોજદારી કાયદા અને સુધારો) બિલ ૨૦૨૪ પસાર કર્યું છે. આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં તાલીમાર્થી ડોક્ટરની હત્યાથી દેશવ્યાપી વિરોધ થયો છે અને જાતીય હિંસા સામે કડક કાયદાની માગણીઓ વધી રહી છે. પશ્ચિમ બંગાળ એસેમ્બલીમાં આ બિલ સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું, જે રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ રાજ્યમાં ક્રોસ-પાર્ટી સમર્થનની એક દુર્લભ ક્ષણ છે. જો કે, તેના પસાર કરવા સમયે અમુક વિવાદ થયા હતા. ચર્ચા દરમિયાન વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ કાયદા અમલીકરણ અધિકારીઓમાં જવાબદારી વધારવાના ઉદ્દેશ્યથી ઘણા સુધારા પ્રસ્તાવિત કર્યા હતા. તે પૈકી કેટલાક સ્વીકારવામાં આવ્યા હતા, અન્યને નકારી કાઢવામાં આવ્યા હતા, જેના કારણે શાસક તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને વિપક્ષો વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી. આ બિલ ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪થી અમલમાં આવશે.

**આ વિધેયક હાલના કાયદાઓમાં ઘણા મહત્ત્વપૂર્ણ સુધારા રજૂ કરે છે. તેની પ્રાથમિક જોગવાઈઓ આ છે :**

● **બળાત્કાર માટે મૃત્યુદંડ :** આ બિલ બળાત્કારના દોષિતો માટે, જો તેમની ક્રિયાઓથી પીડિતા મૃત્યુ પામે છે તો ફાંસીની સજાની દરખાસ્ત કરે છે.

● **મર્યાદિત સમયમાં તપાસ અને ટ્રાયલ :** સૌથી નોંધપાત્ર ફેરફારો પૈકી એક એવી શરત છે કે, બળાત્કારના કેસોની તપાસ પ્રારંભિક અહેવાલના ૨૧ દિવસમાં પૂર્ણ થવી જોઈએ. અગાઉના બે મહિનાની સમયમર્યાદા કરતાં આ નોંધપાત્ર ઘટાડો છે. તમામ વિસ્તરણની મંજૂરી છે, પરંતુ માત્ર વરિષ્ઠ પોલીસ અધિકારી દ્વારા લેખિત સમર્થન સાથે તે આપવામાં આવશે.

### પશ્ચિમ બંગાળ એસેમ્બલીમાં આ બિલ સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું, જે રાજકીય રીતે રાજ્યમાં ક્રોસ-પાર્ટી સમર્થનની એક દુર્લભ ક્ષણ છે

● **ફાસ્ટ-ટ્રેક અદાલતો :** ઝડપી ન્યાય કરવા માટે આ ડ્રાફ્ટ કાયદામાં જાતીય હિંસાના કેસો માટે સમર્પિત વિશેષ અદાલતોની સ્થાપના ફરજિયાત છે.

● **અપરાજિતા ટાસ્ક ફોર્સ :** આ બિલ જિલ્લા સ્તરે પોલીસ નાયબ અધિક્ષકની અધ્યક્ષતામાં એક વિશિષ્ટ ટાસ્ક ફોર્સની રચના માટે કહે છે. આ ટાસ્ક ફોર્સ મહિલાઓ અને બાળકો પર બળાત્કાર અને અન્ય અત્યાચારના કેસોની તપાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

● **પુનરાવર્તિત અપરાધીઓ માટે સખત દંડ :** આ કાયદો પુનરાવર્તિત અપરાધીઓ માટે આજીવન કેદની દરખાસ્ત કરે છે, જો કે, મૃત્યુદંડની શક્યતા પણ છે.

● **પીડિતોની ઓળખની ગુપ્તતા :** આ બિલમાં કાનૂની પ્રક્રિયા દરમિયાન પીડિતોની ઓળખની સુરક્ષા, તેમની ગોપનીયતા અને ગૌરવની ખાતરી કરવા માટેની જોગવાઈઓ સામેલ છે.

● **ન્યાયમાં વિલંબ માટે દંડ :** તાત્કાલિક કાર્યવાહી કરવામાં નિષ્ફળ જાય છે અથવા પુરાવા સાથે છેડછાડ કરે છે તો પોલીસ અને આરોગ્ય અધિકારીઓ માટે દંડની રજૂઆત કરે છે. આનો હેતુ ન્યાયિક પ્રક્રિયામાં કોઈપણ બેદરકારી માટે સત્તાવાળાઓને જવાબદાર ઠેરવવાનો છે.

● **પ્રકાશન પ્રતિબંધો :** આ બિલ જાતીય ગુનાઓ સંબંધિત અદાલતી કાર્યવાહીના અનધિકૃત પ્રકાશન માટે ૩થી ૫ વર્ષની સંભવિત કેદ સાથે સખત દંડ લાદે છે.

## 'બળાત્કારના દોષિતોને ફાંસીની સજાની માંગ કરતું બિલ ઉતાવળમાં રજૂ કરવામાં આવ્યું છે' : પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી

(એજન્સી) કોલકાતા, તા.૩

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ મંગળવારે દાવો કર્યો હતો કે, 'અપરાજિતા વુમન એન્ડ ચાઈલ્ડ (વેસ્ટ બંગાળ ક્રિમિનલ લોઝ એમેન્ડમેન્ટ) બિલ' ઉતાવળમાં લાવવામાં આવ્યું હતું. તેમણે બપોરે આ બિલને ફ્લોર પર રજૂ કર્યા પછી વિધાનસભામાં ચર્ચામાં ભાગ લેતાં કહ્યું હતું કે, આ બિલ બળાત્કાર અને હત્યાના કેસમાં અથવા બળાત્કારના કેસમાં દોષિતોને મૃત્યુદંડની માંગ કરે છે અને પીડિતાને નિસહાય સ્થિતિમાં છોડી દેવામાં આવે છે. પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ 'અપરાજિતા વુમન એન્ડ ચાઈલ્ડ બિલ' પર કહ્યું કે, અમે આ બિલને સમર્થન આપીએ છીએ પણ તમે આ બિલ ઉતાવળમાં કેમ રજૂ કરી રહ્યા છો ? અમે આ બિલને સિલેક્ટ કમિટીને મોકલવાનું કહી શક્યા હોત. પરંતુ અમે ગુનેગારોને સજા ઈચ્છીએ છીએ. બિલ અંગે મુખ્યમંત્રી શું કહે છે તે અમે સાંભળીશું. અમે બિલ પર વિરોધ નહીં કરીએ. પરંતુ રાજ્ય સરકારે એ સુનિશ્ચિત કરવું પડશે કે આ બિલ વહેલામાં વહેલી તકે અસરકારક બને. આ બિલ રાજ્યના કાયદા પ્રધાન મલય ઘટક દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું,



### તેમણે કહ્યું કે, આ બિલ બળાત્કાર અને હત્યાના કેસમાં અથવા બળાત્કારના કેસમાં દોષિતોને મૃત્યુદંડની જોગવાઈ કરે છે પણ પીડિતાને અસહાય સ્થિતિમાં છોડી દેવામાં આવે છે

જેના પગલે ટ્રેઝરી અને વિપક્ષી બેન્ચના સભ્યોએ આ બાબતે તેમના વિચારો વ્યક્ત કરવાનું શરૂ કર્યું હતું. આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલની મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના રાષ્ટ્રવ્યાપી વિરોધ વચ્ચે અપરાજિતા બિલની દરખાસ્ત કરવામાં આવી છે. તેમના ભાષણ દરમિયાન LoPએ સમાન કેસોના સંદર્ભો પણ આપ્યા અને આવી બાબતો પર મીડિયા અહેવાલો સબમિટ કર્યા. જો કે, ગૃહના સ્પીકર બિમન બંધોપાધ્યાયે કહ્યું કે, આ દસ્તાવેજોની અધિકૃતતાની ક્રોસ-ચેક કર્યા વિના સ્વીકારી શકાય નહીં. પશ્ચિમ બંગાળ વિધાનસભામાં સુવેન્દુ અધિકારીએ ગૃહના અધ્યક્ષ બિમન બંધોપાધ્યાયને જવાબ આપતા કહ્યું કે, તેમને તેમના દસ્તાવેજોની ક્રોસ-ચેક કરાવવામાં કોઈ સમસ્યા નથી કારણ કે, તેઓ આ મામલે સંપૂર્ણ રીતે તૈયાર છે. બિલ પર ચર્ચા માટે અંતિમ વક્તા મુખ્યપ્રધાન મમતા બેનરજી છે. કાનૂની નિષ્ણાતો માને છે કે, વિધાનસભાના ફ્લોર પર આ બિલ પસાર કરવું સરળ હોવા છતાં તેને અસરકારક બનવા માટે અનેક મુશ્કેલીઓ હશે કારણ કે, તેને રાષ્ટ્રપતિની સંમતિની જરૂર પડશે કારણ કે, તેમાં કેન્દ્રીય કાયદાઓમાં કેટલીક જોગવાઈઓમાં સુધારો કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.

## યુપી અને ગુજરાત જેવા રાજ્યોમાં મહિલા સામેના અપરાધોનું પ્રમાણ બંગાળ કરતા વધારે છે : મમતા બેનરજી

(એજન્સી) કોલકાતા, તા.૩

પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીએ મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ અને તમામ રાજ્યોના મુખ્યપ્રધાનોના રાજીનામાની માંગ કરી છે અને કહ્યું છે કે, તેઓ 'મહિલાઓની સુરક્ષા માટે અસરકારક કાયદાઓ લાગુ કરવામાં સક્ષમ નથી.' અપરાજિતા વુમન એન્ડ ચાઈલ્ડ બિલ (વેસ્ટ બંગાળ ક્રિમિનલ લોઝ એન્ડ એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૪ રજૂ કર્યા બાદ વિધાનસભામાં બેનરજીએ કહ્યું કે, આ બિલનો ઉદ્દેશ્ય ઝડપી તપાસ, ઝડપી ન્યાય અને દોષિતોને સજામાં વધારો કરવાનો છે. બળાત્કાર એ માનવતા સામેનો અભિશાપ છે અને આવા ગુનાઓને રોકવા માટે સામાજિક સુધારા જરૂરી છે. તેણીએ કહ્યું કે, એકવાર આ વિધેયક પસાર થઈ જાય તો અમે તપાસની સમયમર્યાદા પૂર્ણતા સુનિશ્ચિત કરવા માટે પોલીસમાંથી વિશેષ અપરાજિતા ટાસ્ક ફોર્સની રચના કરીશું. મુખ્યપ્રધાને આ બિલને અન્ય રાજ્યો માટે ઐતિહાસિક અને મોડેલ ગણાવતા કહ્યું કે, આ પ્રસ્તાવિત કાયદા દ્વારા તેમની સરકારે પીડિત અને તેમના સગાઓને ન્યાયના ઝડપી અને અસરકારક નિકાલની દૃષ્ટિએ કેન્દ્રીય કાયદાઓમાં અસ્તિત્વમાં રહેલા છટકબારીઓને દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. ભાજપના

### પીએમ અને એચએમના રાજીનામાની માગણી સાથે મમતાએ કહ્યું, ભાજપ મહિલા સુરક્ષ માટે નબળા અને બિનઅસરકારક કાયદા લાવ્યો છે

ધારાસભ્યોએ તેમના રાજીનામાની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા, ત્યારે તેણીએ વળતો જવાબ આપતા કહ્યું કે, જે કારણોસર તમે મારા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા છો તે જ કારણોસર હું વડાપ્રધાન અને ગૃહપ્રધાન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરૂં તો કેવું લાગશે ? ઉત્તરપ્રદેશ અને ગુજરાત જેવા રાજ્યોમાં મહિલાઓ સામે અપરાધનું પ્રમાણ અસામાન્ય રીતે ઊંચું છે જ્યારે પશ્ચિમ બંગાળમાં અત્યાચાર સહન કરતી મહિલાઓને અદાલતોમાં ન્યાય મળે છે. બેનરજીએ આરોપ લગાવ્યો કે, BNS અધિનિયમ પસાર કરતા પહેલાં પશ્ચિમ બંગાળની સલાહ લેવામાં આવી ન હતી. અમે કેન્દ્રમાં નવી સરકારની રચના પછી તેના પર ચર્ચા કરવા માંગતા હતા. બેનરજીએ વિપક્ષને કહ્યું કે, રાજ્યપાલને વિલંબ કર્યા વિના આ બિલ પર હસ્તાક્ષર કરવા દબાણ કરવું જોઈએ અને તેણીએ કહ્યું કે, આ અસરકારક કાયદા માટે રાજ્ય સરકારની જવાબદારી રહેશે. અમે સીબીઆઈ પાસેથી ન્યાય અને દોષિતોને ફાંસી ઈચ્છીએ છીએ. બેનરજીએ આર.જી. કર ચિકિત્સકના બળાત્કાર અને હત્યાના ભયંકર અપરાધ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. ગૃહના ફ્લોર પર અમુક વિચલિત દૃશ્યો વચ્ચે આ બિલ સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું.

**ક્યા બાત હૈ ?!**

**આ મીના અગાઉ મનુ હતી ! તેણે ગામની એક છોરી પર બળાત્કાર કર્યો'તો એટલે ગામલોકોએ એવી સજા કરી કે......**



- જામી

# હરિયાણા : ગૌરક્ષકોએ ૩૦ કિલોમીટર સુધી પીછો કરીને ૧૯ વર્ષની વયના ૧૨મા ધોરણના વિદ્યાર્થીની ગોળી મારી કરી હત્યા

## ફરીદાબાદમાં આર્યન મિશ્રા નામના આ યુવાનને કહેવાતા ગૌરક્ષકોએ ઢોરનો દાણચોર સમજી લીધો અને આ ભૂલમાં એક આશાસ્પદ યુવાન વધેરાયો

(એજન્સી) તા.૩

હરિયાણાના ફરીદાબાદમાં ૧૯ વર્ષના ધોરણ ૧૨ના વિદ્યાર્થીને ઢોરના તસ્કર સમજીને તેની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ હત્યા કરતા પહેલા આરોપીઓએ પીડિતની કારનો ૨૫ કિલોમીટર સુધી પીછો કર્યો હતો. આ ઘટના સંદર્ભે પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પીડિત વિદ્યાર્થી આર્યન મિશ્રા તેના મિત્રો હર્ષિત અને શૈંકી સાથે ૨૩ ઓગસ્ટની મધ્યરાત્રિએ ડસ્ટર કારમાં નૂડલ્સ ખાવા માટે બહાર ગયો હતો. ગૌરક્ષકો તરીકે ઓળખાતા આ આરોપીઓએ પૂછપરછ દરમિયાન પોલીસને જણાવ્યું કે તેમને માહિતી મળી હતી કે કેટલાક પશુ તસ્કરો ડસ્ટર અને ફોર્ચ્યુનર એસયુવીનો ઉપયોગ કરીને શહેરમાં હેરફેરી કરી રહ્યા છે. આરોપીઓએ એવો પણ દાવો કર્યો હતો કે





કથિત પશુઓના તસ્કરોએ તેમના સહયોગીઓને અલગ-અલગ વિસ્તારોમાંથી ટ્રકમાં ગાયો ઉપાડવા માટે બોલાવતા હતા. આરોપીઓ પણ તેમની પોતાની કારમાં હતા અને તેમણે ડસ્ટર કાર જોઈને તેને રોકવાનો સંકેત આપ્યો. હર્ષિત ડસ્ટર ચલાવી રહ્યો હતો, જેમાં આર્યન પણ હતો. કારની પાછળ શૈંકી અને બે મહિલાઓ બેઠેલી હતી. પોલીસે જણાવ્યું હતું કે હર્ષિત અને શૈંકી તાજેતરમાં એક વ્યક્તિ સાથે ઝઘડી પડ્યા હતા અને શૈંકી વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. જ્યારે આરોપીઓએ તેમને રોકવા માટે સંકેત આપ્યો ત્યારે ડસ્ટરમાં રહેલા મુસાફરોને લાગ્યું કે અગાઉના વિવાદને કારણે તેઓ તેમનો પીછો કરી રહ્યા છે અને તેઓ પોતાના બચવાના પ્રયાસમાં ભાગી છૂટ્યા હતા. ગૌરક્ષકોને હવે એવી ખાતરી થઈ ગઈ કે ડસ્ટરમાં રહેલા લોકો ઢોરની તસ્કરી કરતા હતા, તેઓ તેઓનો પીછો કરવા લાગ્યા. હર્ષિતે લગભગ ૨૫ કિલોમીટર સુધી કાર ચલાવી અને પલવલ ટોલ પ્લાઝા પર આવ્યો અને તેનો અવરોધ તોડી નાખ્યો. ત્યારપછી આરોપીઓએ ડસ્ટર પર ગોળીબાર કર્યો અને એક ગોળી પાછળની બારીમાંથી નીકળીને તેમાં બેઠેલા આર્યનને વાગી હતી. આર્યનને ગોળી માર્યા પછી હુમલાખોરોએ નજીક આવીને આર્યનની છાતીમાં બીજી ગોળી ચલાવી, જેના પરિણામે તેનું મૃત્યુ થયું હતું. ફરીદાબાદ પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે ધરપકડ કરાયેલા શકમંદોની ઓળખ અનિલ કૌશિક, વરૂણ, કૃષ્ણા, આદેશ અને સૌરવ તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓએ શરૂઆતમાં એવો દાવો કરીને તેમને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો કે તેમણે હત્યાના હથિયારને કેનાલમાં ફેંકી દીધા હતા. જો કે, બાદમાં અનિલના ઘરેથી હથિયાર મળી આવ્યું હતું. હરિયાણાના ચરખી દાદરી જિલ્લામાં ગૌમાંસ ખાવાની શંકામાં એક પરપ્રાંતિય કામદારને માર માર્યાના દિવસો બાદ આ ઘટના બની છે. પોલીસે આ હત્યાના ગુનામાં સાત લોકોની ધરપકડ કરી હતી.

# 'દેશ સરમુખત્યારશાહીથી નહીં, બાબાસાહેબના બંધારણ મુજબ ચાલશે' રાહુલ ગાંધીએ બુલડોઝર નીતિ પર સુપ્રીમ કોર્ટની ટિપ્પણીનું સ્વાગત કર્યું

**રાહુલે કહ્યું કે, ત્વરિત ન્યાયની આડમાં 'ભયનું શાસન' સ્થાપિત કરવા માટે ચલાવવામાં આવતા બુલડોઝર દ્વારા મોટાભાગે બહુજન અને ગરીબોના ઘરોને નિશાન બનાવવામાં આવે છે. ગાંધીએ કહ્યું કે ભાજપની આ કાર્યવાહીએ તેનો "બંધારણ વિરોધી ચહેરો" જાહેર કર્યો છે**

(એજન્સી) તા.૩

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ભાજપની વિવાદાસ્પદ 'બુલડોઝર નીતિ' અંગે સુપ્રીમ કોર્ટના તાજેતરના અવલોકનોનું સ્વાગત કર્યું છે. આ નીતિ મુજબ કોઈપણ ગુનાના આરોપી વ્યક્તિઓના ઘરો તોડી પાડવામાં આવે છે તે અંગે રાહુલે કહ્યું કે, ત્વરિત ન્યાયની આડમાં 'ભયનું શાસન' સ્થાપિત કરવા માટે ચલાવવામાં આવતા બુલડોઝર દ્વારા મોટાભાગે બહુજન અને ગરીબોના ઘરોને નિશાન બનાવવામાં આવે છે. ગાંધીએ કહ્યું કે ભાજપની આ કાર્યવાહીએ તેનો "બંધારણ વિરોધી ચહેરો" જાહેર કર્યો છે.

X પરની એક પોસ્ટમાં ગાંધીએ કહ્યું છે કે, માનવતા અને ન્યાયને બુલડોઝર નીચે કચડી નાખનાર ભાજપનો બંધારણ વિરોધી ચહેરો હવે દેશની સામે ખુલ્લો પડી ગયો છે. બુલડોઝર એ ભાજપની "અયોગ્ય શક્તિ"નું પ્રતીક બની ગયું છે, અને ભાજપ સતત નાગરિક અધિકારોનું ઉલ્લંઘન કરી



રહ્યું છે. ત્વરિત ન્યાયની આડમાં 'ભયનું શાસન' સ્થાપિત કરવા માટે ચલાવવામાં આવતું બુલડોઝર ઘણીવાર બહુજન અને ગરીબોના ઘરોને નિશાન બનાવે છે. તેમણે આશા વ્યક્ત કરી કે આ અંગે સુપ્રીમ કોર્ટ સ્પષ્ટ માર્ગદર્શિકા પ્રદાન કરશે અને તે ભાજપની "લોકશાહી વિરોધી ઝુંબેશ"થી નાગરિકોને બચાવશે. ગાંધીએ કહ્યું કે, અમે અપેક્ષા રાખીએ છીએ કે સુપ્રીમ કોર્ટ આ અત્યંત સંવેદનશીલ મુદ્દા પર સ્પષ્ટ માર્ગદર્શિકા જારી કરશે અને ભાજપ સરકારોના આ લોકશાહી વિરોધી અભિયાનથી નાગરિકોનું રક્ષણ કરશે. આ દેશ સરમુખત્યારશાહીથી નહીં, બાબા સાહેબના બંધારણ મુજબ ચાલશે. સર્વોચ્ચ અદાલતે તેની ટિપ્પણીમાં, માત્ર આરોપોના આધારે કથિત આરોપીઓના ઘરો તોડવાની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો, ન્યાયમૂર્તિ બી આર ગવઈ અને કે વી વિશ્વનાથને કહ્યું હતું કે, કોઈનું ઘર ફક્ત એટલા માટે કેવી રીતે તોડી શકાય કે તે આરોપી છે? ભલે તે દોષિત હોય તો પણ કાયદા દ્વારા નિર્ધારિત પ્રક્રિયાને અનુસર્યા વિના તે કરી શકાતું નથી. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, શું કોઈનું ઘર માત્ર એટલા માટે તોડી શકાય કે તે આરોપી છે. જો તે દોષિત હોય, તો પણ કાયદા દ્વારા નિર્ધારિત પ્રક્રિયાને અનુસર્યા વિના ડિમોલિશન કરી શકાતું નથી. અમે અખિલ-ભારતના ધોરણે અમુક દિશાનિર્દેશોનો પ્રસ્તાવ આપીએ છીએ જેથી કરીને આ મુદ્દાઓ અંગેની ચિંતા દૂર થઈ શકે.

# RG કર હોસ્પિટલ ખાતે CISFના જવાનો માટે 'અયોગ્ય વ્યવસ્થા' અંગે કેન્દ્રએ બંગાળ સરકાર વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી

**કેન્દ્ર સરકારે કહ્યું કે આરજી કર હોસ્પિટલમાં ૯૨ સીઆઈએસએફ કર્મચારીઓ તૈનાત છે, જેમાં ૫૪ મહિલા કર્મચારીઓનો સમાવેશ થાય છે, જેઓને રહેવાની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે**

(એજન્સી) તા.૩

કોલકાતાની RG કાર હોસ્પિટલમાં તૈનાત કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF)ના કર્મચારીઓ માટે અપૂરતી વ્યવસ્થા અંગે ચિંતા વ્યક્ત કરતા કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. આ દળને સર્વોચ્ચ અદાલતના આદેશને અનુસરીને તૈનાત કરવામાં આવ્યા છે અને કેન્દ્રએ હવે આ આદેશનું પાલન કરવામાં નિષ્ફળ રહેવા બદલ પશ્ચિમ બંગાળ સરકાર સામે તિરસ્કારનો કેસ દાખલ કર્યો છે. કેન્દ્ર સરકારે કહ્યું કે આરજી કર હોસ્પિટલમાં ૯૨ સીઆઈએસએફ કર્મચારીઓ તૈનાત છે, જેમાં ૫૪ મહિલા કર્મચારીઓનો સમાવેશ થાય છે, જેઓને રહેવાની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

૨૧ ઓગસ્ટે સુપ્રીમ કોર્ટે ડોક્ટરોને સુરક્ષા આપવા માટે આરજી કાર હોસ્પિટલમાં CISF તૈનાત કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશ એક ટ્રેઈની ડૉક્ટર સાથે હોસ્પિટલના સેમિનાર હોલમાં બળાત્કાર અને હત્યા કરવામાં આવ્યાના અમુક દિવસો બાદ આપવામાં આવ્યો હતો. તેણી નાઈટ શિફ્ટમાં હતી. બળાત્કારની ઘટનાના થોડા દિવસો બાદ જ એક ટોળા દ્વારા હોસ્પિટલમાં તોડફોડ કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતે આ બે ઘટનાઓની નોંધ લીધી હતી અને સુરક્ષા દળોને તૈનાત કરવાનો આદેશ આપ્યો હતો.

જો કે, કેન્દ્રએ હવે એવો આક્ષેપ કર્યો છે કે રાજ્ય સરકારે સુરક્ષા ગેજેટ્સ માટે, અને ખાસ કરીને મહિલા ટુકડી માટે યોગ્ય આવાસ સુવિધાઓ, પરિવહન અથવા સુરક્ષિત સ્થાન પ્રદાન કર્યું નથી. કેન્દ્રની અરજી પર્યાપ્ત સુવિધાઓની તીવ્ર જરૂરિયાત અંગે છે, તેમાં એવી દલીલ કરવામાં આવી છે કે પશ્ચિમ બંગાળ સરકાર તરફથી સહકારનો અભાવ છે, ખાસ કરીને રાજ્યની વર્તમાન સંવેદનશીલ પરિસ્થિતિને જોતાં કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે ડોક્ટરોની સુરક્ષા અને ખાસ કરીને મહિલા ડોક્ટરોની સુરક્ષા રાજ્ય સરકાર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ.

કેન્દ્રએ વધુ રજૂઆત કરી હતી કે વારંવાર વિનંતીઓ છતાં પશ્ચિમ બંગાળ સરકારની નિષ્ક્રિયતા, પ્રણાલીગત સમસ્યાને પ્રતિબિંબિત કરે છે અને કોર્ટના આદેશો હેઠળ કાર્યરત કેન્દ્રીય એજન્સીઓ સાથે અસહકાર એ બંગાળનો એક ધોરણ બની ગયું છે. કેન્દ્રનો દાવો છે કે આ બિન-અનુપાલન સુપ્રીમ કોર્ટના આદેશોની જાણીજોઈને અવગણના કરવા સમાન છે.

કેન્દ્રએ પશ્ચિમ બંગાળ સરકાર પર ઈરાદાપૂર્વક અવરોધો ઉભા કરવા અને સુપ્રીમ કોર્ટ દ્વારા ઉકેલ-લક્ષી અભિગમને જોખમમાં નાખવાનો આરોપ મૂક્યો હતો. રાજ્ય સરકાર સ્વેચ્છાએ સમસ્યાનો ઉકેલ શોધવા માટે પ્રયત્નો કરી રહી નથી અને તેના પોતાના રહેવાસીઓને અન્યાય કરી રહી છે.

# રાહુલ ગાંધીએ હરિયાણા ચૂંટણીમાં કોંગ્રેસ-AAP ગઠબંધનનો વિચાર રજૂ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

ઈન્ડિયા બ્લોકના ભાગીદારો આમ આદમી પાર્ટી (AAP) અને કોંગ્રેસ વચ્ચે સમજૂતી થશે કે કેમ તે નક્કી નથી પણ હરિયાણામાં કેટલીક સીટો અનામત રાખી શકે છે, પરંતુ આ ગઠબંધન પહેલાં હજુ પણ ઘણી અડચણો પાર કરવાની બાકી છે. એવા સંકેતો છે કે, હરિયાણા એકમનો એક ભાગ પાંચ ઓકટોબરની વિધાનસભાની ચૂંટણી એકલા લડવા માંગે છે. AAPએ સ્પષ્ટપણે કહ્યું છે કે, તે ૯૦ વિસ્તારવાળા ગૃહમાં માત્ર અમુક બેઠકો માટે સમાધાન કરશે નહીં.

રાહુલ ગાંધીએ સોમવારે કેન્દ્રીય ચૂંટણી સમિતિ (CEC)ની બેઠકમાં ગઠબંધનનો વિચાર રજૂ કર્યો હતો. કોંગ્રેસના એક નેતાએ જણાવ્યું હતું કે, રાહુલ 'મર્યાદિત ધોરણે' સીટ-વહેંચણીના વિચારને પ્રતિકૂળ ગણાતા નથી. રાજ્ય એકમ બે જૂથોમાં વહેંચાયેલું છે, એકનું નેતૃત્વ પૂર્વ મુખ્યપ્રધાન ભૂપેન્દ્રસિંહ હુડ્ડા કરે છે, બીજાનું સિરસા સાંસદ કુમારી સેલજા કરે છે. હુડ્ડા AAP સાથે થોડી બેઠકો વહેંચવાના વિચારને આવકારે છે, ત્યારે સેલજા તેનો સખત વિરોધ કરે છે.

બેઠકમાં હાજર રહેલા અન્ય કોંગ્રેસી નેતાએ જણાવ્યું હતું કે, રાહુલે સીટ-વહેંચણી માટે વાત કરી પરંતુ તેમણે કહ્યું કે, હરિયાણા એકમનો પ્રતિસાદ લેવો જોઈએ. કોંગ્રેસના વરિષ્ઠ નેતાના જણાવ્યા મુજબ AAP હરિયાણાના શહેરી વિસ્તારોમાં પ્રભાવ ધરાવે છે, જે ભાજપનો પરંપરાગત ગઢ છે. AAP સાથે ગઠબંધન માત્ર સત્તા વિરોધી મતોના વિભાજનને અટકાવશે નહીં પરંતુ શહેરી વિસ્તારોમાં ભાજપના સમર્થન આધારને પણ નુકસાન પહોંચાડશે. AAPએ કોંગ્રેસના પગલાનું જાહેરમાં સ્વાગત કર્યું છે, પરંતુ રાષ્ટ્રીય પાર્ટી કેટલી બેઠકો આપવા તૈયાર છે તે અંગે પણ અસંતોષ છે. AAP રાજ્યસભાના સાંસદ સંજયસિંહે કહ્યું કે, ભાજપને હરાવવું એ ઈન્ડિયા જૂથની પ્રાથમિકતા હોવી જોઈએ

> **હરિયાણાના શહેરી વિસ્તારોમાં AAPનો પ્રભાવ છે, જે ભાજપનો પરંપરાગત ગઢ છે, જો કે, બંને પક્ષોના નેતાઓ આ વિચારનો વિરોધ કરી રહ્યા હોવાથી જોડાણનો માર્ગ સરળ નથી**

અને જો આ દરખાસ્ત આગળ વધશે તો પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ (સંગઠન) સંદીપ પાઠક કોંગ્રેસ સાથે વાતચીત કરશે. અંતિમ નિર્ણય અરવિંદ કેજરીવાલ લેશે.

AAPના હરિયાણાના વડા સુશીલ ગુપ્તાએ મંગળવારે કહ્યું કે, તે તેમનો અંગત અભિપ્રાય છે કે, પાર્ટીએ ચારથી પાંચ બેઠકો પર સમાધાન ન કરવું જોઈએ. પરંતુ તેમણે અંતિમ નિર્ણય લેવા માટે દિલ્હીના મુખ્યપ્રધાન અને AAPના રાષ્ટ્રીય કન્વીનર કેજરીવાલ પર છોડી દીધું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર AAPના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢા પણ આ મુદ્દે કોંગ્રેસ નેતૃત્વ સાથે વાતચીતમાં સામેલ છે. હરિયાણા સંસદીય ચૂંટણીમાં AAPનો રેકોર્ડ બહુ તેજસ્વી રહ્યો નથી. ૨૦૨૪માં તે કોંગ્રેસ સાથેના કરારમાં કુરુક્ષેત્રથી લડ્યા હતા, પરંતુ ઉમેદવાર સુશીલ ગુપ્તા ભાજપના નવીન જિંદાલ સામે ૨૯,૦૨૧ મતોથી હારી ગયા હતા. આ મતવિસ્તાર ૨૦૧૪થી ભાજપ પાસે છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીઓમાં AAPએ જનનાયક જનતા પાર્ટી (JJP) સાથે ગઠબંધનમાં ત્રણ ઉમેદવારો ઊભા રાખ્યા હતા અને તમામ હારી ગયા હતા. AAPના હરિયાણા પ્રદેશ અધ્યક્ષ સુશીલ ગુપ્તા તમામ ૯૦ બેઠકો પર એકલા લડવાના પક્ષમાં છે. કેજરીવાલની પત્ની સુનીતા પણ રાજ્યમાં પ્રચાર કરી રહી છે. કેજરીવાલ ૨૦૨૧-૨૦૨૨ના દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસના સંબંધમાં જેલમાં છે.

કુમારી સેલજાએ જણાવ્યું હતું કે, AAP અને કોંગ્રેસ રાષ્ટ્રીય સ્તરે ભાગીદાર હતા, પરંતુ જો તમને યાદ હોય તો એવું નક્કી કરવામાં આવ્યું હતું કે, દરેક રાજ્યમાં આ ભાગીદારો પોતાની રીતે નિર્ણય લઈ શકે છે. AAP ઈચ્છે છે કે, તેઓ વિધાનસભાની ચૂંટણીમાં ગઠબંધન નહીં કરે મને લાગે છે કે, કોંગ્રેસ પોતાના દમ પર મજબૂત છે અને અમે સ્વબળે લડીશું.

કોંગ્રેસ હરિયાણામાં ભાજપને હટાવવા માટે એક નક્કર પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસના હરિયાણા પ્રભારી દીપક બાબરિયાના જણાવ્યા અનુસાર પાર્ટીએ અત્યાર સુધીમાં ૩૪ ઉમેદવારોને ફાઈનલ કર્યા છે. બાબરિયાએ જણાવ્યું હતું કે, શોર્ટલિસ્ટ કરાયેલા ૧૫ ઉમેદવારોના નામોની સમીક્ષા કરવામાં આવી રહી છે. સોમવારે પત્રકારો સાથે વાત કરતા તેમણે કોંગ્રેસે ઓલિમ્પિયન વિનેશ ફોગાટને મેદાનમાં ઉતારવાની સંભાવના અંગે કહ્યું કે, પાર્ટી ટૂંક સમયમાં તેનું વલણ સ્પષ્ટ કરશે. બાબરિયાએ કહ્યું હતું કે, કોંગ્રેસ બે-ત્રણ દિવસમાં ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરશે. ચૂંટણી માટે નામાંકન પ્રક્રિયા પાંચ સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૧૨ સપ્ટેમ્બર સુધી ચાલશે.

# કેરળમાં RSSની સમન્વય બેઠક પૂર્ણ થઈ સંઘની ચાર વાર્ષિક સભાઓ વિશે માહિતી

> **આ વર્ષે પ્રથમ વખત કેરળમાં સમન્વય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, ગયા વર્ષની આવી બેઠક પુણે, મહારાષ્ટ્ર ખાતે યોજાઈ હતી**



રાજકોટમાં સંસ્થાના કાર્યવિસ્તાર કુંભ કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો કૂચ કરી રહ્યા છે

(એજન્સી) તા.૩

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચાર પ્રભારી સુનીલ આંબેકરે સોમવારે ૨ સપ્ટેમ્બર જાતિની વસ્તી ગણતરી માટે સંઘના સમર્થનનો સંકેત આપ્યો હતો. તેમણે કહ્યું કે, કલ્યાણકારી પ્રવૃત્તિઓ, ખાસ કરીને એવા સમુદાયો અથવા જાતિઓ કે જે પાછળ રહી ગયા છે તેમના માટે આ ડેટા એકત્રિત કરવા માટે તે એક સુસ્થાપિત પ્રથા છે પરંતુ તેનો ચૂંટણી માટેના રાજકીય સાધન તરીકે ઉપયોગ કરવો જોઈએ નહીં. આંબેકરે કેરળના પલક્કડમાં આયોજિત સંઘના ત્રણ દિવસીય અખિલ ભારતીય સમન્વય બેઠકના અંતિમ દિવસે આ વાત કરી હતી. RSSની ચાર વાર્ષિક સભાઓ પૈકી એક આ સમન્વય બેઠક પણ છે.

**સમન્વય બેઠક :** સામાન્ય રીતે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં યોજાતી આ મીટિંગનો હેતુ સંઘ અને તેની અન્ય સંસ્થાઓ વચ્ચે શાબ્દિક રીતે 'સંકલન' માટે હોય છે અને તેમની વચ્ચે કોઈપણ સંઘર્ષ ટાળવા માટે તે હોય છે. મીટિંગના સૌથી મહત્ત્વપૂર્ણ ભાગોમાંનું એક ખુલ્લું સત્ર છે, જેમાં પ્રતિનિધિઓ વિવિધ મુદ્દાઓ પર તેમની ચિંતાઓ વ્યક્ત કરે છે.

પલક્કડમાં યોજાયેલી આ બેઠકમાં રાષ્ટ્ર સેવિકા સમિતિ, વનવાસી કલ્યાણ આશ્રમ, વિશ્વ હિન્દુ પરિષદ (VHP), અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, ભાજપ, ભારતીય કિસાન સંઘ, વિદ્યા ભારતી, સંઘ, વિદ્યા ભારતી, અખિલ ભારતીય સાહિત્ય પરિષદ વગેરે સહિત ૩૨ સંસ્થાઓના ૨૩૦ પ્રતિનિધિઓ હાજર રહેવાના હતા અને સંઘના કેન્દ્રીય કાર્યકારી મંડળ (કેન્દ્રીય કાર્યકારી સમિતિ)ના સભ્યો પણ હતા.

બીજેપી તરફથી આ મીટિંગમાં પાર્ટી અધ્યક્ષ જે.પી. નડ્ડા, જનરલ સેક્રેટરી (સંગઠન) બી.એલ. સંતોષ અને તેમના ડેપ્યુટી શિવ પ્રકાશ હાજર હતા. ૨૦૧૪માં પાર્ટી સત્તામાં આવી ત્યારથી આ બેઠકે મીડિયામાં ઘણો રસ પેદા કર્યો છે. દાખલા તરીકે આંધ્ર-કર્ણાટક સરહદના મંત્રાલયમ ગામમાં યોજાયેલી ૨૦૧૮ની બેઠકમાં બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવા જેવા મુખ્ય સંઘ પરિવારના વચનો પૂરા કરવામાં સરકારની નિષ્ફળતા બદલ ભાજપના વડા અમિત શાહની ટીકા કરવામાં આવી હતી. આગામી વર્ષની ચૂંટણીમાં સત્તામાં પાછા ફર્યા બાદ ભાજપની આગેવાની હેઠળની સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રથમ મોટા પગલાઓમાંની એક આ કલમને રદ કરવાની હતી, જેણે જમ્મુ અને કાશ્મીર રાજ્યને વિશેષ દરજ્જો આપ્યો હતો.

આ વર્ષે કેરળમાં સૌપ્રથમ વખત સમન્વય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગયા વર્ષની બેઠક પુણે, મહારાષ્ટ્રમાં યોજાઈ હતી.

**પ્રતિનિધિ સભા :**

અખિલ ભારતીય પ્રતિનિધિ સભા (ABPS), સામાન્ય રીતે માર્ચના પ્રથમ પખવાડિયામાં યોજાતી સંઘની સૌથી મોટી વાર્ષિક સભા છે, જ્યાં સંગઠનાત્મક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવે છે અને તેની ભવ્ય વ્યૂહરચનાની સાથે તેનું આયોજન કરવામાં આવે છે, પાછલા વર્ષની સંઘની પ્રવૃત્તિઓની સમીક્ષા કરવામાં આવે છે અને મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ઠરાવો કરવામાં આવે છે. દાખલા તરીકે ગુજરાતમાં કર્ણાવતીમાં આયોજિત ૨૦૨૨ એબીપીએસમાં આરએસએસએ ૨૦૨૫ સુધીમાં દેશભરમાં ઓછામાં ઓછી ૧ લાખ શાખાઓ (ગ્રાસરૂટ યુનિટ) ખોલવાનું લક્ષ્ય નક્કી કર્યું હતું. નાગપુરમાં આયોજિત આ વર્ષે એબીપીએસમાં કરાયેલી રજૂઆતો દર્શાવે છે કે, આરએસએસ હાલમાં દેશભરમાં ૭૩,૦૦૦થી વધુ શાખાઓનું નેટવર્ક ધરાવે છે.

ABPSએ એક મંચ પણ છે જેમાં મે-જૂન મહિનામાં યોજાતી સંઘની વાર્ષિક તાલીમ શિબિરો (કાર્યકર્તા વિકાસ વર્ગ અને સંઘ શિક્ષા વર્ગ)નું આયોજન અને ચર્ચા કરવામાં આવે છે.

સંઘનું સર્વોચ્ચ નીતિ-નિર્માણ મંચમાં દેશના મોટાભાગના જિલ્લાઓમાંથી પ્રતિનિધિઓ તેમજ વિદેશમાં કામ કરતા પ્રચારકોની હાજરી હોય છે અને ૧૫૦૦થી વધુ પ્રતિનિધિઓની સહભાગિતા હોય છે. આ પ્રતિનિધિઓમાં મોટાભાગના સક્રિય સ્વયંસેવકો અને અખિલ ભારતીય પ્રતિનિધિઓ હોય છે. એક પ્રાંતીય પ્રતિનિધિ (રાજ્ય પ્રતિનિધિ) લગભગ ૫૦ સક્રિય સ્વયંસેવકોનું પ્રતિનિધિત્વ કરે છે અને અખિલ ભારતીય પ્રતિનિધિ ૨૦ પ્રાંતીય પ્રતિનિધિઓનું પ્રતિનિધિત્વ કરે છે.

અન્ય પ્રતિનિધિઓમાં સંઘની રાષ્ટ્રીય કારોબારીના સભ્યો, ક્ષેત્ર અને પ્રાંત (રાજ્ય) કારોબારીઓ, ABPSના સભ્યો, તમામ વિભાગ પ્રચારકો અને RSS-સંલગ્ન વિવિધ સંસ્થાઓના અમુક પદાધિકારીઓનો સમાવેશ થાય છે. વિશ્વ હિંદુ પરિષદ સામાન્ય રીતે લગભગ ૪૦ પ્રતિનિધિઓને મોકલે છે, જે આરએસએસના સહયોગીઓમાં સૌથી વધુ હોય છે. ABPS દેશભરના અનેક સ્થળોએ યોજાય છે. દર ચાર વર્ષે એકવાર તે આરએસએસના જન્મસ્થળ નાગપુરમાં બેઠક યોજાય છે.

**જુલાઈની બેઠક :**

આ પ્રાંત પ્રચારક બેઠક જે આરએસએસ વર્તુળોમાં 'જુલાઈ બેઠક' તરીકે વધુ પ્રખ્યાત છે, તે સામાન્ય રીતે જુલાઈના મધ્યમાં ત્રણ દિવસ સુધી યોજાય છે. આ મીટિંગ કેવળ સંગઠનાત્મક મુદ્દાઓને ઉકેલવા માટે હોય છે અને તે સંઘની વાર્ષિક તાલીમ શિબિરો પછી અને તેના ગુરૂ દક્ષિણા કાર્યો (વાર્ષિક કાર્યક્રમો જેમાં સંઘ સંગઠનાત્મક ખર્ચ માટે ભંડોળ એકત્ર કરે છે) તે પહેલાં થાય છે.

જુલાઈ બેઠકમાં પ્રાંત પ્રચારક અને તેનાથી ઉપરના હોદ્દા ધરાવતા લોકો હાજરી આપે છે. પ્રચારક એવી વ્યક્તિઓ છે જેઓ આરએસએસ માટે પૂર્ણ-સમય માટે, કોઈપણ મહેનતાણું લીધા વિના કામ કરે છે. આ બેઠકમાં કુલ ૧૫૦ જેટલા પ્રતિનિધિઓ હાજરી આપે છે. આરએસએસના કાર્યકર્તાઓની બદલી અને મોટા સંગઠનાત્મક ફેરફારની જાહેરાત મોટાભાગે આ બેઠકમાં અને દિવાળીની બેઠક દરમિયાન કરવામાં આવે છે. ઝારખંડના રાંચીમાં આ વર્ષે જુલાઈ બેઠક યોજાઈ હતી. ગયા વર્ષે તમિલનાડુના ઉધગમમંડલમ (ઉટી)માં આ બેઠક યોજાઈ હતી.

**દિવાળી બેઠક :**

કેન્દ્રીય કાર્યકારી મંડળ (KKM) સામાન્ય રીતે દીપાવલીના તહેવારની આસપાસ ઓકટોબર-નવેમ્બરમાં યોજાય છે. તેમાં આરએસએસના ટોચના નેતૃત્વ અને તેના ઉપરોક્ત અનુશાંગિક સંગઠનોના પ્રતિનિધિઓ સહિત લગભગ ૩૦૦ પ્રતિનિધિઓ હાજરી આપે છે. તેમાં મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર વાત કરવામાં આવે છે અને મોટાભાગના RSS ઠરાવો KKM અને ABPS દરમિયાન ચર્ચા અને પસાર કરવામાં આવે છે. દાખલા તરીકે નાગપુરમાં યોજાયેલ ૧૯૫૦ KKMમાં સંખ્યાબંધ મુદ્દાઓ પર સાત ઠરાવો પસાર થયા હતા. તેમાં ઠરાવ ૭ ખાસ કરીને રસપ્રદ હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે, પ્રજાસત્તાક દિવસ ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ને દેશની સરકાર સાથે બ્રિટિશ તાજના તમામ જોડાણને તોડી નાખવાના દિવસ તરીકે સમગ્ર દેશમાં સંઘની તમામ શાખાઓમાં ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. સંઘના નેજા હેઠળ યોજાતી યોગ્ય બેઠકો અને સમારંભમાં રાજ્ય ધ્વજ લહેરાવવો અને સલામી, પ્રસંગને અનુરૂપ ભાષણો અને સમાપન સમયે 'વંદે-માતરમ'નો સમાવેશ થવો જોઈએ. આ બેઠક જાન્યુઆરીની શરૂઆતમાં યોજાઈ હતી. ગયા વર્ષે ગુજરાતના ભૂજમાં યોજાયેલ દિવાળી બેઠકમાં કોઈ ઠરાવ પસાર થયો ન હતો.

**- શ્યામલાલ યાદવ**

**(સૌ. :- ઈન્ડિયન એક્સપ્રેસ.કોમ)**

# IC-814 વેબ સિરીઝ વિવાદ પછી I&B મંત્રાલયની નેટફ્લિક્સને ધાર્મિક લાગણીઓને ધ્યાનમાં રાખવા ટકોર

**૨૯ ઓગસ્ટથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમિંગ શરૂ થયેલી આ શ્રેણી, ભારતીય એરલાઈન્સની ફ્લાઈટના પાંચ હાઈજેકરોને કોડ નામો - ચીફ, ડોક્ટર, બર્ગર, ભોલા અને શંકરનો ઉપયોગ કરીને એકબીજાને સંબોધતા બતાવે છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય (I&B)એ સોમવારે (૨ સપ્ટેમ્બર) વેબ સિરીઝ IC-814 : ધ કંદહાર હાઈજેકને લગતા વિવાદ અંગે નેટફ્લિક્સના પ્રતિનિધિઓને બોલાવ્યા. મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે, આ વિવાદ ૧૯૯૯ના હાઈજેકીંગમાં સામેલ પાકિસ્તાની આતંકવાદીઓ દ્વારા ઉપનામ તરીકે ઉપયોગમાં લેવાતા 'હિન્દુ નામો' પર છે, જેના કારણે નેટફ્લિક્સના પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા હતા. ૨૯ ઓગસ્ટથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમિંગ શરૂ થયેલી આ શ્રેણી, ભારતીય એરલાઈન્સની ફ્લાઈટના પાંચ હાઈજેકરોને કોડ નામો - ચીફ, ડોક્ટર, બર્ગર, ભોલા અને શંકરનો ઉપયોગ કરીને એકબીજાને સંબોધતા બતાવે છે. ૬ જાન્યુઆરી, ૨૦૦૦ના ગૃહ મંત્રાલયના નિવેદન અનુસાર આ ખરેખર એવા કોડ નામ હતા જેનો ઉપયોગ હાઈજેકર્સ દ્વારા કરવામાં આવ્યો હતો જેઓ હરકત-ઉલ-મુજાહિદ્દીન આતંકવાદી જૂથના હતા. શંકર અને ભોલા ઉપનામોના ઉપયોગ સામે વાંધો ઉઠાવનારાઓમાં ભાજપના કેટલાય નેતાઓનો સમાવેશ થાય છે. I&B મંત્રાલય સૂત્રોએ મીડિયાને જણાવ્યું હતું કે, નેટફ્લિક્સ પ્રતિનિધિઓને ટકોર કરવામાં આવી હતી કે, તેઓએ લોકોની ધાર્મિક લાગણીઓ અને સંવેદનશીલતાને ધ્યાનમાં રાખવી જોઈએ. I&B મંત્રાલય દ્વારા નેટફ્લિક્સ પ્રતિનિધિઓને શ્રેણીની આસપાસના વિવાદને દૂર કરવા માટે કહેવામાં આવ્યું છે.

# છત્તીસગઢ : સુરક્ષા દળો સાથે અથડામણમાં છ મહિલા સહિત નવ માઓવાદી માર્યા ગયા

> **માર્યા ગયેલા તમામ નક્સલવાદીઓ યુનિફોર્મમાં છે તેમની પાસેથી મોટી માત્રામાં ઘાતક હથિયારો મળી આવ્યા છે**

(એજન્સી) રાયપુર, તા.૩

છત્તીસગઢમાં નક્સલવાદીઓ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા અભિયાનમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. સર્ચ ઓપરેશન દરમિયાન દંતેવાડા-બીજાપુર બોર્ડર પર સેનાના જવાનો અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ ચાલી રહી છે. બંને તરફથી ગોળીબાર થઈ રહ્યો છે. દંતેવાડા પોલીસના જણાવ્યા અનુસાર ૯ નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે અને માર્યા ગયેલા તમામ નક્સલવાદીઓ યુનિફોર્મમાં છે. તેમની પાસેથી મોટી માત્રામાં ઘાતક હથિયારો મળી આવ્યા છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણમાં અત્યાર સુધીમાં ૯ વર્દીધારી નક્સલવાદીઓ માર્યા ગયા છે. ઘટનાસ્થળેથી હથિયારો સહિત મોટી માત્રામાં નક્સલ સામગ્રી મળી આવી છે. અધિકારીએ જણાવ્યું કે, દંતેવાડા જિલ્લા અને બીજાપુરના સરહદી વિસ્તાર પર પશ્ચિમ બસ્તર ડિવિઝન નજીક માઓવાદીઓની હાજરીની માહિતી મળી હતી. માહિતી મળતાં જ એક સંયુક્ત પોલીસ પાર્ટીએ સર્ચ ઓપરેશન કર્યું, જે દરમિયાન નક્સલવાદીઓ સાથે એન્કાઉન્ટર થયું.

આજે મંગળવારે સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યાથી સુરક્ષા દળ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર DRG અને CRPFની સંયુક્ત ટીમ નક્સલ વિરોધી પેટ્રોલિંગ સર્ચ પર ગઈ હતી. સર્ચ દરમિયાન નક્સલવાદીઓ સાથે એન્કાઉન્ટર થયું હતું. અત્યાર સુધીમાં ૯ ગણવેશધારી અને હથિયારધારી નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. પોલીસ અધિકારીએ કહ્યું કે, ઓપરેશનમાં સામેલ તમામ સૈનિકો હવે સુરક્ષિત છે. સર્ચ ઓપરેશન ચાલુ છે.

છત્તીસગઢમાં સુરક્ષા દળો સતત નક્સલવાદીઓ વિરુદ્ધ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. ૨૪ ઓગસ્ટે છત્તીસગઢની મુલાકાત દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યને નક્સલવાદથી સંપૂર્ણ મુક્ત કરવાની વાત કરી હતી. તેમણે સાત રાજ્યોના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને નક્સલવાદીઓને ખતમ કરવાની રણનીતિ ઘડી હતી. દંતેવાડા પોલીસના જણાવ્યા અનુસાર આ વર્ષે નક્સલવાદીઓ સાથે અલગ-અલગ એન્કાઉન્ટરમાં ૧૫૪ નક્સલવાદીઓ માર્યા ગયા છે. નક્સલવાદીઓ વિરુદ્ધ અભિયાન તેજ કરવામાં આવ્યું છે.

# ઝેલેન્સ્કીનો દાવો, પોલટાવા શહેર પર રશિયાના બેલેસ્ટીક મિસાઈલ હુમલાથી ૪૧નાં મોત : ૧૮૦ ઘાયલ

> **હોસ્પિટલ અને એક શિક્ષણ સંસ્થાની બિલ્ડીંગ પર બે મિસાઈલ ત્રાટકી અને મોટાભાગની બિલ્ડીંગને નુકસાન**

(એજન્સી) નવી દિલ્હી,તા.૩

યુક્રેનના પ્રમુખ વી. ઝેલેન્સ્કીએ આજે માહિતી આપી હતી કે પોલટાવા સિટી પર રશિયાના મિસાઈલ હુમલાથી ૪૧ લોકોનાં મોત થયા હતા અને ૧૮૦ લોકો ઘવાયા હતા. હુમલાથી એક લશ્કરી શિક્ષણ સંસ્થાની બિલ્ડીંગ અને હોસ્પિટલની ઈમારતને નુકસાન થયું હતું તેવા મને પ્રાથમિક અહેવાલો મળ્યા છે.

આ હુમલાને કારણે હજુ મૃત્યુઆંક વધી શકે છે. એક દૂરસંચાર બિલ્ડીંગ મોટા ભાગે નાશ પામી છે. બે મિસાઈલ હોસ્પિટલ અને શિક્ષણ સંસ્થા પર પડી હતી તેમ યુક્રેનના સુરક્ષા મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. બે એલાર્મ વચ્ચેના ખાલી ગાળામાં ભયાનક હુમલા થયા હોવાથી બોમ્બ સેલ્ટરમાં રહેલા લોકો ફસાઈ ગયા હતા અને કાટમાળની હેઠળ દબાઈ ગયા હતા.

# એટલાસ સાયકલ કંપનીના પૂર્વ પ્રમુખનો દિલ્હીમાં જાતે ગોળી ધરબી દઈ આપઘાત : સુસાઈડ નોંધ મળી આવી

**એટલાસ સાયકલના પૂર્વ પ્રમુખ સલીલ કપૂર (૭૦)એ દિલ્હીના વૈભવી વિસ્તારમાં એપીજે અબ્દુલ કલામ માર્ગ પર આવેલા પોતાના નિવાસી સ્થાને આત્મહત્યા કરી લીધી હોવાનું જાહેર**

(એજન્સી) નવી દિલ્હી તા.૩

પ્રતિષ્ઠિત એટલાસ સાયકલ કંપનીના પૂર્વ પ્રમુખ સલીલ કપૂરએ (૭૦) દિલ્હીના વૈભવશાળી લુતીયન્સ વિસ્તારમાં એપીજે અબ્દુલ કલામ માર્ગ પર આવેલા પોતાના નિવાસી સ્થાને જાતે ગોળી ધરબી દઈ આત્મહત્યા કરી લીધી હોવાનું પોલીસ અધિકારીઓએ જાહેર કર્યું હતું. ઘટનાની જાણ થતા બપોરે ૨:૩૦ વાગ્યે પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને શરીર કપુરના ઘરમાંથી સુસાઈડ નોટ પણ મળી આવી હતી. પ્રારંભિક તપાસમાં બહાર આવ્યું હતું કે, એમના ત્રણ માળના ખાલી શાન આવાસમાં તેમણે લમણા પર રિવોલ્વર રાખીને ગોળી છોડી હતી અને સ્થળ પર જ એમનું મૃત્યુ થયું હતું. સુસાઈડ નોટથી પોલીસને જાણવા મળ્યું હતું કે કેટલાક લોકોની હેરાનગતિ હોવાનું તેમણે સુસાઈડ નોંધમાં લખ્યું હતું. દિલ્હી પોલીસે તેમની નોંધો જોઈને વધુ તપાસ શરૂ કરી છે. ૨૦૧૫માં દિલ્હી પોલીસની આર્થિક અપરાધ શાખા દ્વારા રૂા.૯ કરોડની છેતરપિંડીના આરોપસર ઉત્તરાખંડ માંથી સલીલ કપૂરની ધરપકડ કરવામાં આવી હતી. બે કેસ બદલ તેમની ધરપકડ થઈ હતી. પ્રથમ કેસમાં સતિન્દરનાથ મૈરા નામની વ્યક્તિએ એવો આક્ષેપ કર્યો છે કે તેમણે રોકાણ કરવા માટે સલીલ કપૂરના પરિવારના મિત્ર પ્રશાંત કપૂરને રૂા.૧૩ કરોડ આપ્યા હતા. એ નાણા પાછા માંગ્યા ત્યારે સલીલ કપૂરે ૭ જેટલા આગની તારીખના ચેક આપ્યા હતા પણ બધા ચેક બેંકમાંથી પાછા ફર્યા હતા. એ દરમિયાન સાકેતની અદાલતે એમને ભાગેડુ ગુનેગાર જાહેર કર્યા હતા. બીજો કેસ એવો છે કે એક સુનિતા બંસલ નામની મહિલાએ પોતાની સાથે રૂા.૪ કરોડની છેતરપિંડી કર્યાનો સલીલ કપૂર પર આરોપ મૂક્યો હતો.

# યુપીમાં ગૌહત્યા કરવા જઈ રહેલા બે આરોપીની પોલીસ એન્કાઉન્ટર બાદ ધરપકડ

(એજન્સી) બાંદા, તા.૩

ઉત્તરપ્રદેશના ફતેહપુર જિલ્લામાં પોલીસે એન્કાઉન્ટરમાં ગૌહત્યા કરવા જઈ રહેલા બે અપરાધીઓ દબોચાઈ ગયા હતા. એમ પોલીસ અધિકારીઓએ જાહેર કર્યું હતું. હથગવન પોલીસ સ્ટેશનના અધિકારી વૃંદાવન જણાવ્યું હતું કે પોલીસને બાતમી મળી હતી કે કેટલાક શખશો ઈંટના ભઠ્ઠામાં ગાયની હત્યા કરવા જઈ રહ્યા છે આથી પોલીસની ટુકડી સ્થળ પર પહોંચી ગઈ હતી અને એ લોકોને ઘેરી લીધા હતા. બદમાશોએ પોલીસ પર ગોળીબાર શરૂ કર્યો હતો એટલે પોલીસે પણ વળતો ગોળીબાર કર્યો હતો જેમાં મહેફૂઝ ઉર્ફે કલ્લુ (૪૦) અને મહેમુદ હસન (૪૪)ને પગમાં ઈજા થઈ હતી એટલે બંનેની ધરપકડ કરીને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ગાયને પણ બચાવી લીધી હતી. સ્થળ પરથી બે દેશી બનાવટની પિસ્તોલ અને ગાયને હલાલ કરવા માટે વપરાનારા સાધનો પણ પોલીસે કબજે કરી લીધા હતા. નેસ વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. પોલીસે કયા મુજબ મહેફૂઝ રીઢો અપરાધી છે અને તેની સામે ૧૩ ગુના દાખલ થયેલા છે.

# રાષ્ટ્રપતિ મુર્મુનું મુંબઇમાં આગમન : NCP (SP)એ 'શક્તિ બિલ'ના અમલીકરણના વિલંબ માટે વિરોધ પ્રદર્શન કર્યું

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મુંબઇ પહોંચ્યાં, ત્યારે NCP (SP)ના નેતાઓ સુપ્રિયા સુલે અને અનિલ દેશમુખે પાર્ટીના કાર્યકરો સાથે બળાત્કારીઓને ફાંસીની સજા સૂચવતા શક્તિ બિલના અમલમાં વિલંબ કરવા બદલ મહારાષ્ટ્ર સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું, આ બિલ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની MVA સરકાર દ્વારા પસાર કરવામાં આવ્યું હતું**

(એજન્સી) મુંબઇ, તા.૩

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મંગળવારે તેમના મહારાષ્ટ્ર પ્રવાસ દરમિયાન મુંબઈ પહોંચ્યા તે દિવસે NCP (SP)ના નેતાઓ સુપ્રિયા સુલે અને અનિલ દેશમુખે પાર્ટીના કાર્યકરો સાથે 'શક્તિ બિલ'ના અમલમાં વિલંબ કરવા બદલ સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. એમવીએ સરકાર દ્વારા પસાર કરાયેલા આ બિલમાં બળાત્કારીઓ માટે મૃત્યુદંડની જોગવાઈ છે. આ વિરોધીઓએ દક્ષિણ મુંબઈમાં મંત્રાલય પાસે 'શક્તિ એક્ટ' લાગુ કરવાની માગણી કરતા પ્લેકાર્ડ પ્રદર્શિત કરીને પ્રદર્શન કર્યું હતું અને કહ્યું કે, તે મહિલાઓની સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ છે અને તેનો વહેલી તકે અમલ થવો જોઈએ. સાંસદ સુપ્રિયા સુલેએ કહ્યું કે, મહારાષ્ટ્રમાં મહિલાઓ વિરુદ્ધ હિંસામાં વધારો થઈ રહ્યો છે. એમવીએ સરકારે મહિલાઓ વિરુદ્ધ અપરાધ રોકવા માટે શક્તિ કાયદો ઘડ્યો હતો, જો કે, મહાયુતિ સરકારે હજુ સુધી તેનો અમલ કર્યો નથી. જ્યારે શક્તિ બિલ પસાર થયું ત્યારે ગૃહપ્રધાન હતા અનિલ દેશમુખે કહ્યું કે, અમે ત્રણ વર્ષ પહેલાં ઉદ્ધવ ઠાકરે સરકારના નેતૃત્વમાં બિલ પાસ કર્યું હતું અને બિલને દિલ્હી




મોકલ્યું હતું. છેલ્લા ત્રણ વર્ષથી આ બિલ દિલ્હીમાં પેન્ડિંગ છે. મેં દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખ્યો છે કારણ કે, તેઓ સત્તામાં છે અને મહારાષ્ટ્રમાં લાગુ કરવા કહ્યું છે. જો સીએમ એકનાથ શિંદે આ બાબતે ધ્યાન નહીં આપે તો અમે આ જ રીતે રાજ્યપાલના ઘરે વિરોધ કરીશું.

તાજેતરના બદલાપુર શાળાના જાતીય શોષણના કેસ પર પ્રતિક્રિયા આપતા શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, શક્તિ બિલ કે જે એમવીએ સરકારે રાજ્યમાં મહિલાઓની સુરક્ષા વધારવા માટે હતું પરંતુ તેમની સરકાર પડી ભાંગી હોવાથી તેનો અમલ થઈ શકયો નથી. શક્તિ બિલમાં બાળકો અને મહિલાઓ પર અત્યાચાર માટે મૃત્યુદંડની જોગવાઈ છે. આ બિલને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની કેબિનેટ દ્વારા મંજૂર કરવામાં આવ્યું હતું અને રાજ્ય વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું હતું. તે કેન્દ્ર સરકાર સમક્ષ મંજૂરી માટે પેન્ડિંગ છે.

# વડાપ્રધાન મોદીનું બ્રુનેઇના સુપર સમૃદ્ધ સુલ્તાન દ્વારા વિશ્વના સૌથી મોટા મહેલમાં ભવ્ય સ્વાગત

**બ્રુનેઈ ભારતના સિક્કિમ અને ત્રિપુરા જેવા રાજ્યોથી પણ નાનો દેશ પણ વ્યૂહાત્મક રીતે મહત્ત્વનો છતાં સુલ્તાનની અપાર સમૃદ્ધિ અને આલિશાન જીવન શૈલી હંમેશા બની રહે છે આકર્ષણનું કેન્દ્ર**

(એજન્સી) તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જણાવ્યું હતું કે, બ્રુનેઈ અને સિંગાપોર ભારતની 'એક્ટ ઈસ્ટ' નીતિ અને ઈન્ડો-પેસિફિક માટેના વિઝનમાં મહત્ત્વપૂર્ણ ભાગીદારો છે. મોદી હાઈડ્રોકાર્બનથી લઈને સેમિકન્ડક્ટર સુધીના ક્ષેત્રોમાં સહયોગ વધારવા દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોની મુલાકાતે આવ્યા છે.

મોદી બ્રુનેઈની દ્વિપક્ષીય મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન છે. આ બોર્નિયો ટાપુ પર સ્થિત એક નાનકડો દેશ છે જેમાં લગભગ ૧૪,૦૦૦ ભારતીય ડાયસ્પોરા રહે છે. ભારતીય પક્ષે કહ્યું છે કે, તે બ્રુનેઈથી ગેસ સપ્લાય માટે લાંબાગાળાની અને અનુમાનિત વ્યવસ્થાને આગળ વધારવા માટે આતુર છે.

નવી દિલ્હીથી તેમના પ્રસ્થાન પહેલાં એક નિવેદનમાં મોદીએ બ્રુનેઈ અને સિંગાપોરને 'એક્ટ ઈસ્ટ' નીતિમાં 'મહત્ત્વના ભાગીદારો' તરીકે ગણાવ્યા અને કહ્યું કે, આ મુલાકાતો બંને દેશો અને આસિયાન ક્ષેત્ર સાથે ભારતની ભાગીદારીને વધુ મજબૂત બનાવશે. મોદીએ કહ્યું કે, અમે અમારા રાજદ્વારી સંબંધોના ૪૦ વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ, હું અમારા ઐતિહાસિક સંબંધોને નવી ઊંચાઈઓ સાથે આગળ વધારવા માટે મહામહિમ સુલતાન હાજી હસનલ બોલ્કિયા અને શાહી પરિવારના અન્ય પ્રતિષ્ઠિત સભ્યો સાથેની મારી મુલાકાત માટે આતુર છું. બ્રુનેઈની રાજધાની બંદર સેરી બેગવાનન પહોંચ્યા પછી મોદીનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને ક્રાઉન પ્રિન્સ અલ-મુહતાદી બિલ્લાહ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું, જેઓ વડાપ્રધાન કાર્યાલયના વરિષ્ઠ મંત્રી પણ છે. મોદી ભારતીય હાઈ કમિશનની નવી ઈમારતનું ઉદ્‌ઘાટન કરવા અને ઓમર અલી સૈફુદ્દીન મસ્જિદની મુલાકાત લેવાના છે જે આ દેશમાં એક રાષ્ટ્રીય સીમાચિહ્ન છે જેમાં મુઘલ સ્થાપત્યના ઘટકોને સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. બુધવારે મોદી બ્રુનેઈના સુલતાન અને વડાપ્રધાન હસનલ બોલ્કિયા સાથે વાટાઘાટ કરશે અને અવકાશ અને ઊર્જા જેવા



ક્ષેત્રોમાં સહકાર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે તેવી અપેક્ષા છે. નવી દિલ્હીના સ્પેસ પ્રોગ્રામમાં બ્રુનેઈનું વિશેષ સ્થાન છે. બંને પક્ષોએ આ ક્ષેત્રમાં ત્રણ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે અને ૨૦૦૦માં ભારતે બ્રુનેઈમાં એક ટેલિમેટ્રી ટ્રેકિંગ અને કમાન્ડ સ્ટેશનની સ્થાપના કરી હતી જે તેને ઉપગ્રહો અને રોકેટના તમામ પૂર્વ તરફના પ્રક્ષેપણને ટ્રેક અને મોનિટર કરવાની ટીકે આપે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, બ્રુનેઈમાં ચર્ચા દરમિયાન અંતરિક્ષ ક્ષેત્રમાં સહયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

બ્રુનેઈથી મોદી ૪ સપ્ટેમ્બરે મોડી રાત્રે સિંગાપોરની યાત્રા પર જશે. ભારત અને સિંગાપોર બંને આ મુલાકાત દરમિયાન લગભગ અડધો ડઝન સમજૂતીઓ પર હસ્તાક્ષર કરશે. જેમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ બનાવવા માટે સહયોગનો એક કરાર છે. મોદીની આ મુલાકાત ભારત-સિંગાપોર મંત્રી સ્તરીય રાઉન્ડ ટેબલની ગયા મહિને યોજાયેલી બેઠક પર આધારિત હશે, જેમાં સહયોગ માટે નવા ક્ષેત્રો તરીકે અદ્યતન ઉત્પાદન અને કનેક્ટિવિટી પર વાત કરવામાં આવી હતી.

મોદીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેઓ રાષ્ટ્રપતિ થર્મન શનમુગરત્નમ, વડાપ્રધાન લોરેન્સ વોંગ, વરિષ્ઠ પ્રધાન લી સિએન લૂંગ અને એમેરેટસ વરિષ્ઠ પ્રધાન ગોહ ચોક ટોંગને મળવા માટે ઉત્સુક છે. તેમણે કહ્યું કે, હું સિંગાપોરના વાઈબ્રન્ટ બિઝનેસ સમુદાયના નેતાઓ સાથે પણ મુલાકાત કરીશ. હું સિંગાપોર સાથેની અમારી વ્યૂહાત્મક ભાગીદારી, ખાસ કરીને અદ્યતન ઉત્પાદન, ડિજિટલાઈઝેશન અને વિકાસના નવા અને ઉભરતા ક્ષેત્રોમાં સંબંધો વધુ ગાઢ બનાવવા માટે રાહ જોઉં છું.

સિંગાપોર હાલમાં એસોસિએશન ઓફ સાઉથઈસ્ટ એશિયન નેશન્સ (આસિયાન)માં ભારતનું સૌથી મોટું વેપાર ભાગીદાર છે અને વિશ્વભરમાં છઠ્ઠું સૌથી મોટું વેપાર ભાગીદાર છે. આ ઉપરાંત સિંગાપોર ૨૦૨૩માં ભારતમાં સીધા વિદેશી રોકાણ (FDI)નો સૌથી મોટો સ્ત્રોત હતો અને ૨૦૦૦થી તેનું સંચિત રોકાણ ૧૬,૦૦૦ કરોડ ડૉલરનું છે. મલ્ટી-સેક્ટોરલ ટેક્નિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (બિમસ્ટેક) માટે બે ઓફ બંગાળ ઈનિશિયેટિવની સમિટમાં ભાગ લેવા થાઈલેન્ડ ગયા બાદ મોદી મૂળ સિંગાપોરની મુલાકાત લેવાના હતા. થાઈલેન્ડે આ સમિટને મુલતવી રાખ્યા પછી બ્રુનેઈ દેશને પણ મોદીના પ્રવાસ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવ્યું હતું.

# 'IC 814' વિવાદ : Netflixએ ઓપનિંગ ડિસ્ક્લેમરમાં હાઈજેકર્સના વાસ્તવિક નામ ઉમેર્યા

**Netflix શ્રેણી 'IC 814 : The Kandahar Hijack'ના અપડેટેડ ઓપનિંગ ક્રેડિટ્સમાં હવે બે હાઈજેકર્સના વાસ્તવિક નામોનો સમાવેશ થશે, જેમના 'હિન્દુ' કોડનામો મુદ્દે નિર્માતાઓની ટીકા કરવામાં આવી હતી**

(એજન્સી) તા.૩

સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ નેટફ્લિક્સે વેબ સિરીઝમાં આતંકવાદીઓના ચિત્રણના વિવાદ વચ્ચે 'IC 814 : ધ કંદહાર હાઈજેક'ની શરૂઆતની ક્રેડિટ અપડેટ કરી છે. અપડેટ કરાયેલ ક્રેડિટ્સમાં હવે બે હાઈજેકર્સના વાસ્તવિક નામો શામેલ હશે જેમના 'હિન્દુ' કોડનામોની ઉગ્ર ટીકા થઈ હતી.

જારી કરાયેલા એક નિવેદનમાં નેટફ્લિક્સના કન્ટેન્ટના વાઇસ-પ્રેસિડેન્ટ મોનિકા શેરગીલે જણાવ્યું હતું કે, "૧૯૯૯માં ઈન્ડિયન એરલાઈન્સ ફ્લાઈટ ૮૧૪ના હાઈજેકીંગથી અજાણ પ્રેક્ષકોના લાભ માટે, શરૂઆતના ડિસ્ક્લેમરમાં કોડ નામોને બદલે વાસ્તવિક નામો સમાવવા માટે અપડેટ કરવામાં આવ્યા છે. અપહરણકર્તાઓનું શ્રેણીમાંના કોડ નામો વાસ્તવિક ઘટના (sic) દરમિયાન ઉપયોગમાં લેવાયેલા કોડને પ્રતિબિંબિત કરે છે."

શેરગીલે જણાવ્યું હતું કે ડિસ્ક્લેમર સિવાય, શ્રેણીમાં અન્ય કોઈ ફેરફારો નથી. શેરગીલે ઉમેર્યું હતું કે પ્લેટફોર્મ તેમની વાર્તાઓમાં પ્રામાણિકતાનું પ્રતિનિધિત્વ કરવા માટે સંપૂર્ણ રીતે સમર્પિત છે." તેમણે કહ્યું, ભારતમાં વાર્તા કહેવાની સમૃદ્ધ સંસ્કૃતિ છે અને અમે આ વાર્તાઓ અને તેમના અધિકૃત પ્રતિનિધિત્વને પ્રદર્શિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ."

આ નિવેદન માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિકારીઓ સાથેની તેમની મીટિંગના કલાકો પછી આવ્યું છે, જેમાં તેમણે સમગ્ર મુદ્દા પર પોતાનું વલણ સમજાવ્યું હતું. અનુભવ સિન્હા દ્વારા દિગ્દર્શિત, 'IC 814'એ ૧૯૯૯માં ભારતીય એરલાઈન્સની ફ્લાઈટ IC-814ના હાઈજેકીંગનું નાટકીય રજૂઆત છે. નેપાળના કાઠમંડુના ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી દિલ્હી જઈ રહેલી ફ્લાઈટને પાંચ આતંકવાદીઓએ હાઈજેક કરી હતી. તત્કાલીન ભાજપની આગેવાની હેઠળની સરકાર આખરે માંગણીઓ માટે સંમત થયા અને ત્રણ હાઈ-પ્રોફાઈલ આતંકવાદીઓને મુક્ત કર્યા તે પહેલાં કટોકટી સાત દિવસ સુધી ચાલી હતી. પ્રેક્ષકોના એક વર્ગે નિર્માતાઓ પર આતંકવાદીઓના વાસ્તવિક નામોનો ઉલ્લેખ ન કરીને કથિત રીતે 'આતંકવાદ પર ઢાંકપિછોડો કરવાનો 'આરોપ લગાવ્યો હતો. શોમાં આતંકવાદીઓને 'ચીફ', 'ડૉક્ટર', 'શંકર', 'ભોલા' અને 'બર્ગર' તરીકે સંબોધવામાં આવે છે, જે હાઈજેક ઑપરેશન માટે તેમના કોડનેમ હતા. સરકારી રેકોર્ડ મુજબ, તેમના સાચા નામ ઈબ્રાહિમ



અથર, શાહિદ અખ્તર સઈદ, સન્ની અહેમદ કાઝી, ઝહૂર મિસ્ત્રી અને શાકિર હતા. તેઓ પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન હરકત-ઉલ-મુજાહિદ્દીન (HUM)ના સભ્યો હતા. સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ #BoycottNetflix હેશટેગ ટ્રેન્ડ કરવાનું શરૂ કર્યું, આરોપ લગાવ્યો કે 'IC 814' આતંકવાદીઓને હિંદુ તરીકે રજૂ કરીને હિન્દુ સમુદાયને બદનામ કરવાનો પ્રયાસ કરે છે. 'IC 814 : ધ કંદહાર હાઈજેક'માં નસીરૂદ્દીન શાહ, વિજય વર્મા, દિયા મિર્ઝા, પંકજ કપૂર, અમૃતા પુરી, મનોજ પાહવા, પત્રલેખા, કુમુદ મિશ્રા, આદિત્ય શ્રીવાસ્તવ અને અરવિંદ સ્વામી સહિતના કલાકારો છે. નેટફ્લિક્સ-સરકારી બેઠકમાં શું થયું ? માહિતી અને પ્રસારણ મંત્રાલયે નેટફ્લિક્સ ઈન્ડિયાના કન્ટેન્ટ ચીફ મોનિકા શેરગીલને વેબ સિરીઝના કથિત વિવાદાસ્પદ પાસાઓ વિશે સ્પષ્ટતા કરવા માટે તેની સમક્ષ હાજર થવાનો નિર્દેશ આપ્યો હતો. સૂત્રોએ મીડિયાને જણાવ્યું હતું આજે મંત્રાલયના અધિકારીઓ સાથેની તેમની બેઠક દરમિયાન, મોનિકા શેરગીલે સામગ્રીની સમીક્ષા કરવાની ખાતરી આપી હતી અને ખાતરી આપી હતી કે Netflix પરની ભવિષ્યની તમામ સામગ્રી રાષ્ટ્રની લાગણીઓ પ્રત્યે સંવેદનશીલ અને અનુરૂપ હશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, મીટિંગમાં સરકારે Netflix કન્ટેન્ટ હેડને કઠિન પ્રશ્નો પૂછ્યા, પૂછ્યું કે શા માટે હાઈજેકર્સના વાસ્તવિક નામો સ્પષ્ટ રીતે દર્શાવવા માટે કોઈ કૅપ્શન્સ અથવા રાઈડર્સ જારી કરવામાં આવ્યાં નથી. સરકારે એ પણ પૂછ્યું કે, શા માટે હાઈજેકર્સ "મક્કમ અને સંવેદનશીલ" દેખાતા હતા જ્યારે વાટાઘાટકારો "નબળા અને મૂંઝવણમાં" દેખાયા હતા.

# શું વડાપ્રધાન મોદી RSSના 'ગ્રીન સિગ્નલ' પછી 'કોંગ્રેસની બીજી ગેરંટી હાઈજેક' કરશે અને જાતિ વસ્તી ગણતરી શરૂ કરશે ? : જયરામ રમેશનો પ્રશ્ન

**RSSએ જાતિ-આધારિત વસ્તી ગણતરી માટે તેના સમર્થનનો સંકેત આપ્યો અને કહ્યું છે કે, તેનો ઉપયોગ રાજકીય અથવા ચૂંટણી હેતુ માટે થવો જોઈએ નહીં, કોંગ્રેસના નેતા જયરામ રમેશે RSSના આ વલણને 'શિક્ષણાત્મક' ગણાવ્યું છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)એ વિપક્ષની મુખ્ય માગણીઓ પૈકી એક જાતિની વસ્તી ગણતરીને સમર્થન આપવાના સંકેત આપ્યા પછી કોંગ્રેસ પક્ષે સંઘ અને ભારતીય જનતા પાર્ટીને કેટલાક પ્રશ્નો પૂછ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે X પર એક પોસ્ટમાં પૂછ્યું કે, હવે જ્યારે RSSએ લીલી ઝંડી આપી દીધી છે, ત્યારે શું બિનજૈવિક વડાપ્રધાન કોંગ્રેસની બીજી ગેરંટી હાઈજેક કરશે અને જાતિની વસ્તી ગણતરી કરશે ? તેમણે પ્રશ્ન કર્યો કે, શું સંઘ પાસે આ બાબતે 'વીટો પાવર' છે. સોમવારે RSSના પ્રચાર પ્રભારી સુનિલ આંબેકરે એક પ્રેસ કોન્ફરન્સમાં જાતિ આધારિત વસ્તી ગણતરી માટે તેના સમર્થનનો સંકેત આપ્યો હતો અને કહ્યું હતું કે, તેનો ઉપયોગ રાજકીય અથવા ચૂંટણીલક્ષી હેતુઓ માટે થવો જોઈએ નહીં. RSSના વલણને શિક્ષણાત્મક અથવા ઉપદેશ ગણાવતા રમેશે પૂછ્યું કે,



જ્યારે RSS કહે છે કે, ચૂંટણી પ્રચાર માટે જાતિ ગણતરીનો દુરૂપયોગ થવો જોઈએ નહીં ત્યારે તેનો અર્થ શું છે ? તે ન્યાયાધીશ છે કે અમ્પાયર છે ? ભાજપ માત્ર વિપક્ષો - કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દ્વારા જ નહીં પણ JD(U) અને લોકજનશક્તિ પાર્ટી (રામ વિલાસ) સહિત તેના પોતાના NDA સાથી પક્ષો તરફથી જાતિ ગણતરીની માંગનો સામનો કરી રહી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, જાતિની વસ્તી ગણતરી હાથ ધરવી અને પાક માટે લઘુત્તમ ટેકાના ભાવની કાયદેસર ગેરંટી પૂરી પાડવી એ ચૂંટણી પછી નવી કોંગ્રેસ સરકારના પ્રથમ બે નિર્ણયો અથવા 'ગેરંટી' હશે. રમેશે જ્ઞાતિની વસ્તી ગણતરી માટે પરવાનગી આપનાર RSS કોણ છે એવો પ્રશ્ન કર્યો અને કહ્યું કે, શું RSS પાસે જાતિની વસ્તી ગણતરી માટે કોઈ વીટો પાવર છે ? કોંગ્રેસના નેતાએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત ૫૦ ટકાની મર્યાદાને વટાવી દેવા માટે બંધારણીય સુધારાની જરૂરિયાત પર RSSના રહસ્યમય મૌન અંગે પણ વાત કરી હતી. RSSએ ભાજપ અને સંઘ વચ્ચેની સમસ્યાઓ અને સંકલનના અભાવ વિશે વાત કરી હતી. પરંતુ તેને કૌટુંબિક બાબત ગણાવી અને કહ્યું કે, આ સમસ્યાઓ ચર્ચા દ્વારા ઉકેલવામાં આવશે.

# ૨,૩૬,૦૦૦ કરોડ રૂપિયાના બિઝનેસના ડિરેક્ટર, તેના પિતા ગૌતમ અદાણી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

૮૪ અથવા આશરે ૭ લાખ કરોડ રૂપિયાની અંદાજિત કુલ સંપત્તિ સાથે ગૌતમ અદાણી ફોર્બ્સ દ્વારા ભારતના બીજા સૌથી ધનિક વ્યક્તિ અને વિશ્વના ૧૭મા સૌથી ધનિક વ્યક્તિ તરીકે સ્થાન ધરાવે છે. ગૌતમ અદાણી અદાણી ગ્રૂપના ચેરમેન છે, જેમાં નીચેના ક્ષેત્રોમાં સાત સાર્વજનિક રીતે વેપાર કરતી કંપનીઓનો સમાવેશ થાય છે : ઊર્જા, બંદરો અને લોજિસ્ટિક્સ, ખાણકામ અને સંસાધનો, ગેસ, સંરક્ષણ અને એરોસ્પેસ અને એરપોર્ટ. જૂથનું માર્કેટ કેપિટલાઈઝેશન આશરે ૨૪૨.૭૩ અબજ ડોલર (આશરે ૨૦ લાખ કરોડ રૂપિયા) છે. છેલ્લાં બે વર્ષથી ગૌતમ અદાણીના નાના પુત્ર જીતે અદાણી ડિજિટલ લેબ્સના ડિરેક્ટર અને ગ્રૂપ ફાઈનાન્સના વાઈસ પ્રેસિડેન્ટનો હોદ્દો સંભાળ્યો છે. આ લેખમાં વ્યવસાય વંશજનું અહીં વધુ વર્ણન કરવામાં આવ્યું છે. યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયામાં સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ એપ્લાઈડ સાયન્સમાં અભ્યાસ પૂરો કર્યા પછી જીત અદાણી



૨૦૧૯માં અદાણી ગ્રૂપમાં જોડાયો હતો. તેણે તેની કારકિર્દીની શરૂઆત મૂડી બજારો, જોખમ અને ગવર્નન્સ પોલિસી અને ગ્રૂપ CFOના સ્ટ્રેટેજિક ફાઈનાન્સના વિદ્યાર્થી તરીકે કરી હતી. ઓફિસ જૂન ૨૦૨૦માં તે અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સના ડિરેક્ટર બન્યા. ફોર્બ્સ અનુસાર અદાણી ભારતના સૌથી મોટા એરપોર્ટની માલિકી ધરાવે છે અને તેનું સંચાલન કરે છે, મુન્દ્રા પોર્ટ, જે તેના વતન ગુજરાતમાં સ્થિત છે જેની કિંમત ૨,૩૬,૦૦૦ કરોડ રૂપિયા છે. તેને જૂન ૨૦૨૧માં અદાણી ડિજિટલ લેબ્સના ડિરેક્ટર તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. તેની LinkedIn પ્રોફાઈલ મુજબ, તે હજુ પણ સક્રિયપણે તેની ફરજો બજાવી રહ્યો છે. તેની અધિકૃત વેબસાઈટ અનુસાર, અદાણી ડિજિટલ લેબ્સ, જીતની આગેવાની હેઠળ, અદાણી ગ્રુપના દરેક ગ્રાહકની જરૂરિયાતોને પૂર્ણ કરતી એક અદ્‌ભૂત એપ બનાવવા માટે તૈયાર થઈ રહી છે. મલ્ટિબિલિયન-ડોલરની કંપનીની દેખરેખ રાખવા ઉપરાંત, જીતને ગિટાર વગાડવાનો શોખ છે અને મોંઘી કાર તેની નબળાઈ છે. આ ઉપરાંત તે એક મહત્ત્વાકાંક્ષી પાઈલટ છે જેણે ટ્વિટર પર તેની કેટલીક ઉડ્ડયન કૌશલ્યનું પ્રદર્શન કર્યું છે. જીત અને દિવા જૈમિન શાહની ૧૨ માર્ચ, ૨૦૨૩ના રોજ સગાઈ થઈ હતી. અદાણી પરિવારની વહુ સી.દિનેશ & કો.પ્રા.લિ.ના જાણીતા હીરા વેપારી જૈમિન શાહની પુત્રી છે. જીત અદાણી ગ્રૂપના ફાયનાન્સના વાઈસ પ્રેસિડેન્ટ છે. આ દંપતીએ ૨૦૨૪માં લગ્ન કર્યા હતા અને મિત્રો અને પરિવારની સામે અમદાવાદમાં એક અત્યંત ખાનગી સમારંભમાં તેમના યુનિયનની જાહેરાત કરી હતી.

# આ વ્યક્તિ ૧૦ વર્ષમાં કરોડપતિ બન્યો, માત્ર ૧૦મા ધોરણ સુધી જ ભણ્યો, IIT, IIM, VITમાંથી નથી, તેમનો રેસ્ટોરન્ટનો વ્યવસાય છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

પીટર થિયેલ, અમેરિકન અબજોપતિ અને પેપાલના સ્થાપકએ એકવાર નોંધ્યું હતું કે, રેસ્ટોરન્ટએ રોકાણ કરવા માટેનો સૌથી ખરાબ વ્યવસાય છે. તેમણે ઉગ્ર સ્પર્ધા, ધીમી વૃદ્ધિ અને નીચા વેતન જેવા કારણો ટાંક્યા હતા, જેના કારણે રેસ્ટોરન્ટ એક બિન આકર્ષિત રોકાણ બની જાય છે. જો કે, યુનાઈટેડ સ્ટેટ્સમાં એક ભારતીય ઈમિગ્રન્ટ માટે, રેસ્ટોરન્ટ ખોલવી એ એક જીવન બદલી નાખનાર નિર્ણય હતો, જેણે તેને કરોડપતિના દરજ્જા તરફ આગળ ધપાવ્યો.જ સુનિલ નામના એક ટ્વિટર વપરાશકર્તાએ તાજેતરમાં તેના ગુજરાતી મિત્રની પ્રેરણાદાયી વાર્તા શેર કરી કે જેઓ યુ.એસ.માં સ્થળાંતર કરીને ગુજરાતી રેસ્ટોરન્ટ ખોલી અને હવે આરામદાયક જીવનનો આનંદ માણે છે. સુનીલે રમૂજી રીતે તેની પોતાની સફરને તેના મિત્રની સફળતા સાથે સરખાવીને પ્રતિબિંબિત કર્યું. જ્યારે સુનીલ માસ્ટર ડિગ્રી ધરાવે છે અને પોડકાસ્ટ સાંભળવાનો શોખ ધરાવે છે ત્યારે તેનો મિત્ર, જેણે માત્ર ૧૦મા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો, તે નોંધપાત્ર ઉદ્યોગસાહસિક સફળતા હાંસલ કરવામાં સફળ રહ્યો. સુનિલે ટ્વિટર પર લખ્યું, એક પટેલ મિત્રને મળ્યો જે ન્યૂ જર્સીમાં રેસ્ટોરન્ટ ચલાવે છે. તે ૪૦ના દાયકાના અંતમાં અને ૧૦ પાસ હતો. હું માસ્ટર ડિગ્રી ધરાવતો એન્જિનિયર છું જે પોડકાસ્ટ સાંભળે છે. તેમની વાતચીત દરમિયાન, સુનિલે રેસ્ટોરન્ટ બિઝનેસ પર પીટર થિએલના દૃષ્ટિકોણનો ઉલ્લેખ કર્યો, ઉચ્ચ નિષ્ફળતા દર અને અણધાર્યા ગ્રાહકોને પ્રકાશિત કર્યા. જો કે, તેના મિત્ર પીટર થિએલ કોણ છે તેનાથી અજાણ હોવાનું જણાય છે, તેણે વિશ્વાસપૂર્વક આ કલ્પનાને ફગાવી દીધી. ગુજરાતી રેસ્ટોરન્ટના માલિકે સમજાવ્યું કે, તેના માટે રેસ્ટોરન્ટ ચલાવવી એ કરોડપતિ બનવાની ખાતરીપૂર્વકની રીત છે. તેણે ધ્યાન દોર્યું કે, તેની પાસે ઓછામાં ઓછાં ૫૦ પરિવારો છે જે વફાદાર ગ્રાહકો છે. થિએલની માન્યતાથી વિપરીત કે રેસ્ટોરન્ટના ગ્રાહકો અણધાર્યા છે, ઉદ્યોગસાહસિકે સમજાવ્યું કે, જો તેના ખોરાકમાં એક દિવસ મીઠાની અછત હશે, તો તેના ગ્રાહકો તેને વધુ ઉમેરવાનું કહેશે. તેઓ એક નાની ભૂલ પર તેની રેસ્ટોરન્ટમાં આવવાનું બંધ કરશે નહીં. રેસ્ટોરન્ટના માલિકે તેની સફળતાની એક ચાવી ઉમેરી, તે તેની સ્થાપનાનું વ્યૂહાત્મક સ્થાન છે. રોબિન્સવિલે ન્યૂ જર્સીમાં લોકપ્રિય સ્વામિનારાયણ મંદિરના માર્ગ પર સ્થિત, તેમની રેસ્ટોરન્ટ સતત ગ્રાહકોને આકર્ષે છે, જેમાં ન્યૂયોર્ક અને પેન્સિલવેનિયાના ઘણા ગુજરાતીઓ પણ મંદિરની મુલાકાત લે છે.



પ્રવાસીઓની બસો ઘણીવાર તેની રેસ્ટોરન્ટમાં થોભી જાય છે, જેમાં એક સમયે ૫૦-૭૫ લોકો આવે છે. તેમની દિનચર્યા સરળ છે : દરરોજ સવારે જાગીને દાળ, ચાવલ, રોટલી, સબઝી અને ઢોકળા જેવી પરંપરાગત વાનગીઓ રાંધવા. વર્ષોથી આ સીધા અભિગમે તેને કરોડપતિ બનાવી દીધો. સુનિલે તેના મિત્રની સફળતાની પ્રશંસા કરીને તેની પોસ્ટ સમાપ્ત કરી, નોંધ્યું કે તેને પોડકાસ્ટ સાંભળવા માટે MBA અથવા ઝંખનાની જરૂર નથી. તેના બદલે તે સામાન્ય સમજ, અંતર્જ્ઞાન અને ગણતરી કરેલ જોખમો લેવાની ક્ષમતાનું પરિણામ હતું. પોસ્ટ ઝડપથી વાયરલ થઈ ટ્વિટર પર ૩,૦૦,૦૦૦થી વધુ વ્યૂ મેળવ્યા. ઘણાં વપરાશકર્તાઓને સંદેશ ગમ્યો, જેમાં એક ટિપ્પણી સાથે મોટા ભાગના શિક્ષિત લોકો વિશ્લેષણની નિષ્ક્રિયતામાં અટવાયેલા છે- યોગ્ય શરૂઆતની રાહ જોઈ રહ્યા છે. જો તમે ફક્ત મૂળભૂત બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરી અને તે દિશામાં કામ કરવાનું ચાલુ રાખો, તો તમે ચોક્કસપણે તેને પ્રાપ્ત કરશો. અન્ય એક યુઝરે આવી જ સ્ટોરી શેર કરતા કહ્યું કે, એક મિત્રએ સોફ્ટવેર ડેવલપર તરીકેની નોકરીમાંથી કાઢી મૂક્યા પછી સ્ટોર્સ અને લોન્ડ્રોમેટ જેવા નાના વ્યવસાયો શરૂ કર્યા અને પહેલા કરતાં વધુ કમાણી કરી.

# અંકલેશ્વર SVEM શાળાની બેદરકારી, વરસાદી પાણી ભરાયા બાદ બાળકોને રજા અપાઈ


(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૩

ભરૂચ જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, જેના કારણે વરસાદી પાણીથી પ્રભાવિત થતી શાળાઓમાં રજા જાહેર કરવા માટે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી હતી પરંતુ અંકલેશ્વર એજ્યુકેશનલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત જલારામ નગરની સ્વામી વિવેકાનંદ ગુજરાતી માધ્યમ શાળા પાસે પાણી ભરાયા બાદ બાળકોને રજા આપવામાં આવી હતી. જે અંગેના વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા.

ભરૂચ જિલ્લામાં ભારે વરસાદને પગલે હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટની આગાહી કરવામાં આવી હતી, જેના પગલે અંકલેશ્વરમાં અઢી ઈંચ કરતા પણ વધુ વરસાદ ખાબક્યો હતો, વરસાદની આફતને જોતા ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ભરૂચ શહેરની શાળાઓમાં રજા જાહેર કરી હતી અને વરસાદના પાણીથી પ્રભાવિત થતા વિસ્તારની શાળાઓમાં પ્રિન્સિપાલ દ્વારા રજા અંગેનો નિર્ણય લેવા માટે જણાવવામાં આવ્યું હતું. પરંતુ અંકલેશ્વર શહેરના જલારામ નગર ખાતેની અંકલેશ્વર એજ્યુકેશનલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સ્વામી વિવેકાનંદ ગુજરાતી માધ્યમમાં શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવ્યું હતું, જોકે વરસાદી પાણી ભરાતા શાળા દ્વારા બાળકોના વાલીઓનો સંપર્ક કરીને રજા આપવામાં આવી હતી અને આ અંગેના વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. આ અંગે શાળાના આચાર્ય મિલેન્દ્રસિંહ કેસરોલાએ જણાવ્યું હતું કે, સવારના સમયે શાળા પાસે વરસાદી પાણી ભરાયા નહતા અને આ અંગે શાળાના સુપરવાઈઝર સાથે પણ ચર્ચા કરવામાં આવી હતી અને શાળામાં પરીક્ષા પણ હતી, જોકે ત્યાર બાદ વરસાદી પાણી ભરાવવાના કારણે તાત્કાલિક બાળકોના વાલીઓનો સંપર્ક કરીને શાળામાં રજા આપવામાં આવી હતી.

### જમીયત ઉલમા દ્વારા

# વાપીમાં રક્તદાન કેમ્પ યોજાયો

## કેમ્પમાં ૧૧૮ બોટલ રક્ત એકત્ર કરાયું



વાપી, તા.૩

૧લી સપ્ટેમ્બરે વાપીમાં સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ જમીયત ઉલમાં-એ-વાપી ટ્રસ્ટ અને લાયન્સ કલબ ઓફ વાપીના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પનું અયોજન કરવામાં આવ્યું હતું. જમીયત દ્વારા આ પ્રથમ રક્તદાન કેમ્પ હતો. જેમાં ૧૧૮ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓ રક્તદાન કરવા આવ્યાં હતાં. પરંતુ રક્તદાન માટે નિયત ઉંમર અને વજન તેમજ બ્લડ પ્રેશર, ડાયાબીટીસ જેવી બીમારી છે કે કેમ તે અગત્યનું પાસું હોય એવા ૫૦ થી વધુ રક્તદાતાઓનું રક્ત નહિ લેવામાં આવતા તેઓએ ભારે હૈયે પરત થવું પડ્યું હતું. રક્તદાન કેમ્પની આયોજક સંસ્થા એવી જમીયત ઉલમાંએ વાપી ટ્રસ્ટના પ્રમુખ ઈન્તેખાબ ખાન અને ખજાનચી અબ્દુલ વહાબ ખાને જણાવ્યું હતું કે, આ તેમની સંસ્થા તરફથી પ્રથમ કેમ્પ હતો. જે સફળ રહ્યો છે. રક્તદાતાઓનો ઉત્સાહ જોઈ આગામી દિવસોમાં પણ આ જ પ્રકારે રક્તદાન કેમ્પ કરતા રહેવાની પ્રેરણા મળી છે. મુસ્લિમ સમાજમાં આ રક્તદાન કેમ્પથી ખૂબ જ જાગૃતિ આવી છે. અન્ય મુસ્લિમ સમાજના આગેવાનોએ પણ આગામી સમયમાં બનતા પ્રયાસ સાથે રક્તદાન કેમ્પ યોજવાની ખાતરી આપી છે.

### વાલિયા અને હાંસોટ તાલુકાના

# અસરગ્રસ્ત ગામોના નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસી જવા અનુરોધ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૩

સમગ્ર રાજ્ય સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદ વરસી રહ્યો છે. જેના પગલે ભરૂચ વહીવટી તંત્ર, પોલીસ વિભાગ સહિત, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન વિભાગ એલર્ટ મોડમાં સતત કામગીરી કરી રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા ભરૂચ જિલ્લામાં ભારે વરસાદની આગાહીના પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. ભરૂચ જિલ્લામાં વિત્યા છેલ્લા મંગળવારના રોજ સવારના ૬:૦૦ કલાકે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સાથે જિલ્લાનો મોસમનો કુલ વરસાદ ૧૦૨૦.૧૧ મી.મી નોંધાવા પામેલ છે. તાલુકાવાર વરસાદની સ્થિતિ જોઈએ તો, જંબુસર તાલુકા ખાતે ૧૨ મી.મી. (૫૩૪), આમોદ ૧૪ મી.મી(૪૪૨), વાગરા ૮૯ મી.મી (૯૨૩)., ભરૂચ મી.મી ૧૮૫ (૧૧૩૭), ઝઘડિયા ૪૦ મી.મી. (૮૫૫), અંકલેશ્વર ૬૫ મી.મી.(૧૧૦૨), હાંસોટ ૩૩ મી.મી , (૧૨૨૭) વાલિયા ૨૯૭ મી.મી (૧૫૦૧), નેત્રંગ ૯૪ મી.મી. (૧૪૬૦) વરસાદ નોંધાયો છે. જયારે કૌંસમાં આપેલા આંકડા મોસમનો કુલ વરસાદ દર્શાવે છે. આજ રોજ સવારે છ થી ૧૦ વાગ્યા સુધીમાં તાલુકાવાર સ્થિતિ જોઈએ તો, જંબુસર તાલુકા ખાતે ૦૪ મી.મી. (૫૩૮), આમોદ ૨ મી.મી (૪૪૪), વાગરા ૧૫ મી.મી (૯૩૮)., ભરૂચ મી.મી ૧૫ (૧૧૫૨), ઝઘડિયા ૧૫ મી.મી. (૮૭૦), અંકલેશ્વર ૧૪ મી.મી.(૧૧૧૬), હાંસોટ ૧૧ મી.મી , (૧૨૩૮) વાલિયા ૧૫૨ મી.મી (૧૬૫૩), નેત્રંગ ૧૨૬ મી.મી. (૧૫૮૬) વરસાદ નોંધાયો છે. સાથે જિલ્લાનો મોસમનો કુલ વરસાદ ૧૦૫૯.૪૪ મી.મી નોંધાવા પામ્યો છે. વધુમાં, કીમ નદીના અસરગ્રસ્ત ગામ પાંજરોલી ગામની મામલતદાર હાંસોટે મુલાકાત લીધી હતી. જયારે વાલિયા તાલુકાના ડહેલી ગામે પણ મામલતદારે મુલાકાત કરી ગામના સરપંચ અને નાગરિકોને ગ્રામજનોને સચેત રહેવા અપીલ કરી હતી. ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકામાં પડેલા ભારે વરસાદને પગલે હાંસોટ તાલુકાના પાંજરોલી, ઓભા, આસરસા, ઈલાવ અને બાલોતા ગામમાં કીમ નદીની સપાટી વધી શકે છે. જેથી વાલિયા અને હાંસોટ તાલુકાના અસરગ્રસ્ત ગામોના નીચાણ વિસ્તારોમા રહેતા નાગરિકોને સલામત સ્થળે ખસી જવા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરી સ્થળાંતર સમયે તંત્રને સહયોગ કરવા વિનંતી કરવામાં આવી હતી. જિલ્લામાં વરસાદને પગલે વહીવટી તંત્ર સાબદુ કરવામાં આવ્યું છે.

### પૂરથી અસરગ્રસ્ત લોકોને આરોગ્યલક્ષી સેવાઓ

# નવસારી ખાતે આશ્રયસ્થાન પર આરોગ્ય કેમ્પ દ્વારા લોકોને દવાઓ અપાઈ



નવસારી, તા.૩

ગઈકાલથી પૂર્ણા નદીના ઉપરવાસમાં પડેલ ભારે વરસાદને પગલે નવસારી અને ગણદેવી તાલુકામાં નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ભરાયેલ હતા. નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી લોકોને સલામત રીતે આશ્રયસ્થાન પર ખસેડવામાં આવ્યા હતા. આશ્રયસ્થાન પર હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે તાત્કાલિક ધોરણે સતર્કતા રાખી અને રહેવા, જમવાની તથા આરોગ્યની જરૂરી વ્યવસ્થા કરવામાં આવી રહી હતી. આરોગ્ય વિભાગ સતર્ક રહી આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડી રહ્યું છે. નવસારી જિલ્લાના આશ્રયસ્થાન પર આરોગ્ય સ્ટાફ દ્વારા આરોગ્ય કેમ્પ કરી નાગરિકોની તપાસ કરી જરૂરી દવાઓ આપી હતી.

### બાર એસો.ના પ્રતિનિધિ મંડળ દ્વારા

# સિટી સર્વે કચેરીને વેરાવળમાં કાર્યરત કરવા કલેક્ટરને રજૂઆત



(સંવાદદાતા દ્વાર) વેરાવળ, તા.૩

વેરાવળ સિટી સર્વે કચેરીને શહેરથી ૧૦ કીમી દૂર ઈણાંજ ખસેડવામાં આવી હોય તે પરત શહેરમાં કાર્યરત કરવાની માંગ ઉપરાંત સિટી સર્વેની કામગીરીને ઉદ્દભવેલ અનેક પ્રશ્નો અંગે સાંસદને સાથે રાખીને બાર એસો.ના પ્રતિનિધિ મંડળ દ્વારા જિલ્લા કલેક્ટરને રૂબરૂ મળીને સવિસ્તાર રજૂઆત કરવામાં આવી છે. વેરાવળ બાર એસો.ના દેવાભાઈ ધારેચા, જયેશ પંડયા સહિતના પ્રતિનિધિ મંડળએ સાંસદ રાજેશ ચુડાસમાને સાથે રાખીને સિટી સર્વે કચેરીના પ્રશ્નોને લઈ જિલ્લા કલેકટરને રૂબરૂ મળી રજૂઆત કરી હતી. જેમાં વેરાવળમાં કાર્યરત સિટી સર્વે કચેરીને શહેરથી ૧૦ કીમી દૂર ઈણાંજ જિલ્લા સેવા સદન ખાતે ખસેડવામાં આવી છે. જેનાથી એડવોકેટ અને લોકોને નાના એવા કામ અર્થે લાંબો ધક્કો ખાવો પડી રહ્યો છે. જેના કારણે પૈસા અને સમય બંન્નો વેડફાવાની સાથે હેરાનગતિ થઈ રહી છે. જેથી સિટી સર્વે કચેરી શહેરમાં જ કાર્યરત રહેવી જોઈએ તેવી માંગ કરી હતી. આ ઉપરાંત સબ પ્લોટીંગ, પ્રોપર્ટી કાર્ડમાં વારસાઈ નોંધો પાડવા, ઉતરોતર પ્રોપટીકાર્ડની નોંધો પાડવાની કામગીરી જેવા પ્રશ્નોના લીધે મિલ્કત ધારકો તથા એડવોકેટ અનેક મુશ્કેલી અનુભવી રહ્યા હોય તેનું નિરાકરણ લાવવા માંગ કરી હતી. ત્યારે આ પ્રશ્નો સાંભળ્યા બાદ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ સિટી સર્વે કચેરીના અધિકારીને રૂબરૂ બોલાવીને સત્વરે પ્રશ્નો ઉકેલવા પ્રોપર્ટી કાર્ડમાં ઉતરોતર નોંધો પાડવા અંગે એસ.ઓ.પી. તૈયાર કરી તાત્કાલિક નિર્ણય લેવા મૌખિક સૂચના આપી હતી.

# ધોળકા ટાઉન પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક મળી



આગામી દિવસોમા આવનારા ગણપતિ મહોત્સવ, ગણપતિ વિસર્જન અને ઈદે મિલાદના પર્વો અમદાવાદ જિલ્લાના ધોળકા શહેરમાં દર વર્ષની જેમ કોમી એકતા અને ભાઈચારાનાં માહોલમાં ઉજવાય તે સંદર્ભે ધોળકા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે કોન્ફરન્સ હોલમાં શાંતિ સમિતિની મિટિંગ ધોળકા ટાઉન પીઆઈ જે. ડી. ડાંગરવાલાનાં અધ્યક્ષસ્થાને મળી હતી જેમાં ધોળકા શહેર શાંતિ સમિતિના હિન્દુ-મુસ્લિમ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમાં આ બંને પર્વો કોમી એકતા અને ભાઈચારાનાં માહોલમાં ઉજવવા ચર્ચા-વિચારણા કરવામાં કરવામાં આવી હતી. ટાઉન પીઆઈ જે. ડી. ડાંગરવાલાએ શાંતિ સમિતિના સભ્યો પાસેથી જરૂરી માહિતી મેળવી હતી. શાંતિ સમિતિના સભ્યોએ તેમના સૂચનો રજૂ કર્યા હતા. આ મિટિંગમાં પીએસઆઈ આર. બી. લીમ્બાચીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# પાલેજ સહિત પંથકમાં બે કલાકમાં ચાર ઈંચ વરસાદ ખાબક્યો

## હલદરવા ગામે ઘૂંટણસમા પાણી ભરાયા : ઘરવખરીને નુકસાન


(તસવીર : ઐયુબ મોદી, પાલેજ)

પાલેજ, તા.૩

પાલેજ સહિત પંથકમાં સોમવારે સમી સાંજે બે કલાકમાં ચાર ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. રાષ્ટ્રીય ધોરી માર્ગ ૪૮ ઉપર આવેલાં હલદરવા ભૂખી કાસનાં પાણી ગામના નવી વસાહતો સહિત જાહેર માર્ગો ઉપર ધસી આવ્યા હતાં. રાત્રીનાં અંધારામાં વરસાદી પાણીએ ચોમેર ગામને ઘેરી લીધું હતું. ગામમાં જવાનાં માર્ગો ઉપર ઘૂટણસમાં વરસાદી પાણી ભરાઈ જતાં અહીં વસવાટ કરતાં ગરીબ, મધ્યમ, મજૂરિયાત વર્ગોનાં લોકોનાં રહેઠાણોમાં પાણી ભરાઈ જતાં ઘરવખરીને ભારે નુકશાન થયું છે. ગ્રામજનો વરસાદી પાણી ભરાતા રાધ્યું ધાન રઝડી જતાં અંધારામાં અન્નનો કોળિયો પણ મારી શક્યા ન હતાં. ગામના રહીશોએ હલદરવા ગામની વરસાદી પાણીનાં નિકાલની સમસ્યાનો સત્વરે ઉકેલ લાવવા સરકારી તંત્રને અપીલ કરી હતી. ચોમાસા દરમિયાન બીજી ત્રીજી વાર તબાહીના દ્રશ્યો સર્જાયાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. પાલેજને જોડતાં ટંકારીયા કમ્બોલી ગામો સહિત નાં માર્ગો ઉપર બેફામ વરસાદી પાણી ફરી વળ્યાં હતાં. ભરૂચ સાથેનાં વાહન વ્યવહારમાં મોટી અડચણો સર્જાઈ હતી. ગત બપોર ભરૂચ ગયેલાં લોકોને સાંજે અચાનક પડેલાં ભારે વરસાદનાં કારણે વાહનો લઈ ઘરે પરત ફરવામાં બે બે કલાક સુધી વરસાદી પાણીમાં મુશ્કેલી સર્જાઈ હતી. મંગળવારે ઉઘાડ નીકળતાં વરસાદી પાણી માર્ગો ઉપરથી ઉતરી ગયા હતાં. બધું રાબેતા મુજબનો વાહન વ્યવહાર ચાલું થઈ ગયો હતો.

# વરતેજ જીઆઈડીસીમાં દારૂની ૧૭૬૯ બોટલ સાથે બે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૩

વરતેજની વિશ્વકર્મા જીઆઈડીસી નજીક આવેલ વાડી પાસેની અવાવરૂં જગ્યામાં દારૂનો જથ્થો ઉતારી જથ્થાને સગેવગે કરતાં બે શખ્સને એલસીબી પોલીસે ઝડપી લઇ દારૂનો જથ્થો તેમજ મોબાઇલ મળી કુલ રૂા. ૬.૯૩ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ એલસીબી પોલીસ સ્ટાફ ગત મોડી રાત્રે પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે, નરેશ સનાભાઈ બારૈયા (રહે. વરતેજ) અને અમજદ દિલાવર ખાન પઠાણ (રહે. અમરેલી)એ વરતેજમાં આવેલ વિશ્વકર્મા જીઆઈડીસી, રાજશક્તિ રોડલાઈન્સની પાછળના ભાગે આવેલ જગાભાઈ પટેલ નારીવાળાની વાડી પાસેની અવાવરૂં જગ્યામાં ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો રાખેલ છે અને આ જથ્થો સગેવગે કરવામાં આવશે.

આ બાતમીના આધારે એલસીબી ટીમે દરોડો પાડી દારૂની અલગ અલગ કંપનીની બોટલ નંગ-૧૭૬૭ કિં. રૂ.૬,૮૫,૩૪૦/- તેમજ બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૬,૯૩,૩૪૦/-ના મુદ્દામાલ સાથે નરેશ બારૈયા (રહે. વરતેજ) અને અમજદ પઠાણ (રહે. અમરેલી)ને ઝડપી લીધા હતા.

આ બંનેની પૂછપરછ કરતા વિદેશી દારૂનો જથ્થો હરપાલસિંહ રણજીતસિંહ સરવૈયા (રહે. સાંકડાસર-૧ તા. તળાજા) પાસેથી લાવ્યા હોવાનું જણાવતા એલસીબીએ ત્રણેય શખ્સ વિરૂદ્ધ વરતેજ પોલીસ મથકમાં પ્રોહિબિશનની કલમ હેઠળ ગુનો દાખલ કરાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરમાં અસામાજિક તત્ત્વોના ત્રાસથી યુવકે ઝેરી દવા ગટગટાવી

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૩

ભાવનગર શહેરના અધેવાડા રહેતા યુવકને સોમવારે બપોરના અરસા દરમિયાન ચાર શખ્સો બાઈક ઉપર બેસાડી લઈ જઈ ઢોર માર માર્યા બાદ તેને ઉતારવા આવી તેના ભાઈ સામે પણ લાફા મારી ધમકી આપી હતી. જે વાતથી લાગી આવતા યુવકે પોતાના ઘરેથી નિકળી જઈ ફુલસરિયા હનુમાનજી મંદિર પાછળના ભાગે ફોરેસ્ટની બીડમાં જઈ ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી હતી. શહેર નજીકના અધેવાડા ગામે બહુચર માતાના મંદિર પાછળ આવેલી જાદવ ફળીમાં રહેતા સકેશ અશોકભાઈ જાદવ (ઉ.વ.૩૧)ને બપોરના સમયે ચાર શખ્સો બાઈક ઉપર આવી કોઈ કારણસર બાઈકમાં બેસાડી અન્ય જગ્યા ઉપર લઈ જઈ ઢોર માર માર્યો હતો. બાદ તેને બાઈક ઉપર મૂકી જઈ તેના ભાઈ હિતેશભાઈને નજર સામે લાફા મારી ધમકી આપી હતી. દરમિયાન યુવકે સાંજના તેના ઘરેથી નિકળી ગયા બાદ શખ્સોના માર અને ડરના કારણે ઝેરી દવા પી લઈ આપઘાત કર્યો હતો. ઘટના અંગે મૃતકના ભાઈએ પોલીસ સમક્ષ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# સંતરામપુરની પ્રતાપપુરા શાળામાં પાણી ભરાવવાની સમસ્યાથી વિદ્યાર્થીઓ પરેશાન



(સંવાદદાતા દ્વારા)

લુણાવાડા, તા.૩

સંતરામપુરમાં લાંબા વિરામ બાદ વરસાદે આગમન કર્યું હતું. સોમવારે તોફાની વરસાદના આગમને પુનઃ સર્વત્ર પાણી-પાણી કરી દીધું હતું. જેમાં સંતરામપુરની પ્રતાપપુરા પ્રાથમિક શાળામાં ચાલુ શાળાએ વરસાદનું પાણી ભરાઈ જતા બાળકોને ઊભા થઈ જવાનો વારો આવ્યો હતો. જો કે શાળા આસપાસ પાણીના નિકાલના અભાવે બાળકો મુશ્કેલીમાં મૂકાયા છે.

સંતરામપુરમાં બે દિવસના વિરામ બાદ સોમવારે વરસાદે ફરી જોરદાર બેટિંગ કરી હતી. જેમાં સંતરામપુર નગરમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પાણી કરી નાખ્યું હતું. જયારે બીજી બાજું બે વર્ષ અગાઉ સંતરામપુર પ્રતાપપુરા પ્રાથમિક શાળામાં છત ઉપરથી પોપડા પડવાની ઘટના બની હતી અને બાળકોને ઈજા પહોંચી હતી. તેમ છતાં આ પ્રાથમિક શાળામાં હજુ પણ પરિસ્થિતિ એ જ જોવા મળી આવેલી છે. જયારે આ વખતે ચોમાસામાં ભારે વરસાદ પડવાના કારણે પ્રતાપપુરાના બે વર્ગોમાં જ બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. વરસાદી પાણી વર્ગખંડમાં ભારાઈ જતા બાળકોને ઊભું થઈ જવું પડે છે.વર્ષોથી પ્રાથમિક શાળા નવી બાંધવા માટેની મંજૂરી પણ માંગેલી હતી. તેમ છતાં આજ દિન સુધીના તોડવાની કે નવી બાંધકામની મંજૂરી અપાયેલી નથી. ભારે વરસાદના કારણે શાળામાં બાળકો ઊભા રહીને અભ્યાસ કરવા મજબૂર બન્યા છે. સંતરામપુર તાલુકાની મોટાભાગની પ્રાથમિક શાળામાં જર્જરિત હાલતમાં હોવાના કારણે બાળકો વર્ગખંડમાં બેસીને શિક્ષણ પણ મેળવી શકતા નથી તેવી પરિસ્થિતિ છે. જોખમી પ્રાથમિક શાળાના કારણે વાલીઓ બાળકોને શિક્ષણ માટે શાળામાં મોકલવા પણ તૈયાર નથી.

# જૂના ડીસાની બનાસ નદીમાં રેતી ચોરી ઝડપાઈ : બે હિટાચી મશીન સીલ

(સંવાદદતા દ્વારા) ડીસા, તા.૩

ડીસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થતી બનાસ નદીમાંથી છેલ્લા કેટલાક સમયથી રેતી માફીયાઓ દ્વારા રાત્રિ દરમિયાન કોઈપણ જાતની રોયલ્ટી ભર્યા વિના રેતીની ચોરી કરી બારોબાર વેચાણ કરતાં હોવાની બુમરાડ ઉઠી રહી છે. રેત માફીયાઓ રાત્રિ દરમિયાન અંધારામાં મશીનની લાઈટો લગાવી રેતી ચોરી કરીને પુરાણ સહિત પાટણ જિલ્લા અને રાજસ્થાન રાજ્યમાં રેતી પહોંચાડી કમાણી કરી રહ્યા છે ત્યારે આજે ડીસા ગ્રામ્ય મામલતદાર સહિત ટીમ જૂનાડીસા પાસે આવેલ બનાસ નદીમાં ત્રાટકી હતી અને રેતી ચોરી કૌભાંડ ઝડપી પાડ્યું હતું. જેમાં રેતી ભરેલા ૨ વાહનો સહિત ૨ હિટાચી મશીન પણ ઝડપાઈ ગયા હતા. જ્યારે સર્કલ ઓફિસર દ્વારા રેતી ભરેલા બે વાહનો ડીસા મામલતદાર કચેરીમાં લાવવાં માટે રવાના કરાયાં હતાં પરંતુ બે વાહનો રેતીમાં ફસાઈ જતાં રાત્રિ દરમિયાન બે વાહનો ત્યાં મૂકીને કાર્યવાહી કરવામાં આવી હતી જયારે સવારે બે વાહનો મામલતદાર કચેરી ખાતે લાવી વજન કાંટા પર લઈ જવામાં આવ્યા હતાં અને વજન કરાવ્યા બાદ મામલતદાર કચેરી તરફથી ખાણ ખનીજ વિભાગને જાણ કરવામાં આવી હતી જયારે ૨ હિટાચી મશીન સ્થળ પર સીલ કરવામાં આવ્યા હતાં. જૂનાડીસા ગામે બનાસ નદીમાંથી રાત્રિ દરમિયાન રેતી ચોરી કૌભાંડ ઝડપાઈ જતાં બનાસ નદીમાંથી રેતી ચોરી કરતાં રેતી માફીયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

### વરસાદી પાણીનો નિકાલ ન થયો

# વસો તાલુકાના નવાગામ વિસ્તારમાં ખેડૂતોના પાકને ભારે નુકસાન



નડિયાદ, તા.૩

વસો તાલુકામાં નવાગામ (પે) તેમજ બામરોલી સીમમાં વરસાદી પાણીનો નિકાલ ન થતા ખેતી પાક બોરણમાં જતા ખેડૂતોને ભારે નુકસાન થવા પામ્યું છે. જેથી ખેડૂતોની હાલત કફોડી બની છે તંત્રને લઈ મુશ્કેલીમાં મૂકાયા હોવાના આક્ષેપો ખેડૂતો કરી રહ્યા છે.

ખેડા જિલ્લામાં ભારે વરસાદ થતાં નદીઓમાં ઘોડાપુર આવતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જેના કારણે રસ્તાઓ પર પાણી ભરાતા વાહન વ્યવહાર ખોરવાઈ જવા પામ્યો હતો. એટલું જ નહીં ઘણા ગામોમાં વરસાદી પાણી ઘૂસી ગયા હતા. આ ઉપરાંત સીમ વિસ્તારમાં પાણી ભરાઈ જતા ખેતી પાકનું ભારે નુકશાન થવા પામ્યું છે. ત્યારે વસો તાલુકાના નવાગામ (પે) સીમમાં પાણી ભરાઈ જતા ક્યારી, કુંડાળા તેમજ વાંટા વિસ્તારમાં ૨૦૦ વીઘા જેટલી જમીનમાં ડાંગરનો પાક ડૂબી જવા પામ્યો હતો. આવી જ રીતે બામરોલી સીમમાં પણ વરસાદી પાણી ભરાઈ જતા ૮૦ વીઘા જેટલા ખેતરોમાં ખેતી પાક બોરણમાં જવા પામ્યો હતો.જેથી ખેતી પાકનું ભારે નુકશાન થતા ખેડૂતોની હાલત કફોડી બની છે. આ ઉપરાંત અન્ય ગામોમાં પણ સીમમાં પાણી ભરાઈ જતા ખેતી પાક નિષ્ફળ જવા પામ્યો છે. વરસાદી પાણીના નિકાલના કાંસની યોગ્ય સાફ સફાઈ ન થતા ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાવા પામી હોવાનું સ્થાનિકોના મુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે સરકાર દ્વારા ખેડૂતોને થયેલ નુકસાનનો સર્વે કરાવી નુકસાન વળતર આપવા માગણી ઉઠવા પામી છે.

# હમાસનું કહેવું છે કે જો ઈઝરાયેલ હુમલા ચાલુ રાખશે તો ગાઝાના બંધકો 'તાબુતો'માં પાછા ફરશે

(એજન્સી) તા.૩

પેલેસ્ટીની સમૂહ હમાસની સશસ્ત્ર શાખાએ જણાવ્યું કે જો ઈઝરાયેલનું લશ્કરી દબાણ ચાલુ રહેશે તો ગાઝામાં અટકાયતમાં રાખવામાં આવેલા લોકોને 'તાબુતો' માં ઈઝરાયેલ પરત કરવામાં આવશે. તેણે ચેતવણી પણ આપી કે ઈઝરાયેલી સૈનિકો આવે તો અટકાયતીઓની સુરક્ષા કરતા તેના લડાકુઓવે 'નવી સૂચનાઓ' આપવામાં આવી છે. કાસમ બ્રિગેડના પ્રવક્તા અબુ ઓબેદાએ સોમવારે એક નિવેદનમાં જણાવ્યું કે, ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ સમજૂતી પર પહોંચવાને બદલે અટકાયતીઓને મુક્ત કરવા પર ભાર મૂક્યો છે, જેનો અર્થ છે કે તેઓને તેમના પરિવારોની બાજુમાં તાબુતોમાં મુક્ત કરવામાં આવશે.' તેમના પરિવારોએ તેમને મૃત કે જીવિત પ્રાપ્ત કરવા વચ્ચે પસંદગી કરવી પડશે.' ઈઝરાયેલે છ બંધકોના મૃતદેહ બહાર કાઢ્યાના બે દિવસ બાદ કાસમ બ્રિગેડના પ્રવક્તા અબુ ઓબૈદાએ આ વાત કરી હતી. તેમાં જણાવવામાં આવ્યું છે કે, 'કેદીઓના મૃત્યુ માટે નેતન્યાહૂ અને સેના સંપૂર્ણ રીતે જવાબદાર છે, કારણ કે તેઓએ જાણીજોઈને કેદીઓના વિનિમય સોદામાં અવરોધ ઉભો કર્યો હતો.' નેતન્યાહુના નિવેદનના થોડા સમય પછી જ કાસમ બ્રિગેડનું નિવેદન આવ્યું હતું જેમાં તેણે જણાવ્યું કે છ અટકાયતીઓ, જેમના મૃતદેહ મળી આવ્યા હતા. દક્ષિણ ગાઝાના રાફાહ વિસ્તારમાં એક ટનલમાંથી, હમાસ દ્વારા 'ફાંસી' આપવામાં આવી હતી. નેતન્યાહુએ સોમવારે એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું કે, 'તેને જીવિત પરત ન લાવવા માટે હું તમારી માફી માંગુ છું.' મૃત્યુને લઈને ઈઝરાયેલમાં બીજા દિવસે પણ વિરોધ પ્રદર્શન ચાલુ રહ્યા હતા. તેમણે જણાવ્યું કે 'અમે નજીક હતા, પરંતુ અમે સફળ ન થયા. હમાસને આ માટે ખૂબ જ ભારે કિંમત ચૂકવવી પડશે.



# ગાઝામાં આશ્રય કેન્દ્ર નજીક બ્રેડ ખરીદતા પેલેસ્ટીનો પર ઈઝરાયેલ સેનાએ બોમ્બમારો કર્યો, પાંચ લોકોનાં મોત

(એજન્સી) તા.૩

ઈઝરાયેલી દળોએ સોમવારે સાંજે ઉત્તરી ગાઝા પટ્ટીમાં જબલ્યા શરણાર્થી શિબિરમાં વિસ્થાપિત પેલેસ્ટીન આશ્રયસ્થાનની સામે બ્રેડ ખરીદતા લોકોની ભીડ પર હવાઈ હુમલો કર્યો, જેમાં ઓછામાં ઓછા પાંચ લોકો મૃત્યુ પામ્યા અને અન્ય ઘણા ઘાયલ થયા. પેલેસ્ટીની નાગરિક સંરક્ષણના પ્રવક્તા મહમૂદ બસ્સલે એક નિવેદનમાં જણાવ્યું કે, 'જબલ્યામાં અલ-ફખુરા શાળા (આશ્રય તરીકે ઉપયોગમાં લેવાતી)ની સામે લોકોના ટોળા પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં પાંચ લોકો શહીદ થયા હતા અને અન્ય ઘાયલ થયા હતા.' એક પ્રાદેશિક સ્ત્રોતે જણાવ્યું કે ઈઝરાયેલના હવાઈ હુમલાનું લક્ષ્ય આશ્રય શાળાની નજીક જબલ્યામાં બ્રેડ વેચાણ કેન્દ્ર હતું. ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના ચાલી રહેલા યુદ્ધમાં લગભગ ૪૦,૮૦૦ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે, અને



૯૪,૨૦૦ થી વધુ ઘાયલ થયા છે, સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર. પ્રદેશની ચાલુ નાકાબંધીને કારણે ખોરાક, શુદ્ધ પાણી અને દવાઓની તીવ્ર અછત સર્જાઈ છે, જેના કારણે આ પ્રદેશનો મોટાભાગનો ભાગ બરબાદ થઈ ગયો છે. ઈઝરાયેલ પર ગાઝામાં તેના પગલાં બદલ આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતમાં નરસંહારનો આરોપ મૂકવામાં આવ્યો છે.

# બ્રિટિશ ધારાસભ્ય જેરેમી કોર્બીને પેલેસ્ટીન સમર્થક સંસદીય ગઠબંધન બનાવ્યું



(એજન્સી) તા.૩

બ્રિટનની લેબર પાર્ટીના પૂર્વ નેતા જેરેમી કોર્બીને પેલેસ્ટીન તરફી સંસદીય ગઠબંધનની રચના કરી છે જેમાં ચાર સ્વતંત્ર સાંસદોનો સમાવેશ થાય છે. બ્રિટનમાં જુલાઈની ચૂંટણીમાં સંસદના સભ્યો શોકત આદમ, અયુબ ખાન, અદનાન હુસૈન અને ઈકબાલ મોહમ્મદ બધા પેલેસ્ટાઈન તરફી મંચ પર ચૂંટાયા હતા. તેઓ પેલેસ્ટીની કોઝના લાંબા સમયથી સમર્થક કોર્બીન સાથે જોડાઈને હાઉસ ઓફ કોમન્સમાં સ્વતંત્ર ગઠબંધન તરીકે ઓળખાતા સત્તાવાર સમુહની રચના કરશે, જે સાંસદોની સંખ્યાના સંદર્ભમાં રિફોર્મ યુકે અને ડેમોક્રેટિક યુનિયનિસ્ટ પાર્ટીને ટક્કર આપશે. ગઠબંધન પાસે ડાબેરી ગ્રીન પાર્ટી કરતાં એક વધુ સાંસદ હશે. પેલેસ્ટીની હિતોને પ્રોત્સાહન આપવાની સાથે-સાથે, ગઠબંધને સંયમ અને બે-બાળક લાભની મર્યાદા સામે લડવાનું વચન પણ આપ્યું છે, તેમજ ઈઝરાયેલને યુકે શસ્ત્રોના વેચાણની પણ ખાતરી આપી છે. પાંચ અપક્ષ સાંસદોએ વધુ સાંસદોને તેમની સાથે જોડાવાની માંગ કરી હતી. તેમણે જણાવ્યું કે, "અમને અમારા મતદારોએ નિરાશાની સંસદમાં આશા પ્રદાન કરવા માટે ચૂંટ્યા છે.

તેમણે જણાવ્યું કે, "પહેલેથી જ, આ સરકારે લગભગ ૧ કરોડ પેન્શનરો માટે શિયાળુ બળતણ ભથ્થું રદ કર્યું છે, બે-બાળક લાભની મર્યાદા જાળવી રાખવા માટે મત આપ્યો છે અને ઈઝરાયેલને શસ્ત્રોના વેચાણને રોકવાના કોલને અવગણ્યા છે.

"લાખો લોકો સંયમ, અસમાનતા અને યુદ્ધના વાસ્તવિક વિકલ્પની માંગ કરી રહ્યા છે - અને તેમના અવાજો સાંભળવા જોઈએ અને આ બાબતો પર સંસદમાં તેમની ચિંતાઓનું પ્રતિનિધિત્વ કરવા માટે વ્યક્તિગત રીતે અમને મત આપવામાં આવ્યા હતા અને અમે માનીએ છીએ કે એક તરીકે સામૂહિક સમુહ અમે તેને વધુ અસરકારક રીતે કરી શકીએ છીએ. આ સિદ્ધાંતો માટે ઊભા રહેવા માટે જેટલા વધુ ધારાશાસ્ત્રીઓ તૈયાર હશે, તેટલું સારૂં. અમારા દરવાજા અન્ય સાંસદો માટે હંમેશા ખુલ્લા છે જેઓ વધુ સમાન અને શાંતિપૂર્ણ વિશ્વમાં માને છે. પાંચેય રાજકીય પક્ષની રચના કરી નથી પરંતુ નેતાવિહીન સમુહની રચના કરી છે, જે સંભવત : તેમને હાઉસ ઓફ કોમન્સમાં બોલવા અને ચર્ચા કરવા માટે વધુ સમય આપશે. ચૂંટણીમાં સ્વતંત્ર ઉમેદવારો એવી બેઠકો પર મજબૂત રીતે પેલેસ્ટાઈન તરફી રહ્યા જ્યાં મુસ્લિમ મતદારોની સંખ્યા વધુ હતી, જેમાંથી ઘણા ગાઝા યુદ્ધ પર લેબર પાર્ટીના વલણથી અસંતુષ્ટ હતા. સંસદમાં ગઠબંધન સંભવત : ઈઝરાયેલ સાથે બ્રિટનના સંબંધો અંગે વડા પ્રધાન કીર સ્ટારર પર નવું દબાણ કરશે. જુલાઈમાં લેબરે બે બાળકોના લાભની મર્યાદાને રદ કરવા માટે સ્કોટિશ નેશનલ પાર્ટીના પ્રસ્તાવને સમર્થન આપવા બદલ સાત સાંસદોને સસ્પેન્ડ કર્યા હતા. સ્વતંત્ર ગઠબંધન સંભવત : કોર્બીનના ભૂતપૂર્વ મુખ્ય સાથીઓ સહિત પક્ષપલટા માટે સસ્પેન્ડેડ સાંસદોને નિશાન બનાવશે.

# આ વર્ષે ઈરાનમાં ૪૦૦થી વધુ લોકોને ફાંસી આપવામાં આવી : સંયુક્ત રાષ્ટ્ર નિષ્ણાતો



(એજન્સી) તા.૩

યુએનના નિષ્ણાતોએ સોમવારે ઈરાનમાં ફાંસીની સંખ્યામાં થયેલા વધારા અંગે ચિંતા વ્યક્ત કરી, જેનાથી દેશમાં આ વર્ષે અત્યાર સુધીમાં ફાંસીની કુલ સંખ્યા ૪૦૦થી વધુ થઈ ગઈ છે.

એકલા ઓગસ્ટમાં ઈરાનમાં ઓછામાં ઓછા ૮૧ લોકોને ફાંસી આપવામાં આવી હતી, જે જુલાઈમાં નોંધાયેલા ૪૫ની સરખામણીમાં તીવ્ર વધારો છે, ૧૧ સ્વતંત્ર યુએન અધિકાર નિષ્ણાતોના સમૂહે એક નિવેદનમાં જણાવ્યું હતું.

૨૦૨૪ ની શરૂઆતથી મૃત્યુદંડની સજા પામેલા લોકોની સંખ્યા ૪૦૦ થી વધુ થઈ ગઈ છે, જેમાં ૧૫ મહિલાઓનો સમાવેશ થાય છે, એમ તેમણે જણાવ્યું હતું. યુએન હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ દ્વારા નિયુક્ત કરાયેલા નિષ્ણાતોએ જણાવ્યું કે, 'અમે ફાંસીની સંખ્યામાં આ તીવ્ર વધારાથી ખૂબ જ ચિંતિત છીએ, પરંતુ તેઓ યુએન વતી કંઈ બોલતા નથી.' એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ સહિતના અધિકાર સમૂહો અનુસાર, ઈરાન દર વર્ષે ચીન સિવાય અન્ય કોઈપણ દેશ કરતાં વધુ લોકોને ફાંસી આપે છે. ઈરાનમાં અધિકારોની સ્થિતિ અને ન્યાયવિહીન, સારાંશ અને મનસ્વી ફાંસીની બાબતો પર વિશેષ સંવાદદાતાઓ સહિત યુએન નિષ્ણાતોએ જણાવ્યું કે ગયા મહિને ૪૧ લોકોને ડ્રગના ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા.'ડ્રગ ગુનાઓ માટે મૃત્યુદંડ આંતરરાષ્ટ્રીય ધોરણોનું ઉલ્લંઘન કરે છે,' તેમણે જણાવ્યું કે નિષ્ણાતોએ ૨૦૨૧થી ઈરાનમાં ડ્રગ-સંબંધિત ગુનાઓ માટે મૃત્યુદંડની સજામાં નોંધપાત્ર વધારાનો શોક વ્યક્ત કર્યો હતો, ગયા વર્ષે જ ૪૦૦ થી વધુ ડ્રગ-સંબંધિત મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી.

તેમણે એમ પણ જણાવ્યું કે તેમને એવા અહેવાલો મળ્યા છે જે દર્શાવે છે કે ઈરાનમાં મૃત્યુદંડની અજમાયશ ઘણીવાર યોગ્ય પ્રક્રિયા ગેરંટી પૂરી કરવામાં નિષ્ફળ જાય છે. તેમણે કુર્દિશ વિરોધી રેઝા રસાઈના કેસ તરફ ધ્યાન દોર્યું, જેને ઓગસ્ટ ૬ ના રોજ એક ઈવેન્ટમાં ઈસ્લામિક રિવોલ્યુશન ગાર્ડ્સ કોર્પ્સના સભ્યની હત્યા કરવા બદલ ફાંસી આપવામાં આવી હતી જ્યાં તેણે એક ચિહ્ન લહેરાવ્યું હતું જેમાં લખ્યું કે 'મહિલા, જીવન, સ્વતંત્રતા.' તેમ નિષ્ણાતોએ જણાવ્યું હતું

તેની પ્રતીતિ કથિત રીતે ત્રાસ દ્વારા મેળવેલી કબૂલાત પર આધારિત હતી, અને સહ-પ્રતિવાદીઓએ તેને હત્યામાં સામેલ કરતી તેમની જુબાની અને તેની સંડોવણીને પડકારતા ફોરેન્સિક પુરાવાઓ પાછી ખેંચી હોવા છતાં. ઉચિત ટ્રાયલ અને યોગ્ય પ્રક્રિયાના અધિકારોના ગંભીર ઉલ્લંઘનના અહેવાલોનો અર્થ એ છે કે ઈરાનના ઈસ્લામિક રિપબ્લિકમાં હાલમાં જે રીતે મૃત્યુદંડની પ્રેક્ટિસ કરવામાં આવે છે તે ગેરકાયદેસર ફાંસીની રચના કરે છે.

# બાઈડેન કહે છે કે નેતાન્યાહુ ગાઝા યુદ્ધવિરામ સોદો સુરક્ષિત કરવા માટે પૂરતું કરી રહ્યા નથી

(એજન્સી) તા.૩

વોશિંગ્ટન, ડીસી-યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ જો બિડેને બેન્જામિન નેતાન્યાહુની એક દુર્લભ જાહેર ટીકામાં જણાવ્યું છે કે, ઈઝરાયેલના વડાપ્રધાન ગાઝા યુદ્ધવિરામ કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે પૂરતું નથી કરી રહ્યા.

બાઈડેને સોમવારે વ્હાઈટ હાઉસની બહાર પત્રકારોને જણાવ્યું કે, અમેરિકા દરખાસ્ત રજૂ કરવા માટે "ખૂબ નજીક" છે જે ગાઝામાં રાખવામાં આવેલા ઈઝરાયેલી કેદીઓની મુક્તિ તરફ દોરી જશે.

ગાઝામાં યુદ્ધવિરામ લાવવાના અન્ય પ્રયાસો નિષ્ફળ ગયા છે, જ્યારે તેઓ શા માટે માને છે કે આ પ્રયાસ સફળ થશે તે અંગે પૂછવામાં આવતા, બિડેને જણાવ્યું કે, "હંમેશા આશા છે."

જ્યારે એક પત્રકારે યુએસ પ્રમુખને પૂછ્યું કે, શું નેતાન્યાહુ હમાસ સાથે યુદ્ધવિરામ કરાર સુનિશ્ચિત કરવા માટે પૂરતા પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે તેમણે ફક્ત "ના" કહ્યું.

બાઈડેન વહીવટીતંત્ર દ્વારા છેલ્લા કેટલાક મહિનાઓમાં નેતાન્યાહુથી પોતાને દૂર રાખવાના પ્રયાસો છતાં, ખાસ કરીને ડેમોક્રેટ સમર્થકોમાં ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધની અલોકપ્રિયતા વચ્ચે, ટીકા એ યુએસ પ્રમુખ દ્વારા કરવામાં આવેલી સૌથી સીધી છે -ભલે તે સંક્ષિપ્ત અને સ્પષ્ટપણે વિચાર્યા વિના કરવામાં આવે છે.

વ્હાઈટ હાઉસે જણાવ્યું કે, બાઈડેને સોમવારે તેમની ટિપ્પણી આપ્યા પછી, તેમણે કેપ્ટિવ મુક્તિ સોદાની મંત્રણા કરતી યુએસ ટીમ સાથે મુલાકાત કરી અને ચર્ચાની સ્થિતિ અંગે બ્રીફિંગ મેળવ્યું.

યુદ્ધવિરામની દલાલી કરવાનો નવો યુએસ પ્રયાસ ગાઝામાં છ ઈઝરાયેલી બંધકો-એક અમેરિકન નાગરિક સહિત-મૃત મળી આવ્યાના બે દિવસ પછી આવે છે.



આ શોધે સમગ્ર ઈઝરાયેલમાં સામૂહિક વિરોધ અને હડતાલને વેગ આપ્યો છે, જેમાં ગાઝામાં પેલેસ્ટીનીયન સમુહો દ્વારા બંધક બનેલા લગભગ ૧૦૦ ઈઝરાયેલીઓને મુક્ત કરવાના સોદાની માંગણી કરવામાં આવી છે.

દરમિયાન ઈઝરાયેલ તેની ક્રૂર નાકાબંધી અને ગાઝા પર અવિરત બોમ્બમારો ચાલુ રાખે છે, જેમાં ૪૦,૭૦૦થી વધુ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે.

ઈઝરાયેલનો મુખ્ય શસ્ત્ર સપ્લાયર અને રાજદ્વારી સાથી. ઑક્ટોબરમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી, વૉશિંગ્ટને ગાઝામાં યુદ્ધવિરામ માટે બોલાવતા યુએન સુરક્ષા પરિષદના ત્રણ ઠરાવોને વીટો કર્યો છે. તેમણે માર્ચમાં તાત્કાલિક યુદ્ધવિરામની માંગ કરતા બીજા મતથી પણ દૂર રહ્યા હતા.

સોમવારે નેતાન્યાહુ વિશે બાઈડેનનું નિવેદન તેમના સહાયકોના નિવેદનોનો વિરોધાભાસ કરતું દેખાય છે, જેમણે કરાર સુધી પહોંચવામાં નિષ્ફળતા માટે હમાસને દોષી ગણાવ્યુ છે.

ગયા મહિને, યુ.એસ.એ જણાવ્યું કે, તેણે મેમાં બિડેન દ્વારા સબમિટ કરેલી દરખાસ્ત પર નિર્માણ કરીને કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે "બ્રિજિંગ દરખાસ્ત" સબમિટ કરી છે.

પ્રારંભિક યુએસ-સમર્થિત યોજના યુદ્ધમાં છ અઠવાડિયાના વિરામથી શરૂ કરીને યુદ્ધને સમાપ્ત કરવા માટે બહુ-તબક્કાના પ્રયાસો માટે બોલાવશે, જે ગાઝામાં રાખવામાં આવેલા કેટલાક ઈઝરાયેલી અટકાયતીઓને અને ઈઝરાયેલી જેલોમાં રાખવામાં આવેલા પેલેસ્ટીની કેદીઓને મુક્ત કરવાની મંજૂરી આપશે.

બીજા તબક્કામાં લડાઈનો કાયમી અંત આવશે અને બાકીના તમામ ઈઝરાયેલી કેદીઓને મુક્ત કરવામાં આવશે. કરારના અંતિમ ભાગમાં ગાઝા પટ્ટીના પુનઃનિર્માણનો સમાવેશ થશે, જે ઈઝરાયેલના યુદ્ધથી તબાહ થઈ ગઈ છે.

૧૯ ઓગસ્ટના રોજ, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકને જણાવ્યું કે, નેતાન્યાહુએ યુએસ બ્રિજિંગ ઓફરને "સ્વીકારી" લીધી છે અને હમાસે પણ તે જ કરવું જોઈએ-જે મુદ્દો અન્ય યુએસ અધિકારીઓ દ્વારા પણ પડઘો હતો.

# ઈઝરાયેલના વેસ્ટ બેંકમાં પેલેસ્ટીની નાગરિકની ધરપકડ અને કલાકોમાં મોત : અત્યાચારનો આક્ષેપ

(એજન્સી) તા.૩

ઈઝરાયેલી સૈનિકોએ સોમવારે કબજાવાળા વેસ્ટ બેંકમાં ધરપકડ કરાયેલા પેલેસ્ટીની વ્યક્તિના મૃતદેહને પેલેસ્ટની આરોગ્ય અધિકારીઓને સોંપ્યો હતો, કારણ કે જેનિન શહેરમાં એક મોટું ઓપરેશન છઠ્ઠા દિવસે ચાલુ રહ્યું હતું. પેલેસ્ટીની રેડ ક્રેસેન્ટે જણાવ્યું કે તેને જેનિનની બહાર કફર ડેન ગામમાંથી ૫૮ વર્ષીય અયમાન રાજેહ આબેદનો મૃતદેહ મળ્યો હતો, જેની સોમવારે વહેલી ધરપકડ કરવામાં આવી હતી. જેનિનમાં વિસમ બકર હોસ્પિટલના ડિરેક્ટરે જણાવ્યું કે શરીર પર મારપીટ અને ત્રાસના નિશાન હતા. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે આબેદને આતંકવાદ વિરોધી કામગીરી દરમિયાન અટકાયતમાં લેવામાં આવ્યો હતો અને અટકાયત કેન્દ્રમાં પહોંચ્યા પછી તેને 'હૃદયની નિષ્ફળતા' નો સામનો કરવો પડ્યો હતો. જેનિનની હોસ્પિટલમાં લઈ જવામાં આવે તે પહેલા આર્મી મેડિકલ સ્ટાફે તેને પ્રાથમિક સારવાર આપી હતી. તેણે જણાવ્યું કે 'IDF એ અહેવાલોથી વાકેફ છે કે રેડ ક્રેસન્ટ દ્વારા સ્થળાંતર દરમિયાન શંકાસ્પદનું મૃત્યુ થયું હતું. ઘટનાની વિગતોની સમીક્ષા કરવામાં આવી રહી હોવાનું પણ જણાવ્યું હતું. આ ઘટના બની હતી જ્યારે ઈઝરાયેલી દળોએ



જેનિનમાં શહેરની આસપાસના ગામો સુધી તેમની કામગીરી વિસ્તારી હતી, જ્યાં બુલડોઝરો રસ્તાની બાજુના બોમ્બ શોધવા માટે રસ્તાઓ અને મુખ્ય માર્ગો ખોદવાનું ચાલુ રાખતા હતા. તેમણે જણાવ્યું કે ઈઝરાયેલે ગયા બુધવારે ઓપરેશન શરૂ કર્યું હતું, જે કેટલાંક મહિનામાં સૌથી મોટું હતું. તેમણે જણાવ્યું કે લડાઈ લડતા સમૂહો નાગરિક લક્ષ્યો પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યા હતા. સેંકડો સૈનિકોએ, ડ્રોન અને હેલિકોપ્ટર દ્વારા સમર્થિત, ઓપરેશનમાં ભાગ લીધો છે, જેણે જેનિનમાં ઘરો અને માળખાકીય સુવિધાઓને વ્યાપક નુકસાન પહોંચાડ્યું છે અને શહેરને અડીને આવેલા ગીચ વસ્તીવાળા શરણાર્થી શિબિર. પેલેસ્ટીની આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઓછામાં ઓછા ૨૯ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે, જેમાંથી મોટાભાગના હમાસ અને ઈસ્લામિક જેહાદ જેવા સશસ્ત્ર સમૂહના સભ્યો હોવાનું કહેવાય છે. જ્યારે અન્ય ૧૨૧ લોકો ઘાયલ થયા છે. રવિવારે મોડી રાત્રે જેનિન શહેરના પશ્ચિમમાં એક વ્યક્તિનું મોત થયું હતું.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# છેવટે 'બુલડોઝર અન્યાય'ને સર્વોચ્ચ અદાલતે વાચા આપી

છેલ્લા કેટલાયે સમયથી ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં અને એમાંયે વિશેષ સમુદાયના આરોપીઓના મકાનો તોડી પાડવાનો ટ્રેન્ડ (પ્રવાહ) શરૂ થયો છે. ચોક્કસ વિચારધારા ધરાવતા લોકોની વાહ-વાહ સાથે બહુમતી સમાજના વોટરૂપી ઝુમખા લઈ આવવાની ગણતરીના ભાગરૂપે આ કવાયત કરાઈ રહી હોવાનું પ્રથમ નજરે જ સમજાઈ જાય છે. એટલે જ કદાચ દેશની સર્વોચ્ચ અદાલતે પણ આ અંગેની પ્રથમ સુનાવણી વેળાએ જ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપી દીધો કે બુલડોઝર જસ્ટિસ (ન્યાય)ના નામે કરાતો વિધ્વંશ બંધ થવો જોઈએ. કારણ કે આ અન્યાય છે... માની લો કે જે તે વ્યક્તિ દોષિત ઠરે તો પણ તેનું ઘર તોડી પાડવું એ ન્યાયોચિત નથી જ...

ઉલ્લેખનીય છે કે તાજેતરના મહિનાઓમાં મોટાભાગે ભાજપની રાજ્ય સરકારો આવેલી છે ત્યાં જો કોઈ અપરાધ થાય અને એમાં જો આરોપી મુસ્લિમ હોય તો તાત્કાલિક તેના ઘરને તોડી પાડવામાં આવે છે. યુપીના મુખ્યમંત્રી યોગી કે જે ભગવા વસ્ત્રો ધારણ કરીને ભાજપનો હિન્દુત્વનો ચહેરો બનેલા છે એમણે આ કુપ્રથા શરૂ કરી છે. જેને પછીથી મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત જેવા ભાજપના મુખ્યમંત્રીઓએ અપનાવી છે. જો કે યોગીએ પણ આ બાબતે સિલેક્ટીવ એપ્રોચ એટલે કે પસંદગીયુક્ત વલણ અપનાવ્યું છે. જો કોઈ ગુનામાં આરોપી મુસ્લિમ હોય તો એમને એનું મકાન તોડી પડાવવાનું શૂરાતન ચડે છે પણ જો સામે પક્ષે આરોપી બિનમુસ્લિમ હોય તો પછી એ રાબેતા મુજબ વર્તે છે... એનું દૃષ્ટાંત જોવું હોય તો એમના રાજમાં સંખ્યાબંધ મુસ્લિમ આરોપીઓના મકાનો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું છે પરંતુ એટલા પ્રમાણમાં બિનમુસ્લિમ આરોપીઓના ઘરો પર એમના બુલડોઝરો ફર્યા નથી... દેશમાં આજકાલ બળાત્કારોનું પ્રમાણ વધ્યું છે અને એમાં યુપી તો પ્રમાણમાં મોખરે આવે છે છતાં જો આવા સંવેદનશીલ કેસમાં પણ પક્ષપાતી વલણ અપનાવાતું હોવાની લાગણી જન્મી છે. જેમ કે થોડા મહિના પહેલા બનારસ હિન્દુ યુનિવર્સિટી (BHU)ની એક બી.ટેકની વિદ્યાર્થિની પર ભાજપના IT સેલ સાથે સંકળાયેલા આરોપીઓએ ભયંકર સામૂહિક બળાત્કાર કર્યો પરંતુ તેમના ઘર સહીસલામત છે... ભાજપ સાથે ઘરોબો ધરાવતા આ બિનમુસ્લિમ આરોપીઓના ફૂલહારથી સ્વાગત કરાય છે જ્યારે આનાથી હળવા ગુનામાં પકડાયેલા મુસ્લિમ આરોપીઓના મકાનો તોડી પડાય છે. યુપી-એમપીમાં કેવા ક્ષુલ્લક આરોપો હેઠળ મુસ્લિમોના ઘરો તોડી પડાયા છે એ જાણવું હોય તો ભોપાલનો દાખલો જોવા જેવો છે જેમાં માત્ર ૧૮ વર્ષના મુસ્લિમ છોકરા અદનાન મન્સુરી પર એવો ખોટો આરોપ મૂકાયો કે તે એક હિન્દુ સરઘસ તરફ થૂંક્યો... અને આટલી એવી બાબતમાં તો તેના પરિવારનું ત્રણ માળનું મકાન તાત્કાલિક તોડી પડાયું... પાછળથી આ આરોપ સાવ ખોટો સાબિત થયો.. અદનાન નિર્દોષ પુરવાર થયો પણ તેના પરિવારને આશરાવિહોણો-નોંધારો કરી દેવાયો... હવે આ અદનાનનું મકાન મધ્યપ્રદેશની ભાજપ સરકાર કે સબકા સાથ, સબકા વિકાસવાળા વડાપ્રધાન બાંધી આપતા નથી... આવા તો કેટલાયે ઉદાહરણો છે. એટલે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે માત્ર આરોપી ફોજદારી ગુનામાં સંડોવાયેલો હોય તો તેના આધારે તેનું ઘર તોડી શકાય નહીં. અને સુપ્રીમ કોર્ટે તો ત્યાં સુધી કહ્યું કે ધારો કે આરોપી દોષિત સાબિત થાય તો પણ તેનું ઘર તોડી શકાય નહીં... કારણ કે ઘર માત્ર આરોપીનું જ નથી હોતું પરંતુ સમગ્ર પરિવારનું હોય છે. એમાં તેના માતા-પિતા, ભાઈ, બહેન, પુત્ર કે અન્ય પરિવારજનો રહેતા હોય છે. એ તો આરોપી કે દોષિત નથી છતાં તેમને આ રીતે બેઘર કઈ રીતે કરી શકાય ? અને હા જો માળખું ગેરકાયદેસર હોય તો જ તોડી શકાય પરંતુ એય નિશ્ચિત કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ તોડી શકાય... અને એમાંય પક્ષપાતી વલણ અપનાવી ન શકાય....

ઉલ્લેખનીય છે કે બુલડોઝર જસ્ટિસના નામે દેશમાં જે વિધ્વંશક કાર્યવાહી કરાઈ રહી છે તેના કારણે દેખિતી રીતે જ મુસ્લિમોમાં ભારે ભય અને અસંતોષની લાગણી જન્મી છે. આ લાગણીને વાચા આપતા એમના સંગઠનોએ સુપ્રીમ કોર્ટ સમક્ષ દાદ માંગતા સુપ્રીમ કોર્ટે પ્રાથમિક તબક્કે જ ઉપરોક્ત નિર્દેશો આપ્યા છે અને આગામી સુનાવણીઓ દરમ્યાન તે વિસ્તૃત માર્ગદર્શિકા પણ જારી કરશે. ત્યારે ખાસ કરીને ધ્રુવીકરણના વોટકારણમાં રચ્યાપચ્યા રહેતા શાસકો સુધરી જાય અને સમાન રીતે સૌની સાથે વર્તે તો દેશ માટે સારૂં છે અને એમના માટે પણ આ રીતે સમયાંતરે સુપ્રીમ કોર્ટ સમક્ષ નીચાજોણું ના થાય... ખાસ કરીને ૮૫ ટકા વિરૂદ્ધ ૧૫ ટકાની તદ્દન ગેરવ્યાજબી અને ગેરબંધારણીય પ્રવૃત્તિઓ કરતાં લોકો તેનાથી દૂર રહી લોકશાહીને મજબૂત બનાવવા માટે કાર્ય કરશે તો જ દેશનો સર્વાંગી વિકાસ શક્ય બનશે.

# મોદીની લોકપ્રિયતા અને તેમની સરકાર નબળી પડી હોવા છતાં દેશમાં મુસ્લિમો પર અત્યાચારની ઘટનાઓ શા માટે વધી રહી છે

## દેશમાં આજીવિકા માટે સંઘર્ષ કરી રહેલા કરોડો લોકો મોદી સરકારની વહીવટી અસમર્થતાઓ વિશે પહેલાં કરતા વધુ જાગૃત થાય છે, ત્યારે મોદી પાસે હિન્દુત્વ સિવાય કોઈ મુદ્દો બાકી રહ્યો નથી



દેશમાં ખાસ કરીને છેલ્લા અમુક મહિનાઓથી હિન્દુ કટ્ટરપંથીઓની હિંસા વધી રહી છે અને તેને અવગણીને શાસક પક્ષના મુખ્ય પ્રધાનો દ્વારા અનેક દ્વેષપૂર્ણ ભાષણ કરવામાં આવી રહ્યા છે અને મુસ્લિમો અને દલિતો સામે ન્યાયવિહીન, પક્ષપાતી સરકારી કાર્યવાહી કરવામાં આવી રહી છે જેના લીધે ભારતમાં બંધારણના ઉલ્લંઘનની ઘટનાઓ વધી રહી છે અને આ સાથે નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકે તેમની ત્રીજી મુદતની શરૂઆત કર્યા પછીના દિવસો દેશ માટે વધુ અપશુકનિયાળ રહ્યા છે.

ચૂંટણી પછી મોદી ૩.૦ સરકાર બની હતી અને તેને સ્પષ્ટ બહુમતી ન મળતા એવું માનવામાં આવતું હતું કે આવી અત્યાચારની ઘટનાઓ ઓછી થશે, પરંતુ ભારતીય જનતા પાર્ટી દ્વારા શાસિત રાજ્યોમાંથી ઈસ્લામોફોબિક અત્યાચારો અને ટિપ્પણીઓનો સિલસિલો વધી રહ્યો છે, અને હિંદુત્વ જૂથો અને પોલીસનો સાથ લઈને વધુ મુક્તિ અને આત્મવિશ્વાસ સાથે આ અત્યાચારો કરી રહ્યા છે. જો કે, મુસ્લિમો સામેની અત્યાચારની અને હિંસાની ઘટનાઓ નવી નથી, પણ ભાજપના રાજ્યોમાં પહેલા કરતાં વધુ સ્પષ્ટ બાબત એ છે કે હિંદુ કટ્ટરપંથીઓનો દેખીતો વિશ્વાસ વધી રહ્યો છે કે કાયદા અને રાજ્યની સત્તાનો તેમની વિરુદ્ધ ઉપયોગમાં કરવામાં આવશે નહીં.

ગયા અઠવાડિયે મહારાષ્ટ્રની ટ્રેનમાં યુવાનોના એક ટોળાએ એક વૃદ્ધ મુસ્લિમ પરહૂમલો કર્યો અને તેઓ મુક્તિ સાથે આવું કરી રહ્યા હતા અને તેમના ચહેરા પર ક્યાયા પોલીસનો ભય દેખાઈ રહ્યો ન હતો અને તેઓ સરકારની નિષ્ક્રિયતા સાથે વિશ્વાસપૂર્વક આ અત્યાચાર કરી રહ્યા હતા અને ૬૫ વર્ષીય એક મુસ્લિમ વ્યક્તિ પર આત્મવિશ્વાસપૂર્વક હુમલો કર્યો હતો, જેના પર તેઓએ ગૌમાંસ વહન કરવાનો આરોપ મૂક્યો હતો; એ જ રીતે હરિયાણાના યુવાન ગૌરક્ષકોએ એક યુવાન સ્થળાંતરીતની હત્યા કરી કારણ કે તેઓને ગૌમાંસ ખાતો હતો એવી શંકા હતી.

સૌથી તાજેતરના મુસ્લિમ પરના અત્યાકહરો ભાજપના રાજ્યોમાં નોંધાયા છે, જ્યાં મુખ્ય પ્રધાનોએ, તેમના બંધારણીય શપથની વિરુદ્ધ, મુસ્લિમો સામે અનેક દ્વેષપૂર્ણ નિવેદનો કર્યા છે અને હિન્દુઓનું સમર્થન મેળવવા માટે તેઓને ડરાવવાનો પ્રયાસ કર્યો છે. મધ્ય પ્રદેશમાં, રાજ્યના મુખ્ય પ્રધાન મોહન યાદવે કહ્યું કે તેઓ બુલડોઝર સંસ્કૃતિનો વિરોધ કરે છે પરંતુ તેઓએ અધિકારીઓને મુસ્લિમોના ઘરો તોડી પાડવાની મંજૂરી આપી અથવા આદેશ આપ્યો હતો. અને તે પણ એટલા માટે કે અમુક વ્યક્તિના રેફ્રિજરેટરમાં કથિત રીતે ગોમાંસ હતું. એક આદિવાસી કોન્સ્ટેબલ જેણે હિન્દુ કટ્ટરપંથીઓને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના આરોપ માટે મુસ્લિમને સોંપવાનો ઈનકાર કર્યો હતો, તેની પ્રશંસા કરવાને બદલે તેની બદલી કરવામાં આવી હતી.

આ રાજ્યોમાં દલિતો વિરોધ પણ આવા જ અત્યાચારો થઈ રહ્યા છે અને તેમની સામે ગુનાનો દર સૌથી વધુ છે. તાજેતરમાં એક માતા અને તેના બાળકને પોલીસ સ્ટેશનમાં માર મારવામાં આવ્યો હતો. આ ઘટના સાથે સંબંધિત પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આસામમાં, મુખ્યપ્રધાન હિમંતા બિસ્વસર્માએ વિચિત્ર રીતે મુસ્લિમો પર "પૂર" અને "ખાતર" જેહાદનો આરોપ મૂક્યો છે, અને એ સ્પષ્ટ રીતે જાહેર કર્યું છે કે તેઓ ખરેખર "પક્ષપાતી" છે અને તેઓએ કહ્યું કે તેઓ મુસ્લિમોને રાજ્ય પર કબજો કરવાની મંજૂરી આપશે નહીં. ઉત્તર પ્રદેશમાં, મુખ્યપ્રધાન આદિત્યનાથે હિંદુઓને એકજૂટ થવા આહ્‌વાન કર્યું હતું. એક ઘટનામાં એક ૫૫ વર્ષીય મુસ્લિમ મહિલાનું મૃત્યુ થયું જ્યારે પોલીસ, કોઈ વોરંટ વિના, માત્ર ગૌમાંસ શોધવા માટે તેના ઘરમાં અચાનક ઘૂસી ગઈ (જો કે તેમને કઈ મળ્યું ન હતું). ઉત્તર પ્રદેશમાં મુસ્લિમોની પરિસ્થિતિ વધુ ખરાબ છે, જ્યાં મુસ્લિમ રાજકારણીઓ સામે ૧૭૫ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી ઘણા જેલમાં પણ છે.

આ વધતી જતી સત્તાવાર હિંસા અને મુસ્લિમો વિરુદ્ધ કરવામાં આવતા નિવેદનો આશ્ચર્યજનક નથી કારણ કે મોદી ૩.૦ સરકાર તેના ગઠબંધન સાથીદારો સાથે સંઘર્ષ કરી રહી છે અને સરકારે સંપૂર્ણ નિયંત્રણ ગુમાવી રહ્યું છે. પરંતુ તે એક ચોક્કસપણે સમસ્યા હોઈ શકે છે. મોદીએ અત્યાર સુધી ક્યારેય તેમની મૂળ માન્યતાઓ સાથે સમાધાન કરવું પડ્યું નથી. પણ હવે તેમના દ્વારા ટ્રેડમાર્ક પરામર્શ-મુક્ત અને અચાનક કરવામાં આવતી ભવ્ય ઘોષણાઓ હવે તેઓ કરી શકતા નથી, અને દેશમાં આજીવિકા માટે સંઘર્ષ કરી રહેલા કરોડો લોકો મોદી સરકારની વહીવટી અસમર્થતાઓ વિશે પહેલા કરતા વધુ જાગૃત થાય છે, ત્યારે મોદી પાસે હિન્દુત્વ સિવાય કોઈ મુદ્દો બાકી રહ્યો નથી.

જ્યારે મુસ્લિમો સાથે શારીરિક અને મૌખિક દુર્વ્યવહારની વાત આવે ત્યારે તેમના મુખ્ય પ્રધાનો હંમેશની જેમ આવું મુક્તપણે કરી રહ્યા છે અને એ માત્ર અવગણનાનો સંકેત નથી પરંતુ તેમના મુખ્ય મતવિસ્તાર માટેનો એક સંકેત છે કે તેઓ મુસ્લિમોને વશ કરવાની અને હિન્દુ બહુમતીને ખુશ કરવાની તેમની નીતિ હજુ પણ ચાલુ રાખી રહ્યા છે.

વધુ જટિલ વાત એ છે કે, મોદી તેમના પક્ષના વૈચારિક પિતૃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તરફથી સંઘર્ષનો સામનો કરી રહ્યા છે, અને RSSના વડાએ જાહેરમાં મોદીના વહીવટ પ્રત્યે અસ્વસ્થતા વ્યક્ત કરી છે. સંઘમાં, કેટલાક લોકોએ ઈસ્લામોફોબિયા અને મુસ્લિમ વિરોધી હિંસાના અવિરત પ્રવાહ વિશે ખાનગી રીતે અસ્વસ્થતા વ્યક્ત કરી હતી, પરંતુ તે માત્ર એક નિષ્ઠાહીન નિવેદનો હોય શકે છે કારણ કે આ સંગઠનની સંલગ્ન સંસ્થાઓ જ ઘણીવાર મુસ્લિમો વિરુદ્ધ હિંસા માટે સીધી રીતે જવાબદાર હોય છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ટૂંકા ગાળા માટે નહીં પરણતું લાંબી રમત રમવા માટે જાણીતો છે, ત્યારે ચોક્કસ રીતે, ભૂતકાળ અને વર્તમાનના તેના પસંદગીયુક્ત અર્થઘટનથી પણ તેને એ અહેસાસ કરાવવો જોઈએ કે મુસ્લિમોનું અશક્તિકરણ કરવાથી ક્યારેય સુરક્ષિત અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરી શકાતું નથી.

આ વર્ષે દેશની સામાન્ય ચૂંટણીઓએ સંકેતો આપ્યા હતા કે મોદીની વિભાજન અને શાસનની નીતિ અયોગ્ય સાબિત થઈ છે અને હિંદુ મતો વધારવા અને મુસ્લિમો પર વધુ દમન કરવાના સંદર્ભમાં તેઓએ ભૂતકાળમાં નોંધપાત્ર રીતે ચૂંટણીમાં લાભ મેળવ્યો હતો પણ આ વર્ષે ચુંટણીમાં તેમનો આ મુદ્દો તેઓને લાભ આપી શક્યો નથી અને જો નાગરિકોનું આ વલણ યથાવત રહેશે તો ભાજપ માટે પરિસ્થિતિ વધુ ખરાબ થવાની સંભાવના છે.

**- સમર હાલરણકર**

**(લેખક સમર હાલરણકર સમર આર્ટિકલ-૧૪.કોમના સંપાદક છે, જે એક વેબસાઈટ છે જે ભારતમાં કાયદાના શાસન અને લોકશાહીને લગતા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે)**

(સૌ. : સ્ક્રોલ.ઈન)

### અંકલેશ્વરની પ્રાંત કચેરી ખાતે

# ઈદે મિલાદુન્નબી, ગણેશ ચતુર્થી નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

અંકલેશ્વર, તા.૩

અંકલેશ્વરની પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં અંકલેશ્વર હાંસોટ તાલુકામાં ગણેશ ચતુર્થી અને ઈદેમિલાદુન્નબીની અંતર્ગત શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી આ બેઠકમાં મામલતદાર, ડીવાયએસપી, ટીડીઓ, ચીફ ઓફિસર, સહિતના અધિકારીઓ અને શાંતિ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અંકલેશ્વર હાંસોટ તાલુકામાં આગામી ગણેશ ચતુર્થી અને ઈદેમિલાદુન્નબીની શાંતિમય ભક્તિમય અને ભાઈચારાના વાતાવરણમાં સંપન્ન થાય તે માટે અંકલેશ્વરના પ્રાંત અધિકારી ભવદીપસિંહ જાડેજા, ડીવાયએસપી ડો.કુશલ ઓઝા, મામલતદાર કરણસિંહ રાજપુતની અધ્યક્ષતા હેઠળ પ્રાંત કચેરીના સભાખંડ ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં તાલુકા વિકાસ અધિકારી હિરેન બારોટ, નગરપાલિકાના ચીફ ઓફિસર કેશવ કોલડિયા, આરએફઓસહિત પોલીસ અધિકારીઓ, સહિત શાંતિ સમિતિના સભ્યો મ્યુ. સભ્ય બખ્તિયાર પટેલ, વસીમ ફડવાલા, અમન પઠાણ, ઈમ્તિયાઝ ઘોણીયા, સુરેશભાઈ પટેલ, રામદેવભાઈ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ગણેશ ચતુર્થી અને ઈદેમિલાદુન્નબીની શાંતિપૂર્ણ મહેલ ઉજવાય તે માટે માર્ગદર્શન અને સૂચનો કરવામાં આવ્યા હતા.



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

### બસ રીપેર કરવામાં ગલ્લાતલ્લા કર્યા

# રાજુલા એસટી વર્કશોપમાં કર્મચારીઓની બેદરકારીને લીધે મુસાફરોને હાલાકી

કોડીનાર, તા.૩

કોડીનાર ડેપોની વડોદરાથી કોડીનાર આવવા માટે તા. ૨૮-૮-૨૪ નાં સાંજના છ કલાકે ઉપડેલી વડોદરા-કોડીનાર રૂટની બસ વહેલી સવારે ત્રણ વાગે રાજુલા શહેરમાં પ્રવેશી ત્યારે કોઈ ટેકનિકલ કારણોસર હેડલાઈટ બંધ થઈ જતાં આ બસને રાજુલા વર્કશોપમાં રાત્રે સવા ત્રણ વાગ્યે લઈ જવામાં આવી હતી. ત્યારે રાજુલા વર્કશોપમાં જવાબદાર કોઈ જ કર્મચારીઓ હાજર નહોતા. વહેલી સવારે છ વાગ્યે સ્ટાફ આવે એ પછી વાહન રીપેર થશે તેમ ઉડાઉ જવાબ આપતા બસ ડ્રાઈવર કન્ડક્ટર મુસીબતમાં મુકાયા હતા અને કોડીનાર ના અધિકારીઓનો સંપર્ક કરતાં તેમણે તમારી રીતે વ્યવસ્થા કરો તેવું જણાવેલ હતુ જેથી મુસાફરો હેરાન થઈ ગયા હતાં. જોકે આ સમગ્ર ઘટના દરમ્યાન જાગૃત મુસાફરે ડીવીઝનના વડા અધિકારીનો સંપર્ક કરવાનું જણાવતા વર્કશોપમાં નોકરી દરમ્યાન આરામ ફરમાવી રહેલા આળસુ કર્મચારીએ સફાળા તાત્કાલિક બસની લાઈટો રીપેર કરી આપી હતી જોકે આ સમગ્ર પસ્તાળ માં મુસાફરો ૨ કલાક રઝળી પડ્યા હતા જેથી બસમાં સફર કરી રહેલા જાગૃત મુસાફરે જી.એસ.આર.ટી.સી ની બેદરકારી સામે ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી છે.

### ૧૯,૧૫૬ બોટલ મળી આવી

# બોટાદના સમઢીયાળા ગામેથી દારૂ સાથે બુટલેગરની ધરપકડ : ૩૪.૨૦ લાખની મતા જપ્ત

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૩

આજે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે બાતમીના આધારે બોટાદ જિલ્લાના સમઢીયાળા ગામે દરોડો પાડીને મોટી માત્રામાં દારૂનો જથ્થો ઝડપી લીધો હતો અને બુટલેગરની પણ ધરપકડ કરી હતી. બોટાદ જિલ્લાના સમઢીયાળા નંબર ૧ ગામે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમના પીએસઆઈ એમએચ સિનોલ અને તેમની ટીમને બોટાદના સમઢીયાળા ગામે વિજય ગોરધનભાઈ શેખલીયા દ્વારા તાના રહેણાંકી મકાનમાં મહારાષ્ટ્રથી મસ મોટો દારૂનો જથ્થો મગાવ્યો હોવાની સચોટ બાતમી મળતાં તેના ઘરે દરોડો પાડતા અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની ૧૯૧૫૬ બોટલ ૧૫૯૬ પેટી મળી આવી હતી. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે વિજય શેખલીયાની અટકાયત કરી પૂછપરછ કરતા દારૂનો જથ્થો મહારાષ્ટ્રથી ટ્રક દ્વારા લાવ્યો હતો. પોલીસે ઈંગ્લિશ દારૂની ૧૯,૧૫૬ બોટલ રૂપિયા ૩૪,૨૦,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી હાલ વધુ તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર-ચોટીલા હાઈવે પર ST બસ ટ્રક પાછળ ઘૂસી

## પાંચથી વધુ મુસાફરોને ઈજા

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૩

સુરેન્દ્રનગર જિલ્લામાં અકસ્માતના બનાવો વધી રહ્યાં છે ત્યારે સુરેન્દ્રનગર-ચોટીલા હાઈવે પર એસ.ટી. બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં બસમાં સવાર અંદાજે પાંચથી વધુ મુસાફરોને ઈજાઓ પહોંચી હતી જે અંગે પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ ચોટીલાથી પાટણ તરફ જઈ રહેલ એસ.ટી. બસના ચાલકે અચાનક સોમાસર ગામના પાટિયા પાસે સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા એસ.ટી.બસ આગળ જઈ રહેલ ટ્રક પાછળ ઘૂસી જતા અકસ્માત સર્જાયો હતો જેમાં એસ.ટી. બસના આગળના ભાગે મોટાપાયે નુકસાન પહોંચ્યું હતું જ્યારે પાંચથી વધુ મુસાફરોને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. આ અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા તેમજ પોલીસે ઘટના સ્થળે પહોંચી ટ્રાફિકને કાબુમાં લઈ વાહન વ્યવહાર પૂર્વવત કર્યો હતો અને આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### ધોળકાની FMCT સ્કૂલ રોડ પર

# એક અઠવાડિયાથી બેથી ત્રણ ફૂટ ભરાયેલ વરસાદી પાણીનો નિકાલ ન કરાતા કોંગ્રેસ દ્વારા આવેદન

ધોળકા, તા. ૩

અમદાવાદ જિલ્લાનાં ધોળકા નગરમાં આવેલ FMCT સ્કૂલ રોડ પર છેલ્લા એક અઠવાડિયાથી બે ફૂટ જેટલાં વરસાદી પાણી ભરાયા છે. જેનો ધોળકા નગરપાલિકા દ્વારા નિકાલ કરવામા ના આવતા આજે ધોળકા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ધોળકા નગરપાલિકાના પ્રમુખ અશોક મકવાણા અને ચીફ ઓફિસરજતીન મહેતા સમક્ષ રજૂઆત કરી વરસાદી પાણીનો નિકાલ કરવા માંગણી કરી હતી. કોંગ્રેસ દ્વારા આ મુદ્દે ચીફ ઓફિસર જતીન મહેતાને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ વેળા ધોળકા નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા મનસુરખાન તાલુકદાર, મ્યુનિસિપલ કાઉન્સિલર હનીફખાન મુન્શી, FMCT સ્કૂલનાં કાસીમભાઈ મોમીન હાજર રહ્યા હતા. આ આવેદનપત્રમા જણાવાયું છે કે એક અઠવાડિયા અગાઉ પડેલ ભારે વરસાદના કારણે FMCT રોડ પર બેથી ત્રણ ફૂટ જેટલું પાણી ભરાયું છે. એક સપ્તાહ બાદ પણ નગરપાલિકા દ્વારા આ વરસાદી પાણીનો નિકાલ કરાયો નથી. આથી FMCT સ્કૂલમા ભણતા વિદ્યાર્થીઓને આ વરસાદી પાણીમાં જોખમ ખેડી સ્કૂલે જવુ પડે છે. દુર્ઘટના થવાની સંભાવના છે. આ વિસ્તારમાં જેનબ વીલા, ગુલિસ્તા પાર્ક-૧ અને ૨ એમ કુલ ૩ સોસાયટીઓ આવેલી છે. ત્યાં રહેતા સ્થાનિક રહીશોને પણ આ વરસાદી પાણીમાંથી પસાર થવું પડે છે. આ રોડ ઉપર દુકાનો પણ આવેલી છે. આ વરસાદી પાણી ભરાતા દુકાનદારોને પણ હાલાકી પડે છે. કલિકુંડ અને પુલેન સર્કલ તરફ જવાનો આ મહત્ત્વનો માર્ગ હોવાથી વહેલી તકે અહીંથી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવા કોંગ્રેસ દ્વારા માંગણી કરી હતી.



### ભારે વરસાદને પગલે

# ડભોઈ તાલુકાના ૭ ગામોને એલર્ટ કરાયા



ડભોઈ, તા.૩ : ઉપરવાસમાં ભારે વરસાદના કારણે દેવ ડેમમાંથી પાણી છોડવામાં આવતા ત્રીજી વખત ડભોઈ તાલુકામાં ઢાઢર નદીની સપાટીમાં વધારો થયો છે. ઢાઢર નદીમાં પાણીનું જળસ્તર વધતા ડભોઈ તાલુકાના ૭ ઉપરાંત ગામોને કરાયા એલર્ટ કરાયા છે. જેમા નારાયણપુરા, બબોજ, દંગીવાડા, વીરપુરા, પરાગપુરા, મગનપુરા અને કરાલીપુરા સહિતના ગામોનો સમાવેશ થાય છે. કરાલીપુરા અને પરાગપુરા ગામ સંપર્ક વિહોણું થયું છે. ડભોઈથી વાઘોડિયા જવાનો માર્ગ આ ચોમાસામાં ત્રીજી વખત બંધ કરાયો છે. મામલતદાર સહિતની ટીમ સંપર્ક વિહોણા બનેલા ગામોની મુલાકાતે પહોંચ્યા હતા.

**હદીસ બોધ**

સાચા પશ્ચાતાપથી અલ્લાહની માફી મેળવી શકાય છે. - હદીસ બોધ

**બોધ વચન**

આપણું મૃત્યુ આપણા જીવનનો ઈતિહાસ લખે છે.
- નઝરૂલ ઈસ્લામ

**આજની આરસી**

૪ સપ્ટેમ્બર બુધવાર ૨૦૨૪
૨૯ સફર હિજરી ૧૪૪૬
ભાદરવા સુદ એકમ સંવત ૨૦૮૦

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૦૨ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૯ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૨૩ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૫૫ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# મધ્યપ્રદેશના મોરેના જિલ્લામાં જેલમાં દલિત વ્યક્તિની લાશ મળી; ત્રણ પોલીસ કર્મચારીઓ સસ્પેન્ડ



(એજન્સી) ભોપાલ, તા.૩

અધિકારીઓએ જણાવ્યું હતું કે, રવિવારની સવારે મધ્યપ્રદેશના મોરેના જિલ્લામાં પોલીસ સ્ટેશનની જેલમાં હત્યાનો એક આરોપી ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યા બાદ ત્રણ પોલીસને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ભૂપેન્દ્ર સિંહ કુશવાહાએ પીટીઆઈને જણાવ્યું હતું કે, સવારે ૫:૩૦ વાગ્યાની આસપાસ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનના જેલની અંદર બાલકૃષ્ણ જાટવ ઉર્ફે સનીનો મૃતદેહ એક કપડાથી લટકતો મળી આવ્યો હતો તે પછી વરિષ્ઠોને ચેતવણી આપવામાં આવી હતી. તેમણે કહ્યું કે સની, મૂળ ગ્વાલિયરના રહેવાસી, શનિવારના દિવસે તેના સાળાની હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી, જેની લાશ ગયા ડિસેમ્બરમાં જિલ્લામાં એક પાણીની ટાંકી પાસે મળી આવી હતી. જો કે, સનીના પરિવારે તેની ધરપકડના સમયને લઈને દાવો કર્યો છે કે તેને ચાર દિવસ પહેલા કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. અધિક પોલીસ અધિક્ષક અરવિંદ ઠાકુરે જણાવ્યું હતું કે, ઘટનાસ્થળની મુલાકાત લીધા પછી, પોલીસ અધિક્ષક સમીર સૌરભે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અને ઈન્સ્પેક્ટર રામબાબુ યાદવ અને એક હેડ કોન્સ્ટેબલ અને એક કોન્સ્ટેબલને કસ્ટોડિયલ ડેથ માટે સસ્પેન્ડ કરી દીધા હતા. ASP એ કહ્યું કે, પ્રાથમિક દૃષ્ટિએ એવું લાગે છે કે સનીનું મૃત્યુ આત્મહત્યાથી થયું છે. દરમિયાન, સનીના પરિવાર અને પરિચિતોએ તેના મૃત્યુ અંગે ખોટી રમતનો આક્ષેપ કરીને વિરોધ શરૂ કર્યા પછી પોલીસ સ્ટેશનની આસપાસ ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે.

# રાયબરેલીમાં દલિત યુવકની હત્યા કેસમાં બેદરકારી બદલ સ્ટેશન ઈન્ચાર્જને સસ્પેન્ડ કરવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

ઉત્તર પ્રદેશના રાયબરેલીના નસીરાબાદ વિસ્તારમાં તાજેતરમાં એક દલિત યુવકની હત્યામાં બેદરકારી બદલ સ્ટેશન ઈન્ચાર્જને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. શનિવારના દિવસે પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, પોલીસ અધિક્ષક અભિષેક અગ્રવાલે નસીરાબાદ સ્ટેશનના ઈન્ચાર્જ જિતેન્દ્ર મોહન સરોજને ગઈ કાલે રાત્રે દલિત હત્યા કેસમાં બેદરકારીના આરોપસર સસ્પેન્ડ કરી દીધા હતા. નોંધનીય છે કે કેટલાંક ઠાકુરો અને અન્ય સમુદાયના લોકો પર નસીરાબાદ વિસ્તારના પિચાવરિયા ગામમાં દલિત વ્યક્તિ અર્જુન સરોજની હત્યા કરવાનો આરોપ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આરોપી દલિત યુવકના ભાઈ જે વાળંદનું કામ કરે છે તેમની વચ્ચે થોડો વિવાદ થયો હતો. જે બાદ દલિત અર્જુન સરોજની હત્યા કરવામાં આવી હતી. જાણિતા અને અજાણ્યા આરોપીઓની ધરપકડને લઈને તમામ વિરોધ પક્ષોએ ભારે હોબાળો મચાવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, તાજેતરમાં રાયબરેલીના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ પીડિત દલિત પરિવારને મળ્યા હતા અને તેમણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પત્ર પણ લખ્યો હતો. આ તમામ ઘટનાક્રમ બાદ મોડી રાત્રે રાયબરેલીના પોલીસ અધિક્ષક અભિષેક અગ્રવાલે નસીરાબાદ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ જિતેન્દ્ર મોહન સરોજને સસ્પેન્ડ કરી દીધા છે અને તેમની જગ્યાએ ભદોખર પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ શિવકાંત પાંડેને નસીરાબાદમાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

# ઉદ્યોગપતિના પુત્રએ દલિત સગીરા પર બળાત્કાર કર્યો, ઉત્તર પ્રદેશ પોલીસે ૧ લાખ રૂપિયામાં કર્યું સમાધાન; જાણો સમગ્ર બાબત

(એજન્સી) લખનૌ, તા.૩

એક પોલીસ અધિકારીએ રવિવારના રોજ આ જાણકારી આપી કે, ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લાના મસૌલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં યુવક દ્વારા કથિત રીતે અપહરણ અને બળાત્કાર ગુજારવામાં આવતા દલિત સમુદાયની સગીર છોકરીના કેસમાં યોગ્ય કાર્યવાહી ન કરવા બદલ સંબંધિત સ્ટેશન ઈન્ચાર્જને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને ચોકીના ઈન્ચાર્જને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ૨ અધિક પોલીસ અધિક્ષક (ASP) ચિરંજીવી નાથ સિન્હાએ જણાવ્યું કે,પોલીસ અધિક્ષક (SP) દિનેશ કુમાર સિંહે આ કેસમાં દોષિત ઠર્યા બાદ સ્ટેશન ઈન્ચાર્જ (SHO) અરૂણ પ્રતાપ સિંહને સસ્પેન્ડ કરી દીધા છે અને ત્રિલોકપુર ચોકીના ઈન્ચાર્જ મનોજ કુમારને સસ્પેન્ડ કરી દીધા છે. અગાઉ, પીડિતાના પરિવારે આરોપ લગાવ્યો હતો કે પોલીસે આ કેસમાં યોગ્ય કાર્યવાહી કરી ન હતી અને બળજબરી પૂર્વક સમાધાન કરીને આરોપી પક્ષ પાસેથી એક લાખ રૂપિયા લીધા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, એક ઉદ્યોગપતિના ૨૮ વર્ષીય પુત્ર અંકિત વર્માએ ૨૨ ઓગસ્ટના રોજ ૧૬ વર્ષની દલિત છોકરીનું અપહરણ કર્યું હતું અને એક હોટલમાં કથિત રીતે તેના પર બળાત્કાર કર્યો હતો અને પછી છોકરીને ગાઝિયાબાદ લઈ ગયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ત્યાંની એક હોટલમાં પણ તેના પર બળાત્કાર કરવામાં આવ્યો હતો. ચાર દિવસ બાદ યુવતીને તેના ગામની બહાર મૂકીને આરોપી ભાગી ગયો હતો. પીડિતાના મામાએ આરોપ લગાવ્યો છે કે, જ્યારે તેણે આ મામલે પોલીસમાં ફરિયાદ કરી તો ચોકીના ઈન્ચાર્જે બળજબરી પૂર્વક મામલો થાળે પાડ્યો અને સમાધાનના બદલામાં એક લાખ રૂપિયા પણ આપ્યા, જેમાંથી ૫૦ હજાર રૂપિયા ઓનલાઈન મોકલી આપ્યા. એકાઉન્ટ અને બાકીની રકમ રોકડમાં આપવામાં આવી હતી. પીડિતાના મામાએ કહ્યું કે, સગીર છોકરીના માતા-પિતા નથી અને તે તેની સાથે રહે છે.તેમણે જણાવ્યું કે, ૩૦ ઓગસ્ટે તેઓ પોલીસ અધિક્ષકને મળ્યા અને કાર્યવાહીની માંગ કરી.જીં ની સૂચનાથી પોલીસે આ કેસમાં કાર્યવાહી શરૂ કરી હતી. પીડિતાના મામાએ પણ મુખ્યમંત્રીને પત્ર મોકલીને ઘટના અંગે ફરિયાદ કરી હતી. ASP સિંહાએ કહ્યું કે, પીડિતાના પરિવારની ફરિયાદ પર આરોપી અંકિત વર્મા વિરૂદ્ધ પોક્સો એક્ટ અને અપહરણ અને બળાત્કાર સહિત ભારતીય દંડ સંહિતાની અન્ય સંબંધિત કલમો હેઠળ એફઆઈઆર નોંધીને કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૦૭ સને ૨૦૨૪-૨૫**
**(ફક્ત વિદ્યુત તથા આવા કામના અનુભવી ઠેકેદારશ્રીઓ માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેર, ઈ.એસ.આઈ. વિદ્યુત પેટા વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, એ/૯, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદની વિદ્યુત કામના ઠેકેદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામની અંદાજિત રકમ રૂા.૧,૯૫,૭૧૧=૭૪ છે.

આ કામના ટેન્ડરો https://tender.nprocure.com ઉપરથી જોવા મળશે અને આ સાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર તા.૧૭-૦૯-૨૦૨૪ના રોજ ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે. શક્ય હશે તો ટેન્ડર તા.૧૭-૦૯-૨૦૨૪ના રોજ ૧૬.૦૫ કલાકે ઉપર જણાવેલ કચેરીમાં ઓનલાઈન ખોલવામાં આવશે. ટેન્ડર રૂબરૂ/ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં.

આ કામની વિગતવાર નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. તેમજ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપરથી જોઈ શકાશે. આ સિવાય વધુ વિગત માટે ઉપરોક્ત કચેરીમાં જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂમાં સંપર્ક સાધવા વિનંતી છે. **ક્રમાંક/સંમાનિ/અમદ/૭૬૦/૨૦૨૪**

## ભારતની દીકરીની કમાલ

# પેરિસ પેરાલિમ્પિકમાં શટલર નિથ્યાએ બ્રોન્ઝ મેડલ જીત્યો



પેરિસ, તા.૩

ભારતની મહિલા બેડમિન્ટન ખેલાડી નિથ્યા શ્રી સિવને પેરિસ પેરાલિમ્પિક ૨૦૨૪માં SH6 કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો. નિથ્યાએ લા ચૈપલ એરિના કોર્ટ ૩મા ઈન્ડોનેશિયાની રીના માર્લિનાને ૨૧-૧૪, ૨૧-૬થી પરાજય આપ્યો. SH6 કેટેગરી તે એથ્લિટો માટે છે જેમનું કદ નાનું છે. નિથ્યાએ શરૂઆતમાં જ મેચમાં પોતાની લીડ બનાવી લીધી હતી. પ્રથમ ગેમમાં તેણે ૭-૦થી લીડ બનાવી હતી પણ ઈન્ડોનેશિયાની રીના માર્લિનાએ પણ જોરદાર પુનરાગમન કરતા સ્કોરને ૧૦-૧૦ કરી દીધો. જો કે, ત્યારબાદ નિથ્યાએ માર્લિનાને કોઈ તક આપી નહીં અને ૧૩ મિનિટમાં પ્રથમ ગેમ પોતાના નામે કરી લીધી. બીજી ગેમમાં પણ નિથ્યા માર્લિના પર હાવી રહી અને શાનદાર શરૂઆત સાથે ૧૦-૨ની મોટી લીડ બનાવતા આસાનીથી મેડલને સુરક્ષિત કરી લીધો. તમિલનાડુના હોસુરમાં જન્મેલી નિથ્યા હાલના સમયમાં મહિલા સિંગલ્સ SH6 કેટેગરીમાં વિશ્વના નંબર વન છે. રમતના માહોલમાં ઉછરેલી નિથ્યાને શરૂઆતમાં ક્રિકેટમાં રસ હતો. જો કે, તેણે ૨૦૧૬માં રિયો ઓલિમ્પિક જોતા બેડમિન્ટન પ્રતિ આકર્ષાઈ અને પછી લિન ડૈનની પ્રશંસક બની ગઈ. તેણે એક લોકલ એકેડમીમાં બેડમિન્ટન રમવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં આર્થિક તંગીના કારણે સપ્તાહમાં ફક્ત બે વખત જ ટ્રેનિંગ માટે જતી હતી. નિથ્યાએ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પ્રતિયોગિતામાં મહત્ત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત કરી છે. તેની સિદ્ધિઓમાં બહેરીનમાં ૨૦૨૧માં એશિયન યુથ પૈરા ગેમ્સમાં સિંગલ્સમાં ગોલ્ડ મેડલ, ટોક્યોમાં વિશ્વ ચેમ્પિયનશીપ ૨૦૨૨માં સિંગલ્સ અને ડબલ્સમાં બ્રોન્ઝ અને અલગ-અલગ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં અનેક ગોલ્ડ મેડલ સામેલ છે.

# ભારતીય તીરંદાજી જોડી શીતલ દેવી અને રાકેશકુમારે બ્રોન્ઝ મેડલ જીત્યો



પેરિસ, તા.૩

ભારતીય તીરંદાજી જોડી શીતલ દેવી અને રાકેશકુમારે ઈટાલીના એલોનોરા સારતી અને માટેઓ બોનાસીનાને ૧૫૬-૧૫૫થી હરાવી પેરાલિમ્પિક ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીતી લીધો છે. આ ભારતનો તીરંદાજીમાં બીજો પેરાલિમ્પિક મેડલ છે. આ પહેલાં ટોક્યો પેરાલિમ્પિકમાં હરવિંદરસિંહે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. અંતિમ ચાર નિશાન લગાવતા પહેલાં ભારત એક પોઈન્ટ પાછળ ચાલી રહ્યું હતું. સારતીએ શાનદાર પ્રદર્શન કર્યું. જ્યારે તેના જોડીદાર બોનાસીના થોડો સંઘર્ષ કરતા દેખાયા. જો કે, ભારતીય જોડીએ અંતે જીત પ્રાપ્ત કરી. આ પહેલાં સેમિફાઈનલમાં ભારતીય જોડીને ઈરાનના હાદી નોરી અને ફાતેમેહ હેમતીથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ભારત અને ઈરાનનો મુકાબલો ૧૫૨-૧૫૨થી બરાબરી પર છૂટ્યો હતો પણ શૂટ ઓફમાં હેમતીના સચોટ નિશાને કુમાર અને દેવીના ગોલ્ડ મેડલ જીતવાની આશા પર પાણી ફેરવી દીધું. ૧૭ વર્ષીય શીતલ ૨૦૦૭માં ફોકોમેલિયા નામની એક દુર્લભ જન્મજાત વિકૃતિ સાથે પેદા થઈ હતી. ૩૯ વર્ષીય રાકેશને કમરમાં ઈજા થઈ હતી અને ૨૦૦૯માં ઠીક થયા બાદ તેને અહેસાસ થયો કે તેને જીવનભર વ્હીલચેર પર રહેવું પડશે. આનાથી તે ડિપ્રેશનમાં આવી ગયો અને તેણે આત્મહત્યા કરવા સુધીનું વિચારી લીધું હતું. રવિવારે પુરૂષોની કમ્પાઉન્ડ ઓપન સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મુકાબલામાં રાકેશને ચીનના જ હી ઝિયાઓ સામે એક પોઈન્ટથી હારનો સામનો કરવો પડ્યો હતો.

## ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં પહેલીવાર

# પાકિસ્તાનને ક્લીનસ્વીપ કરી બાંગ્લાદેશે ઇતિહાસ રચ્યો

રાવલપિંડી, તા.૩

પાકિસ્તાનને પોતાના જ ઘરમાં બાંગ્લાદેશે ધૂળ ચટાડી દીધી છે. રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી બે મેચોની ટેસ્ટ સિરીઝમાં બાંગ્લાદેશે ક્લીનસ્વીપ કરી ઈતિહાસ રચ્યો છે. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં પહેલીવાર બાંગ્લાદેશે પાકિસ્તાન વિરુદ્ધ ક્લીનસ્વીપ કર્યું છે. ૧૮૫ રનના લક્ષ્યાંકનો પીછો કરતા બાંગ્લાદેશે ૫૬ ઓવરમાં ચાર વિકેટે ૧૮૫ રન બનાવી મેચ પોતાના નામે કરી લીધી. અબરાર અહેમદની બોલિંગમાં શાકીબુલ હસને જેવો જ વિજયી ચોગ્ગો ફટકાર્યો બાંગ્લાદેશની ટીમ ખુશીથી ઝૂમી ઊઠી. બાંગ્લાદેશમાં પરિસ્થિતિ છેલ્લા કેટલાક મહિનાથી ઘણી ખરાબ રહી છે. આવામાં બાંગ્લાદેશી ક્રિકેટ પ્રશંસક માટે આ ટેસ્ટ સિરીઝ જીતનું મહત્ત્વ વધારે છે. મેચનો પ્રથમ દિવસ વરસાદમાં ધોવાઈ ગયો હતો. બીજા દિવસે પાકિસ્તાનની પૂરી ટીમ ૨૭૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી અને બાંગ્લાદેશે જવાબમાં ૨૬ રનમાં ૬ વિકેટ ગુમાવી દીધી હતી. એક સમયે એવું લાગ્યું કે, પાકિસ્તાન પ્રથમ ટેસ્ટમાં થયેલી ૧૦ વિકેટની હારનો બદલો લેશે પણ પછી લિટન દાસ અને મેહદી હસન મિરાઝ મળીને પાકિસ્તાનની આશા પર પાણી ફેરવી દીધું. પાણી ફેરવવાનું કામ એકલા બાંગ્લાદેશે નથી કર્યું, પાકિસ્તાનની ખરાબ ફિલ્ડિંગે પણ બાંગ્લાદેશનો મેચમાં પુનરાગમન કરવામાં ઘણી મદદ કરી. પ્રથમ ઈનિંગમાં જ્યાં બાંગ્લાદેશ માટે ૫૦ રન પણ મુશ્કેલ લાગી રહ્યા હતા, તેણે ૨૬૨ રન બનાવી નાંખ્યા. પાકિસ્તાન બીજી ઈનિંગમાં ફક્ત ૧૭૨ રનમાં ઓલઆઉટ થઈ ગયું અને બાંગ્લાદેશને જીત માટે ૧૮૫ રનનું લક્ષ્યાંક મળ્યું હતું. પ્રથમ ટેસ્ટ મેચ બાંગ્લાદેશે ૧૦ વિકેટે જીતી હતી. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં બાંગ્લાદેશની પાકિસ્તાન વિરુદ્ધ આ પ્રથમ જીત હતી.

# WTCની ફાઈનલ લોર્ડ્સમાં ૧૧થી ૧૫ જૂન વચ્ચે રમાશે

નવી દિલ્હી, તા.૩

આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૫ની ફાઈનલ મેચ કઈ બે ટીમો વચ્ચે રમાશે તેનો નિર્ણય થવામાં હજુ ઘણો સમય લાગશે પણ તે ક્યારે અને ક્યાં રમાશે તેનો નિર્ણય થઈ ચૂક્યો છે. આઈસીસીએ જાહેરાત કરી છે કે, ૧૧થી ૧૫ જૂન વચ્ચે આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ત્રીજી સિઝનની ફાઈનલ મેચ લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે. આ ઐતિહાસિક ટેસ્ટ મેચ માટે ૧૬ જૂનનો રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. આ પ્રથમ પ્રસંગ હશે જ્યારે આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલ મેચ લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે. આ પહેલાં બંને ફાઈનલ મેચ લંડનના ધ ઓવલના મેદાન પર રમાઈ હતી. ઓસ્ટ્રેલિયા ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. જેણે આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ૨૦૨૧-૨૩ની ફાઈનલ મેચમાં ભારતને હરાવી ટાઈટલ કબજે કર્યું હતું. જ્યારે આ ટુર્નામેન્ટની પ્રથમ સિઝનમાં ફાઈનલ મેચ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ હતી. જ્યાં ન્યુઝીલેન્ડે ટાઈટલ પોતાના નામે કર્યું હતું. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૫ના પોઈન્ટ ટેબલમાં ટોચની બે ટીમો વચ્ચે ફાઈનલ રમાશે. હાલના સમયમાં ભારત ટોપ ઉપર છે. જ્યારે ઓસ્ટ્રેલિયા બીજા સ્થાને છે. હાલની સ્થિતિ જોઈને એવું લાગી રહ્યું છે કે, ફાઈનલ મેચ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાશે. WTC ૨૦૨૩-૨૫માં નવ ટીમો ભાગ લઈ રહી છે એમાં ભારત, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, દ. આફ્રિકા, બાંગ્લાદેશ, શ્રીલંકા, પાકિસ્તાન અને વેસ્ટઈન્ડિઝનું નામ સામેલ છે. પાકિસ્તાન, બાંગ્લાદેશ અને વેસ્ટઈન્ડિઝ માટે ફાઈનલમાં પહોંચવાના દરવાજા લગભગ બંધ થઈ ચૂક્યા છે. જ્યારે બાકીની બધી ટીમો પાસે ફાઈનલમાં પહોંચવાની તક છે.

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**
CIN : L65110TN2014PLC097792
**રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨**

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩(૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૧૨.૬.૨૦૨૪**ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧. અરવિંદ ઓટોમોબાઈલ્સ પ્રા.લિ., ૨. નિલેશકુમાર અરવિંદભાઈ પટેલ, ૩. જૈનિતાબેન નિલેશભાઈ પટેલ, ૪. ઉર્મિલાબેન અરવિંદભાઈ પટેલ**ના **રૂા.૩,૭૬,૩૭,૦૦૮.૫૯/- (ફક્ત રૂપિયા ત્રણ કરોડ છોતેર લાખ સાડત્રીસ હજાર આઠ અને ઓગણસાઈઠ પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૧૨.૦૬.૨૦૨૪** મુજબ સુધી પુનઃચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.
દેણદારો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહીકર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **પ્રતિકાત્મક કબજો ૩૦મી ઓગસ્ટ ૨૦૨૪**નાં રોજ લેવામાં આવ્યો છે.
ખાસ કરીને દેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૩,૭૬,૩૭,૦૦૮.૫૯/- (ફક્ત રૂપિયા ત્રણ કરોડ છોતેર લાખ સાડત્રીસ હજાર આઠ અને ઓગણસાઈઠ પૈસા પૂરા)** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.
દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

**સ્થાવર મિલકતોનું વર્ણન**

સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું ઓટોમોબાલ્સ શોરૂમ અને વર્ક શોપ, ચરોત્તર બેંક પાસે, આણંદ, કુલ ક્ષેત્રફળ ૧૧૪૦૯.૫૮ ચો.ફૂટ (૧૦૬૦.૩૭ ચો.મી.) અને ત્યાં બંધાયેલ સ્થિત જમીન ધરાવતા આર.એસ. નં.૨૪૨૦/એ/૧/પી, સી.એસ.નં.૩૫૭ અને ૩૫૬, ટી.પી સ્કીમ નં.૧, એફપી નં.૩૬૭ અને ૩૬૮/બી, અરવિંદ ઓટોમોબાઈલ્સ પ્રા.લિ.ના નામે, ગામ મોજે : આણંદ, રજિ. જિ. અને સબ જિ. આણંદ, ગુજરાત -૩૮૮૦૦૧ કહેવાતી મિલકતની નીચે મુજબ ખૂંટ : પૂર્વ : એફ.પી. નં.૩૬૬, પશ્ચિમ : એફપી નં.૩૬૮ પૈકીનો બાકીનો પ્લોટ, ઉત્તર : એફપી ૩૬૮ પૈકી, દક્ષિણ : ૧૫.૨૪ મી. પહોળો ટીપી રોડ

**તારીખ : ૩૦.૦૮.૨૦૨૪**
**સ્થળ : ગુજરાત**
**લોન એકાઉન્ટ નં : 1167231, 1220147 & 1779041**

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**

**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**
**(સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૧) સાથે વાંચેલા પરિશિષ્ટ IV મુજબ)**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**
રિટેલ સેન્ટ્રલ અને રજિસ્ટર્ડ કાર્યાલય : એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮

જ્યારે, મૂળ ધિરાણકર્તાઓએ નીચેની નાણાકીય અસ્કયામતો **એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**ને સોંપી છે જે નીચે દર્શાવેલ વિવિધ ટ્રસ્ટીઓ **(EARC)** તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરી રહી છે. અસાઈનમેન્ટ કરારો અનુસાર, **SARFAESI** એક્ટ, ૨૦૦૨ની કલમ ૫ હેઠળ, **EARC** એ અસાઈનરના કાર્યક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે અને અંતર્ગત સુરક્ષા હિતો, બાંયધરી, વચનો સહિત નાણાકીય અસ્કયામતોના સંદર્ભમાં અસાઈનરના તમામ હક્ક, ટાઈટલ અને હિતો. દેણદારો દ્વારા લેવામાં આવતી નાણાકીય સહાયના સંદર્ભમાં **EARC**માં નિહિત છે અને **EARC** સુરક્ષિત દેણદાર તરીકે તેના તમામ અધિકારોનો ઉપયોગ કરે છે. **EARC**ના અધિકૃત અધિકારી, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (અધિનિયમ), ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમોના (નિયમ ૩) સાથે વાંચેલા સેક્શન ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ માટે , ૨૦૦૨ એ નીચે દર્શાવેલ ડિમાન્ડ નોટિસ જારી કરીને દેણદાર(રો)ને નોટિસમાં દર્શાવેલ રકમની ચુકવણી નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર કરવા માટે આહ્વાન કર્યું હતું. દેણદારો રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, આથી દેણદારો અને સામાન્ય રીતે લોકોને નોટિસ આપવામાં આવે છે કે **એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**ના અધિકૃત અધિકારી હોવાના કારણે નીચે હસ્તાક્ષરિત વ્યક્તિએ આપેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતોનો **ભૌતિક કબજો** લઈ લીધો છે. તેને અધિનિયમની કલમ ૧૩ ની પેટા-કલમ (૪) હેઠળ દરેક મિલકત સામે ઉલ્લેખિત તારીખે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વાંચો. દેણદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે. ખાસ કરીને દેણદારને અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી સાવચેતી આપવામાં આવે છે કે તે મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજ માટે એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડના ચાર્જને આધીન રહેશે.

| અસાઈનરનું નામ | ટ્રસ્ટનું નામ | લોન એકા. નં. | દેણદાર અને સહ-દેણદાર(રો)ના નામ | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ (AUSFBL) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૩૭૯ | 90010608 13236255 | ૧) શ્રી લાલચંદ ખીમચંદ ખત્રી (દેણદાર અને મોર્ગેજર) ૨) શ્રીમતી તમના લાલચંદ ખત્રી (સહ-દેણદાર) | રૂા.૩,૨૪,૯૮૩/- (ફક્ત રૂા. ત્રણ લાખ ચોવીસ હજાર નવસો ત્યાસી) ૨૧.૦૬.૨૦૧૯ અને ૨૪.૦૬.૨૦૧૯ મુજબ | ૨૯.૦૮.૨૦૨૪ | ભૌતિક કબજો |
| **સલામત મિલકતનું વર્ણન :** - સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા રેવન્યુ સર્વે ન.૨૪૮, વીવી નં.૨, સીએસ નં.૮૯૮, બ્લોક નં.૬, ફ્લેટ નં.૧૩૯, બીજો માળ, ગુજરાત હા.બોર્ડ, આનંદ નગર, મન્જિયાપુરા રોડ, તા. નડિયાદ, જિ. ખેડા, ગુજરાત-ક્ષેત્રફળ ૩૭.૨૧ ચો.મી. શ્રી લાલચંદ ખીમચંદ ખત્રી દ્વારા ખરીદાયેલ અને આ મુજબ ખૂંટ : ઉત્તર તરફ : બ્લોક નં.૬નો કોમન રોડ પછી ફ્લેટ નં.૧૩૮, દક્ષિણ તરફ : રોડ, પૂર્વ તરફ : બ્લોક નં.૫, પશ્ચિમ તરફ : ફ્લેટ નં.૧૪૦ સાથે કોમન દીવાલ | | | | | | |
| બજાજ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (BHFL) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૨૨ | H432FRL 0332782 | ૧) શ્રી રાહુલ જગદીશકુમાર પાનારા (દેણદાર) અને ૨) શ્રીમતી પૂનમબેન આર. પાનારા (સહ-દેણદાર) | રૂા.૮,૭૬,૫૭૭.૧૩/- (ફક્ત રૂા. આઠ લાખ છોત્તેર હજાર પાંચસો સિત્યોત્તેર અને તેર પૈસા) ૨૭.૦૨.૨૦૨૩ અને ૨૭.૦૨.૨૦૨૩ મુજબ | ૨૯.૦૮.૨૦૨૪ | ભૌતિક કબજો |
| **સલામત મિલકતનું વર્ણન :**- સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા મોજે નડિયાદ, કાકરખડ પાર્ટી રેવન્યુ સર્વે નં.૨૯૪૮, ટી.પી. નં.૧ પૈકી ફાઈનલ પ્લોટ નં.૨૬૧, ૨૬૨, ઓમ પાર્ક કોમપ્લેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં.જી-૨૩ પૈકી ક્ષેત્રફળ ૧૧-૧૩ મ્યુ. વોર્ડ નં.૨-એ, મ્યુ. મિલકત નં.૩૭૮૪૧૧૯ ચો.મી. તા. નડિયાદ, જિ. ખેડા-૩૮૭૦૦૧ અને આ મુજબ ખૂંટ : ઉત્તર તરફ : દુકાન નં.જી-૨૨, દક્ષિણ તરફ : દુકાન નં.જી-૨૪, પૂર્વ તરફ : ઓમ પાર્ક કોમ્પ્લેક્ષની મિલકત, પશ્ચિમ તરફ : દુકાન નં.જી-૨૦ | | | | | | |

**તારીખ : ૦૪.૦૯.૨૦૨૪**
**સ્થળ : ગુજરાત**

**અધિકૃત અધિકારી**
**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

Edelweiss Asset Reconstruction

**ગુજરાત ટુડે**
**ટચુકડી જાહેર ખબર**

**વેચવાનું છે**

**વેચવાનું છે**
3 બેડરૂમનું ટોપ ફ્લોરનું લક્ઝુરિયસ એપાર્ટમેન્ટ અંદાજે 300 સ્કે.યાર્ડ, આઈમાન પાર્ક, કાદરી પાર્ટી પ્લોટની નજીક, ટી.પી. 85, સરખેજ
**9913398786**

**બંગલો વેચવાનો છે (આણંદ)**
1970 sq.feet જમીન, 3 BHK બંગલો, સૂફિયાન રેસિડેન્સી, સામરખા ચોકડી (અમદાવાદ-બરોડા હાઈવે) કાર પાર્કિંગ, ગાર્ડન એરિયા, તાત્કાલિક વેચવાનો છે
**7984014683**

**ખાનપુરમાં મકાન વેચવાનું છે**
આશરે 25 વારનું નીચે દુકાન ઉપર ત્રણ માળ. પ્રાઈમ લોકેશન પાર્કિંગ સુવિધા
**9898030166**

**લગ્ન વિષયક**

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈપ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
**9825215334**
**9904969895**

**વ્યવસાયીલક્ષી/અન્ય**

**ન્યુઝીલેન્ડમાં બાળકને સાચવવા માટે**
૨૦થી ૪૦ વર્ષની બાઈ પગાર-રહેવા ખાવા-પીવાની સગવડ સાથે
**9427961614**

# અમે RSS - ભાજપને કાન પકડીને ઉઠક-બેઠક કરાવશું : જાતિ ગણતરી અંગે લાલુ પ્રસાદ યાદવ

(એજન્સી) તા.૩

લાલુની ટિપ્પણી આરએસએસના એ નિવેદનના એક દિવસ બાદ આવી છે જ્યારે તેણે કહ્યું કે, એકત્ર કરાયેલ ડેટાનો ઉપયોગ વંચિતોના કલ્યાણ માટે કરવામાં આવે તો જ તે જાતિની વસ્તી ગણતરીને સમર્થન આપશે અને રાજકીય કારણોસર નહીં. જાતિ આધારિત વસ્તીની ગણતરીના મુદ્દા પર ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર પર હુમલો શરૂ કરતા, આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદે જાહેર કર્યું કે વિપક્ષ સરકાર પર એટલી તીવ્રતાથી દબાણ કરશે કે તે વસ્તી ગણતરી કરવા માટે મજબૂર થશે. તેમની ટિપ્પણી આરએસએસના એક દિવસ પછી આવી છે જ્યારે એકત્ર કરાયેલ ડેટાનો ઉપયોગ રાજકીય કારણોસર નહીં પરંતુ વંચિતોના કલ્યાણ માટે કરવામાં આવે તો જ તે જાતિની વસ્તી ગણતરીને સમર્થન આપશે. લાલુ પ્રસાદે X પર પોસ્ટ કર્યું કે, 'અમે



આરએસએસ, બીજેપીને કાન પકડાવી ઉઠ-બેસ કરાવીશું અને જાતિની વસ્તી ગણતરી કરાવીશું. તેમની પાસે એવી કઈ સત્તા છે કે તેઓ જાતિની વસ્તી ગણતરી નહીં કરે ? અમે તેમને એટલું દબાણ કરીશું કે તેમને કરવું પડશે. દલિતો, પછાત, આદિવાસીઓ અને ગરીબો માટે એકતા બતાવવાનો સમય આવી ગયો છે,'. સિંગાપોરમાં રૂટિન ચેક-અપ પછી પટના પરત ફર્યા બાદ તેમણે આ લખ્યું હતું. પ્રસાદનું કિડની ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન ડિસેમ્બર ૨૦૨૨માં સિંગાપોરમાં સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. RJDએ ૧ સપ્ટેમ્બર, રવિવારના રોજ રાજ્યવ્યાપી એક દિવસીય ધરણાનું આયોજન કર્યું હતું, જેમાં રાષ્ટ્રવ્યાપી જાતિ વસ્તી ગણતરી અને બિહાર સરકાર દ્વારા બંધારણની નવમી અનુસૂચિમાં ક્વોટા વધારાનો સમાવેશ કરવાની હાકલ કરી હતી. પટનામાં પાર્ટીના કાર્યકરોને સંબોધતા આરજેડી નેતા તેજસ્વી યાદવે આરોપ લગાવ્યો હતો કે કેન્દ્ર અને રાજ્યમાં એનડીએ સરકાર 'સમાજના વંચિત વર્ગ માટે અનામતની વિરૂદ્ધ' અને જાતિ ગણતરીની વિરૂદ્ધ છે. યાદવે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર બંધારણની ૯મી અનુસૂચિમાં બિહારમાં વંચિત જાતિઓ માટે વધારેલા ક્વોટાના સમાવેશને લઈને સંસદ અને લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂક્યો હતો.

# 'આપણી અદાલત માટે સૌથી મોટો પડકાર ધાર્મિક લઘુમતીઓ છે, આ સમસ્યા વધુ ખરાબ થઈ રહી છે' : સુપ્રીમ કોર્ટના વકીલ સૌરભ કિરપાલ

**સૌરભ કિરપાલે સેન્ટ સ્ટીફન્સમાંથી ભૌતિકશાસ્ત્રમાં મેજર કર્યું અને ઓક્સફોર્ડમાં ટ્રેક અને કાયદાનો અભ્યાસ કર્યા પછી કેમ્બ્રિજમાંથી માસ્ટર્સ કર્યું. ૧૯૯૦ના દાયકાથી, તેમણે સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરી રહ્યા છે, તેઓએ બંધારણીય, વ્યાપારી, નાગરિક અને ફોજદારી કાયદા સહિતના ઘણા મહત્ત્વપૂર્ણ કેસોમાં દલીલો કરી છે**

(એજન્સી) તા.૩

**અપૂર્વ વિશ્વનાથઃ તમારું નવીનતમ પુસ્તક આવ્યું છે અને તેને કાયદાનું ઔપચારિક વાંચન કહીએ છીએ તે વાસ્તવિક સમાનતા છે તે અમારી અદાલતોમાં આ પરિવર્તનને દર્શાવે છે? અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ક્વોટામાં ક્રિમીલેયર વિશે વાત કરવામાં આવી હતી અને અન્ય ન્યાયાધીશ જે તેમની સાથે સંમત છે. તો, સુપ્રીમ કોર્ટ આ પ્રશ્ન કેવી રીતે નક્કી કરે છે ?**




**ઉત્તર :** આ પ્રશ્ન કોર્ટમાં ચુકાદાની મૂળભૂત

## સુપ્રીમ કોર્ટના વકીલ સૌરભ કિરપાલ સાથે ધ ઈન્ડિયન એક્સપ્રેસના નેશનલ લીગલ એડિટર અપૂર્વ વિશ્વનાથે વાતચીત કરી હતી

રીત અંગેનો છે. શું ન્યાયાધીશો તેમની પોતાની વિચારધારાઓથી દૂર રહી શકે છે? તેનો ટૂંકો જવાબ ના છે. કાનૂની તાલીમ ન્યાયાધીશોને તેમની વિચારસરણીમાં તટસ્થ રહેવાની અને કાયદા અને બંધારણ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કહે છે. SC માટે ક્રિમીલેયરના વિચારમાં સમસ્યા છે. આપણા બંધારણીય ન્યાયશાસ્ત્રમાં તેનું કોઈ સ્થાન નથી કારણ કે તે ઐતિહાસિક ભેદભાવના વિચારને મૂળભૂત રીતે નબળો પાડે છે.

**અપૂર્વ વિશ્વનાથ : છેલ્લા કેટલાક વર્ષોમાં, સમાનતાના અન્ય પાસાઓ પર - લિંગ, જાતીય લઘુમતીઓ અને અપંગતાના અધિકારો પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. જાતિ સિવાય, અદાલતે આ બાબતો પર કેવી રીતે કાર્યવાહી કરી છે ?**

**ઉત્તર :** તેમાં કેટલાક ઉતાર-ચઢાવ આવ્યા છે. સ્ત્રીઓ માટે, તે વર્ષોથી સતત સુધર્યું છે... જાતિની દૃષ્ટિએ, તે સતત વધતું અથવા ઘટતું રહે છે કારણ કે તે વિવાદાસ્પદ છે... પરંતુ, મને લાગે છે કે તે સૌથી મોટો પડકાર જે આપણી અદાલત સામે છે તે ધાર્મિક લઘુમતીઓની છે... સમસ્યા અત્યારે વધુ ખરાબ થઈ રહી છે અને તેથી ધાર્મિક લઘુમતીઓને તે રક્ષણ મળતું નથી જેની તેમને જરૂર છે.

**અપૂર્વ વિશ્વનાથ : ગયા વર્ષના કોલેજિયમના ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે સરકારને તમારી ઉમેદવારી સામે વાંધો હોવાના બે કારણો છે. તમારા વિચારો શું છે? શું તમે હજી પણ ઉચ્ચ ન્યાયાધીશના પદનો સ્વીકાર કરશો?**

**ઉત્તર :** અલબત્ત હું તેને સ્વીકારીશ. જ્યારે મને તેની ઓફર કરવામાં આવી ત્યારે હું ૪૫ વર્ષનો હતો. જો હું તે સમયે ન્યાયાધીશ બન્યો હોત, તો હું દેશના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશો પૈકી એક હોત. વધુ મજબૂત ન્યાયતંત્રની જરૂરિયાત માત્ર સાત વર્ષમાં વધી છે. વિલક્ષણ સમુદાય અથવા ખરેખર અન્ય કોઈપણ વંચિત સમુદાય માટે મારે રોલ મોડેલ તરીકે લડવું પડશે તે વિચાર માત્ર મજબૂત બન્યો છે.

**અપૂર્વ વિશ્વનાથ : કાયદા મંત્રાલય જે સંદર્ભ આપે છે તે એ છે કે તમે ગે સમુદાયના વિચારને સમર્થન આપો છો અને જ્યારે તમે ન્યાયાધીશ બનશો ત્યારે તે પક્ષપાત હોય શકે છે.**

**ઉત્તર :** તેનો અર્થ શું છે? એક વ્યક્તિનો પક્ષપાત એ બીજી વ્યક્તિનું બંધારણનું પાલન છે. આપણે ઘણી મહિલા ન્યાયાધીશોને એમ કહેતા જોઈએ છીએ કે આપણા દેશમાં મહિલાઓ સાથે ખરાબ વર્તન કરવામાં આવે છે. ન્યાયાધીશ બી.વી. નાગરથનાએ ઘણા ચુકાદાઓ આપ્યા છે જ્યાં તેઓ વાત કરે છે કે ન્યાયાધીશ સમાજમાં મહિલાઓનું સ્થાન કેવી રીતે સુધારી શકે છે. તે પૂર્વગ્રહ નથી, તે વાસ્તવિકતા છે. તે ન્યાયાધીશનું કામ છે.

**અપૂર્વ વિશ્વનાથ : બુલડોઝર જસ્ટિસ હોય કે પછી કંવર યાત્રા માટે દુકાન પર બોર્ડ મૂકવાની વાત હોય - કોર્ટ આ કેસો ખરેખર મોડેથી સાંભળે છે?**

**ઉત્તર :** ધાર્મિક લઘુમતીઓના સંદર્ભમાં અન્યાયને પૂર્વવત્ કરવાની સમસ્યા છે પણ એ હકીકત નથી કે અદાલતો તેમના વિશે કંઈ કરી રહી નથી, મૂળભૂત સમસ્યા એ છે કે આ બધું સુપ્રીમ કોર્ટમાં આવે છે. પરંતુ નાગરિકોનો સંપર્કનો પ્રથમ સ્થાન એ ભારતની સર્વોચ્ચ અદાલત નથી. તે ટ્રાયલ કોર્ટ છે, ઉચ્ચ અદાલતો અને ટ્રાયલ કોર્ટ એવા લોકોને જામીન આપી રહી નથી જેમને ઝડપથી જામીન મેળવવાની જરૂર છે. જ્યારે જરૂર પડે ત્યારે ઉચ્ચ અદાલતો બુલડોઝર્સને તોડી પાડવાથી રોકવા માટે પૂરતી ઝડપથી હસ્તક્ષેપ કરી રહી નથી.

મને લાગે છે કે અધિકારોને રાજકીય મુદ્દો બનાવવાની જરૂર છે. અમે જોયું છે કે ૨૦૧૮થી ૨૦૨૪ સુધી દેશ કેટલી ઝડપથી બદલાઈ ગયો છે... અમે સમગ્ર વિશ્વમાં આ જોયું છે. યુ.એસ.માં લગ્ન સમાનતાનો કેસ ૨૦૧૫માં હતો. તે સમય માટે તે આઘાતજનક હતો. તે પછી, ગયા વર્ષે, ગર્ભપાત કેસમાં ચુકાદા પછી, લગ્ન કરવાનો અધિકાર હવે ફેડરલ કાયદામાં સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. તે એક રાજકીય દબાણને કારણે છે

**દીપ્તિમાન તિવારી : આપણે નીચલી અદાલતો અને સુપ્રીમ કોર્ટ બંનેમાં જોઈએ છીએ કે તેમના પર એક પ્રકારનું સામાજિક-રાજકીય દબાણ હોય છે અને ચુકાદાઓ અને અવલોકનો પર તેની અસર પડે છે?**

**ઉત્તર :** અમે તાજેતરના ભૂતકાળમાં જોયું છે કે અદાલતોએ અમુક કાયદાકીય મુદ્દાઓ, વિવાદાસ્પદ કેસો, લોકોને જામીન આપવા વગેરે પર ધ્યાન આપ્યું છે. અરવિંદ કેજરીવાલ અને હેમંત સોરેનનો કેસ જુઓ. સોરેનને જામીન મળી ગયા અને કેજરીવાલને જામીન મળી ગયા અને પછી તેના પર સ્ટે મૂકવામાં આવ્યો રાજકીય વાતાવરણ જે કેસોના પરિણામને આકાર આપે છે તે માટે, જ્યારે તમારે ડરવાનું કંઈ ન હોય ત્યારે નિર્ભય રહેવું સરળ છે. મજબૂત એક્ઝિક્યુટિવ ન્યાયતંત્ર પર વધારાનું દબાણ લાવે છે.

**દીપ્તિમાન તિવારી : તો પછી ઉમર ખાલિદને જામીન કેમ મળતા નથી?**

**ઉત્તર :** તે આપણી કાનૂની વ્યવસ્થાની સૌથી મોટી વિડંબના છે કે ઉમર ખાલિદને હજુ સુધી જામીન મળ્યા નથી. તે આપણા સમાજ પર એક કલંક છે કે એક વ્યક્તિ આટલા લાંબા સમય સુધી ટ્રાયલ વિના જેલમાં રહે છે. હું કોઈ બહાનું આપતો નથી. આ એવી વસ્તુ છે જેના માટે આપણે શરમથી માથું ઝુકાવવું પડે છે.

**અપૂર્વ વિશ્વનાથ : આપણે ન્યાયતંત્રની સ્વતંત્રતા વિશે તો ઘણી વાતો કરીએ છીએ, પરંતુ સંસ્થાકીય નબળાઈઓ ક્યાં છે?**

**ઉત્તર :** મને લાગે છે કે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ વચ્ચે નિવૃત્તિની ઉંમરમાં તફાવત એ એક નબળાઈ છે. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ ૬૫ વર્ષની વયે નિવૃત્ત થાય છે, ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ ૬૨ વર્ષની વયે નિવૃત્ત થાય છે. તેથી ઉચ્ચ ન્યાયાલયના દરેક ન્યાયાધીશ સુપ્રીમ કોર્ટમાં જવા માંગે છે. અન્ય સંસ્થાકીય નબળાઈઓ એ પારદર્શિતાનો અભાવ છે.

**શાઈની વર્ગીસ : પર્યાવરણના મામલામાં જવાબદારી કોણ લે છે? ન્યાયતંત્ર કે કારોબારી?**

**ઉત્તર :** કાયદો બનાવવાનું કામ સંસદનું છે, તેનો અમલ કરવા માટે એક્ઝિક્યુટિવ પર છે, અને અદાલતોએ પગલાં લેવાનું છે અને એવું કહેવાનું છે તમે તે ચોક્કસ કાનૂન અથવા કાયદા હેઠળ પ્રદર્શન કર્યું નથી... પરંતુ એક મૂળભૂત તણાવ છે... કોર્ટના નિર્ણય અંગે સક્રિય ભૂમિકા અને પછી અમુક ચુકાદાઓ બનાવવા અથવા બીજી તરફ જ્યારે મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થતું હોય ત્યારે કંઈ ન કરવું. તે અઘરું છે, પરંતુ તે માત્ર અદાલતોમાં જ નહીં, પરંતુ નાગરિકો દ્વારા દરરોજ તેઓ તેમની અદાલતો વિશે કેવી રીતે વિચારે છે તે અંગેનો સામનો કરવો પડે છે... જ્યારે કોર્ટની સ્વાયત્તતા પર હુમલો કરવામાં આવ્યો ત્યારે ઈઝરાયેલમાં શું થયું તે તમે જોયું. લોકો શેરીઓમાં કૂચ કરી રહ્યા હતા. બંધારણ માત્ર ૩૪ જજો કે વકીલોનું નથી. તે દરેક ભારતીય નાગરિકનું છે.

**અસદ રહેમાનઃ નવા ધર્માંતરણ વિરોધી કાયદા અને સ્પેશિયલ મેરેજ એક્ટ અંગે તમે શું વિચારો છો કે અમે કેવી રીતે આગળ વધી શકીએ અને વિવિધ સમુદાયના લોકો માટે લગ્ન કરવાનું સરળ બનાવી શકીએ?**

**ઉત્તર :** સ્પેશિયલ મેરેજ એક્ટના સંદર્ભમાં, હું આશા રાખું છું કે અદાલતો ૩૦-દિવસમાં નિર્ણય કરશે... તે લોકોની સ્વાયત્તતાનું ઉલ્લંઘન કરે છે અને સંભવિત નિંદાનું કારણ બને છે, અને તેથી, ગેરબંધારણીય છે. ધર્માંતરણ વિરોધી કાયદાના સંદર્ભમાં, સુપ્રીમ કોર્ટ દ્વારા ભૂતકાળમાં અમુક કાયદાઓને સમર્થન આપવામાં આવ્યું છે, જેના પર પુનર્વિચારની જરૂર છે... લોકો તમામ પ્રકારના કારણોસર ધર્માંતરણ કરે છે. હું મારી જાતને હિંદુ કહું છું કારણ કે હું હિંદુ જન્મ્યો છું... મોટી સંખ્યામાં લોકો જે ધર્મ ધરાવે છે કારણ કે તેઓ એ રીતે જન્મ્યા હતા. જો કોઈ વ્યક્તિ તે બદલવાનો પ્રયાસ કરે છે, તો તેની પાસે કંઈક કારણ હોવું જોઈએ જે અર્થપૂર્ણ અને વ્યક્તિગત છે. અને તે રાજ્ય માટે પ્રશ્ન નથી કે તેઓ શા માટે ધર્માંતરણ કરવાના આ કારણની વિરુદ્ધ જઈ રહ્યા છે. આ ધર્માંતરણ વિરોધી કાયદાઓ ઘડીને તમે કઈ સમસ્યાને હલ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છો? તેથી, મને લાગે છે કે કોર્ટે તેના ચુકાદા પર ફરીથી વિચાર કરવો જોઈએ.

### ડ્રાઈવર-કંડક્ટરના દુઃખ-દર્દ જાણ્યાં

# કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ હવે બસની મુસાફરી કરી

## ડ્રાઈવર-કંડક્ટર અનિશ્ચિતતાના અંધકારમાં જીવવા માટે મજબૂર છે : હોમગાર્ડ જવાનો ૬ મહિનાથી પગાર વગરના છે : રાહુલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (DTC)ની બસમાં તેમની મુસાફરીનો વીડિયો શેર કર્યો છે. રાહુલ ગાંધીએ બસ કંડક્ટર, ડ્રાઈવર અને અન્ય કર્મચારીની સમસ્યા સાંભળી હતી. આ દરમિયાન તેમણે કહ્યું હતુ કે, 'ડ્રાઈવર અને કંડક્ટર અનિશ્ચિતતાના અંધકારમાં જીવવા માટે મજબૂર છે. મુસાફરોની સુરક્ષા માટે સતત તહેનાત હોમગાર્ડ જવાનો છેલ્લા ૬ મહિનાથી પગાર વગરના છે.' કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વીડિયો પોસ્ટ કરીને લખ્યું કે, 'થોડા દિવસો પહેલા દિલ્હીમાં બસની મુસાફરી કરી હતી. મેં દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (DTC) કર્મચારીઓ સાથે વાતચીત કરી અને તેમની દિનચર્યા અને સમસ્યાઓ વિશે માહિતી મેળવી હતી. ન તો સામાજિક સુરક્ષા, ન સ્થિર આવક, ન કાયમી નોકરી. કોન્ટ્રાક્ટ મજૂરીએ એક મોટી જવાબદારી ઘટાડીને ફરજિયાત બનાવી દીધી છે. ડ્રાઈવર અને કંડક્ટરોને અનિશ્ચિતતાના અંધકારમાં જીવવા માટે મજબૂર કરવામાં આવે છે અને મુસાફરોની સુરક્ષા માટે હોમગાર્ડ સતત તહેનાત છેલ્લા છ મહિનાથી પગાર મળ્યો નથી.' તેમણે લખ્યું કે, 'દેશભરના સરકારી કર્મચારીઓની જેમ ડીટીસી કર્મચારીઓ પણ ખાનગીકરણના સતત ભય હેઠળ જીવી રહ્યા



છે. આ એ લોકો છે જે ભારતને ચલાવે છે. તેઓ દરરોજ લાખો મુસાફરોની મુસાફરીને સરળ બનાવે છે. પરંતુ તેમના સમર્પણના બદલામાં, તેમને અન્યાય સિવાય કંઈ મળ્યું નથી. માંગણીઓ સ્પષ્ટ છે - સમાન કામ, સમાન વેતન, સંપૂર્ણ ન્યાય' કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથે વાત કરતી વખતે ડીટીસીના કર્મચારીએ જણાવ્યું હતું કે, 'અમને રોજના લગભગ ૮૧૬ રૂપિયા મળે છે. આમાં પીએફ સહિત અન્ય કપાત છે. મહિના દરમિયાન અમને આરામ મળતો નથી. તહેવારોમાં પણ રજા મળતી નથી. અમે કોઈ રજા લઈએ તો પૈસા કપાઈ જાય છે.' બસના ડ્રાઈવરે જણાવ્યું હતું કે, 'અમારો પગાર કિલોમીટર પ્રમાણે નક્કી થાય છે. ૮ કલાક કામ કરવું પડે છે. તે એક કે બે કલાક વધુ હોઈ શકે છે.' રાહુલે ગાંધી પૂછ્યું કે અમે તમને કેવી રીતે મદદ કરી શકીએ? તેના પર ડીટીસીના કર્મચારીએ જણાવ્યું કે, 'અમને ૫ મહિનાથી પગાર નથી મળી રહ્યો. ઘરનું ભાડું કેવી રીતે ચૂકવવું અને પરિવારનું ભરણપોષણ કેવી રીતે કરવું? બાળકો અભ્યાસ કરી શકતા નથી. બસ પણ યોગ્ય રીતે દોડતી નથી. રાજ્ય સરકાર કેન્દ્રનું કહે છે અને કેન્દ્ર સરકાર તેને રાજ્યનો મુદ્દો ગણાવીને બહાનું કાઢે છે. ફંડ ન આપવાના બહાના આપે છે. હવે અમને વધુ બે મહિના રાહ જોવાનું કહેવામાં આવ્યું છે. અમારી સાથે આવું વર્તન કરવામાં આવ્યું છે અને હવે નવી ભરતી થવા જઈ રહી છે, તેમની સાથે પણ આવો વ્યવહાર કરવામાં આવશે.'

# જીતુ પટવારી આક્રમક મિજાજમાં; દલિતો પર અત્યાચારના મામલે સરકાર ઘેરાઈ, પગલાં નહીં લેવાય તો ભૂખ હડતાળની ચીમકી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જીતુ પટવારીએ પોલીસ અને ભાજપ સરકાર બંનેની ટીકા કરી છે. તેમણે દલિતો સાથે ભેદભાવનો આક્ષેપ કર્યો હતો અને જો આ કેસમાં સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં નહીં આવે તો ભૂખ હડતાળની ચીમકી આપી હતી. ફોરેન્સિક ટીમની સાથે તહસીલદાર અને એસડીએમ દ્વારા કેસની તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તારણોમાં જાણવા મળ્યું છે કે જાટવે ટુવાલ વડે ફાંસો ખાધો હતો. ગ્વાલિયરના લક્ષ્મણપુર જલાલપુરના વોર્ડ નંબર ૬૩માં રહેતો સન્ની જાટવ મોરેનામાં તેની કાકી સાથે રહેતો હતો ત્યારે મજૂરી કામ કરતો હતો. તેમના પરિવારનો દાવો છે કે તેના મૃત્યુના ચાર દિવસ પહેલા પોલીસે તેની અટકાયત કરી હતી. તેની આત્મહત્યાના ચોક્કસ સંજોગો હજુ તપાસ હેઠળ છે. અગાઉ ૨૩ ઓગસ્ટના રોજ ખંડવા જિલ્લામાં વાહન ચોરીના કેસમાં પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવતા ધર્મેન્દ્ર નામના આદિવાસીએ પોલીસ જેલમાં ફાંસી લગાવી દીધી હતી. તેની પાસેથી ચોરીની મોટરસાયકલ મળી આવતાં પંઢાણા પોલીસે તેની અટકાયત કરી હતી. ધર્મેન્દ્રએ જેલની બારીમાંથી રૂમાલ બાંધીને ફાંસો ખાઈ લીધો. આરોપીના મોત બાદ સ્ટેશન ઈન્ચાર્જ સહિત ચાર પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ પહેલા તેઓ કટનીના જીઆરપી પોલીસ સ્ટેશનમાં દાદી અને પૌત્રને માર મારવાના મામલામાં ભૂખ હડતાળ પર પણ બેઠા હતા. જ્યાં સુધી પોલીસ સ્ટેશનમાં બંનેને માર મારનારા પોલીસકર્મીઓ વિરૂદ્ધ FIR નોંધવામાં ન આવે ત્યાં સુધી તેઓ ભૂખ હડતાળ પર બેઠા હતા. પટવારીએ કહ્યું હતું કે, ભાજપ અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોને સહેજ પણ આગળ વધવા દેવા માંગતી નથી પરંતુ કોંગ્રેસ ન્યાય સુનિશ્ચિત કરશે. તેમણે કહ્યું હતું કે, નફરતના બજારમાં પ્રેમની દુકાન ચાલતી રહેશે.



# કેનેડામાં ૨૪ કલાક કામની મર્યાદાને કારણે ભારતીય વિદ્યાર્થીઓને ભારે નાણાકીય ખેંચનો સામનો કરવો પડશે

**આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં સૌથી મોટું જૂથ કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓનું છે, કેમ્પસની બહાર સપ્તાહમાં ૨૪ કલાક જ કામ કરવાની મર્યાદા મૂકતો નવો નિયમ આવવાથી ભારતીય વિદ્યાર્થીઓને નાણાકીય રીતે ભારે ભીંસનો સામનો કરવો પડશે, વર્તમાન મહિનાથી નિયમ લાગુ થાય છે જેના કારણે ટોરોન્ટો જેવા શહેરમાં રોજિંદા જીવનનો ખર્ચ કાઢવાનું એમના માટે મુશ્કેલ બનશે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

કેનેડાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે કેમ્પસની બહાર અઠવાડિયામાં ૨૪ કલાક જ કામ કરવાનો મર્યાદા મૂકતો નવો નિયમ અમલમાં મૂક્યો છે. કેનેડાના આ નિર્ણય પાછળનો હેતુ બહાર કામ કરવાને મહત્ત્વ આપવાને બદલે વિદ્યાર્થીઓ અભ્યાસને મહત્ત્વ આપે એ જોવાનો છે પરંતુ આ નિયમથી કેનેડામાં સૌથી વધુ અને સૌથી મોટું આંતરરાષ્ટ્રીય જૂથ ગણાતા ભારતીય વિદ્યાર્થીઓને ભારે નાણાકીય ખેંચનો સામનો કરવો પડશે.

કોરોના મહામારી દરમિયાન ૨૦ કલાકની કામગીરીની મર્યાદા દૂર કરવામાં આવી હતી તેની મુદ્દત પણ ૩૦ એપ્રિલના રોજ પૂરી થઈ છે આથી નવો નિયમ લાગુ કરી દેવાયો છે દરેક આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી વધારાની કામગીરી કરીને કમાણી કરવા સિવાય અહીંનો ખર્ચ પહોંચી શકે નહીં એટલે નવા ફેડરલ નિયમને કારણે ભારતીય વિદ્યાર્થીઓને નાણાકીય ભીડનો સામનો કરવો પડશે.

કેનેડામાં ઉનાળુ કે શિયાળુ વેકેશન દરમિયાન આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર કામના કલાકોની કોઈ મર્યાદાઓ નથી. ૨૦૨૨માં કુલ ૫.૫ લાખ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંથી બે પોઈન્ટ ૨૬ લાખ ભારતીય વિદ્યાર્થીઓ હતા. ત્રણ પોઈન્ટ બે લાખ ભારતીઓ કેનેડામાં વિદ્યાર્થી વિઝા પર રહે છે અને કામગીરી કરીને કેનેડાના અર્થતંત્રને મદદરૂપ થાય છે. કેમ્પસની બહાર વધારાની કામગીરી



કરવાથી ભારતીય વિદ્યાર્થીઓ તેમના રેશન અને રહેવાનો ખર્ચો કાઢી લેતા હોય છે. અહીં નોકરી માટેની શિફ્ટ ૮ કલાકની હોય છે એટલે નવા નિયમથી હવે એવું બનશે કે દર અઠવાડિયે ત્રણ પાર્ટ ટાઈમ શિફ્ટમાં જ વિદ્યાર્થીઓ કામ કરી શકશે એટલે એમને એમના રોજિંદા ખર્ચને કાઢવામાં પણ તકલીફ પડશે ટોરોન્ટો જેવા શેરો ખૂબ જ મોંઘા છે એટલે ભારતીય વિદ્યાર્થીઓને રોજિંદા જીવન ક્રમને ટકાવવામાં પણ તકલીફ પડશે અને નાણાકીય ખેંચનો સામનો કરવો પડશે એટલે ૨૪ કલાકની મર્યાદાનો નિયમ એમના માટે મુશ્કેલ બની જશે. ટોરોન્ટોમાં રહેતી નીવા ફાટરફેકરે જણાવ્યું હતું કે, મારે મકાનનું ભાડું આપવાનું હોય છે અઠવાડીક રેશન લેવાનું હોય છે અને રોજનો પ્રવાસ પણ કરવાનો હોય છે એટલે એ બધું કેવી રીતે થશે તેની ચિંતા છે. ટોરન્ટોમાં ભાડા ઊંચા છે એટલે રેશન મેળવવું અને મિત્રો સાથે બહાર જમવા જવાનું કે પ્રવાસ કરવાનું પણ મુશ્કેલ બનશે મારે આ બધું વિચારવું પડશે. ભાડું બચાવવા માટે નીવાએ તેનું મકાન ખાલી કર્યું છે અને મિત્રો સાથે રહેવા ગઈ છે એ યોર્ક યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહી છે. બીજી એક ભારતીય દીપા મટ્ટુએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ જરૂરિયાતને કારણે જ બહાર નોકરીઓ કરી રહ્યા છે વધારાની આવક વગર વિદ્યાર્થીઓ અભ્યાસ આગળ ચલાવી ન શકે. દરેક માટે સમાન માળખું હોવું જોઈએ એવું અહીં ધારાશાસ્ત્રી તરીકે કામ કરતા દીપા કહે છે.

# પાલીતાણામાં નાણાંની લેવડ-દેવડમાં બે જૂથ વચ્ચે સશસ્ત્ર મારામારીમાં એકનું મોત

## બંને જૂથના મળી ૧૦ વ્યક્તિ સામે ગુનો દાખલ



પાલીતાણા, તા.૩

પાલીતાણામાં નાણાંની લેતીદેતી બાબતે થયેલ મનદુઃખ અને ઝઘડાની દાઝ રાખી બે જૂથ વચ્ચે છરી સહિતના હથિયારો વડે થયેલી મારામારીની ઘટનામાં ગંભીર ઈજા પામનાર ડુંગરપુર ગામના યુવાનનું મોત નીપજ્યું હતું, જ્યારે બંને પક્ષના મળીને અન્ય બે વ્યક્તિને ઈજા થઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ પાલીતાણા પોલીસ કાફલો ઘટના સ્થળે તેમજ હોસ્પિટલ દોડી ગયો હતો અને બંદોબસ્ત ગોઠવી દીધો હતો. બનાવના પગલે બંને જૂથના લોકો મોટી સંખ્યામાં હોસ્પિટલ દોડી ગયા હતા. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ પાલીતાણાના ડુંગરપુર ગામમાં રહેતા અને પાલીતાણામાં ડોળી કામદાર તરીકે મજૂરીકામ કરતા આકીબભાઈ જુસબભાઈ લાખાપોટાને સિરાજ રજાકભાઈ રાંધનપરા અને સિકંદર નાથાભાઈ સૈયદ સાથે નાણાંની લેતીદેતી બાબતે ઝઘડો ચાલતો હોય ગઈકાલે રાત્રિના સમયે પાલિતાણામાં આવેલ સદવિચાર હોસ્પિટલની બાજુમાં રામદેવ કોમ્પલેસની નજીક તેઓ તેમના મિત્ર જુનેદ ઈકબાલભાઈ નોડિયા, અફઝલ દિનુભાઈ સમા સાથે ઉભા હતા તે દરમિયાન સિરાજ રજાકભાઈ રાધનપરા અને સિકંદર નાથાભાઈ સૈયદ તાહિર ગફારભાઈ રાધનપરા સહિતના તેમની પાસે આવ્યા હતા અને ઝઘડો કરતા બંને જૂથ વચ્ચે છરી સહિતના હથિયારો વડે મારામારી થઈ હતી. મારામારીની આ ઘટનામાં અફઝલભાઈ દિનુભાઈ સમા (રહે. ડુંગરપૂર) નું મોત નીપજયું હતું. જ્યારે આકીબભાઈ લાખાપોટા અને સામા પક્ષે તોફિકભાઈ રાંધનપુરાને નાની મોટી ઈજા થઈ હતી આ બનાવની જાણ થતા પાલીતાણા પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો અને બંદોબસ્ત ગોઠવી દઈ પરિસ્થિતિ થાળે પાડી હતી. આ ઘટનાની જાણ થતાં બંને જૂથમાં લોકો પાલીતાણા હોસ્પિટલ ખાતે એકઠા થઈ જતા પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેની તકેદારી રાખી હતી. આ બનાવવા અંગે આકિબભાઈ જોસબભાઈ લાખાપોટા (રહે. ડુંગરપુર, તા. પાલીતાણા ) એ સિરાજ રજાકભાઈ રાંધનપરા, સિકંદર નાથાભાઈ સૈયદ, તાહિર રાધનપરા અને તોફિક ગફારભાઈ રાંધણપરા વિરૂદ્ધ લેતી દેતી બાબતે ચાલતા ઝઘડાની દાઝ રાખી છરી વડે હુમલો કરી તેમના માસીના દીકરા અફઝલભાઈનું મોત નિપજાવી પોતાને ગંભીર ઈજા કર્યાની ફરિયાદ નોંધાવી હતી. સામાપક્ષે તોફિકભાઈ ગફારભાઈ રાંધનપુરા (રહે. પાલીતાણા )એ અકીબ જુસબભાઈ લાખાપોટા, જુનેદ ઈકબાલભાઈ નોડિયા, ઈકબાલ યુસુફભાઈ નોડિયા, ફિરોઝ દિલીપભાઈ નોડીયા અને એક અજાણ્યા ઈસમ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પાલીતાણા ટાઉન પોલીસે બંને જૂથના મળી કુલ ૧૦ ઈસમો વિરૂદ્ધ સામસામે પોલીસ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

### નાંદોદ તાલુકાના નાની ચીખલી ગામે

# હત્યાને અકસ્માતમાં ખપાવવાનો નિષ્ફળ પ્રયાસ, આરોપીને જેલ હવાલે કરાયો

રાજપીપળા, તા.૩

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નાની ચીખલી ગામમાં જમીન વિવાદમાં અગાઉ થયેલી બોલાચાલીની અદાવત રાખી ગામના જ ઈસમે યુવકને ધારિયા વડે પતાવી દઈ હત્યાને અકસ્માતમાં ખપાવવા હત્યારાએ પોતાને પણ ધારિયા વડે ઈજા કરી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ થઈ ગયો હતો પરંતુ નર્મદા એલસીબી અને આમલેથા પોલીસે આરોપીને ઝડપી સઘળી હકીકત બહાર કઢાવી ખૂનનો ભેદ ઉકેલી આરોપીને જેલ હવાલે કર્યો હતો. પરંતુ આ મર્ડરને અકસ્માતમાં ખપાવવા આરોપી અરવિંદ વસાવાએ જાતે ધારિયા વડે પોતાના પગમાં ઈજાઓ કરી ૧૦૮ એમ્બ્યુલ્સ મારફતે રાજપીપળા સિવિલ હોસ્પિટલ સારવાર માટે દાખલ થઈ ગયો હતો. ફરિયાદ દાખલ થતાં નર્મદા એલસીબી અને આમલેથા પોલીસે અલગ અલગ ટીમો બનાવી આ ગુનાની તપાસ શરૂ કરી હતી. જેમાં પોલીસે બનાવ વાળી જગ્યાનું સ્થળ નિરીક્ષણ કરી તેમજ આ ઘટનાને નજરે જોનાર સાક્ષી તથા બાતમીદારો દ્વારા જાણવા મળ્યું હતું કે, રામજી વસાવાનું મૃત્યુ અકસ્માતથી નહિ પરંતુ અરવિંદ વસાવાએ ધારિયું મારતા થઈ છે. જેથી હોસ્પિટલમાંથી રજા આપતા પોલીસ અરવિંદ વસાવાને પોલીસ મથકે લાવી આ બાબતે પૂછતાં રામજી વસાવાનું મોત અકસ્માતમાં થયું હોવાનું જ રટણ કરતો હતો. જેથી પોલીસે યુક્તિ પ્રયુક્તિ તેમજ કડકાઈ પૂર્વક પૂછતાછ કરતાં આખરે તે ભાંગી પડ્યો હતો. અને જંગલની જમીનના ખેડાણ બાબતે થયેલા વિવાદની રિષ રાખી તેણે ઘટનાના દિવસે રામજી વસાવા સાથે ઝઘડો કરી ધારિયા વડે હુમલો કરી મોતના ઘાટ ઉતાર્યો હોવાની કબૂલાત કરતાં ગણતરીના કલાકો ખુનના ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો હતો. અને પોલીસે આરોપીની ધરપકડ કરી તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

### ખેડૂતોને મોટું નુકસાન થવાની ભીતિ

# ટંકારીઆ સહિત પંથકમાં અવિરત વરસાદથી જળબંબાકાર જેવી સ્થિતિ




(તસવીર : મુસ્તાક દૌલા, ટંકારીઆ)

(સંવાદદાતા દ્વારા) ટંકારીઆ, તા.૩

ટંકારીઆ સહિત પંથકમાં વરસાદે ધબધબાટી બોલાવતા ચોતરફ જળબંબાકાર થઈ ગયું છે. ગઈકાલે સાંજથી આકાશમાં ડિબાંગ વાદળો છવાયા બાદ ભારે વરસાદ પડ્યો હતો. મેઘાની આ તોફાની ઈનિંગે રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ પડતા ગામનું વિશાળ તળાવ ઓવરફ્લો થતા પાદરમાં પાણી ભરાવાનું ચાલુ થઈ ગયું હતું. અને આશ્ચર્ય વચ્ચે નજીવા સમયમાંજ પાદરમાં કેડ સુધીના પાણી ભરાઈ જવા પામ્યા હતા. જેને લઈને નીચાણ વિસ્તારમાં દુકાનો ધરાવતા લોકોએ પોતાના સામાનને સલામત સ્થળે ખસેડવાની ફરજ પડી હતી. વળી હવામાન વિભાગે આજે પણ ભારેથી અતિભારે વરસાદ થવાના સંકેતો આપતા લોકો જીવ તાળવે ચોંટી ગયા હતા. અને આજે પણ સતત વરસાદ ચાલુજ હતો. ખેડૂતાને પણ નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. ખેતરોમાં ચોતરફ પાણી પાણી જ નજરે પડી રહ્યું છે, પાદરમાં આવેલી મસ્જિદમાં પણ પાણી ભરાવાનું શરૂ થઈ ગયું છે. હાલ મળતી માહિતી અનુસાર હજુ જમાતખાનામાં પાણી ચઢ્યું નથી જેથી હાશકારો અનુભવ્યો છે.

# સેકરા ગામે થયેલ હત્યાનો ભેદ ઉકેલાયો : આરોપી જેલ હવાલે



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૩

લાખણી તાલુકાના સેકરા ગામે થયેલ મર્ડરના ગુનાનો ભેદ આગથળા પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. તા.૦૧/૦૯/૨૦૨૪ના રોજ પ્રો. પીઆઈ એન.જી. પટેલ સ્ટાફ સાથે આગથળા પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બાતમી મળેલ કે, આગથળા પોલીસ સ્ટેશન વિસ્તારના સેકરા ગામે ઈસમ મૃતદેહ મળ્યો છે. જે બાબતે અકસ્માતે મોતનો ગુનો દાખલ થયેલ. જેથી અલગ-અલગ લોકોની પૂછ-પરછ કરી તેમજ અંગત વિશ્વાસુ માણસો મારફતે જાણવા મળેલ કે, મરણ જનાર નરસીભાઈ વાલ્મિકી ગત તા. ૩૧/૦૮/૨૦૨૪ ના રાત્રિના નવેક વાગ્યાના સુમારે સેકરા ગામના લીલા હમીરભાઈ ડાભીના ઘરે બેઠેલ હતા તે દરમ્યાન મરણ જનાર તથા લીલાભાઈ વચ્ચે ડોડી લેવા બાબતે બન્ને વચ્ચે બોલાચાલી તથા ઝઘડો થતાં લીલા ડાભીએ નરસીભાઈ વાલ્મીકી ઉપર એકદમ ગુસ્સે થઈ નીચે પાડી દઈ જમીન ઉપર ઘસેડી આડેધડ ફેટોનો માર મારી છાતી ઉપર બેસી જઈ મારી નાખવાની ધમકી આપી ગળે ટૂંપો દઈ મોત નીપજાવેલ. જે બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા બાતમીદારો થકી આરોપી લીલા હમીરભાઈ ડાભી (રહે. સેકરા તા.લાખણી) ને આગથળા પોલીસે એલસીબી પોલીસની મદદ મેળવી ગણતરીના કલાકોમાં ગુનાનો ભેદ ઉકેલી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગઢ પંથકમાં ચાર ઈંચ વરસાદથી ખેતરો બેટમાં ફેરવાતા ખેડૂતો ચિંતિત



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૩

બનાસકાંઠા જિલ્લામાં ૨૪ કલાકની ભારે વરસાદની આગાહીના પગલે ગઢ પંથકમાં વહેલી સવારથી જ ચાર ઈંચ જેટલો વરસાદ ખાબકતા પાલનપુરના ગઢ પંથકના ગ્રામીણ વિસ્તારોમાં ખેતરો બેટમાં ફેરવાયા હતા. જેમાં ખેડૂતોના ઊભા પાકને મોટી માત્રામાં નુકસાન થવા પામ્યું છે. જેના કારણે ખેડૂતોએ સરકાર દ્વારા સર્વે કરી સહાય ચૂકવવામાં આવે તેવી માંગ ખેડૂતોએ કરી છે.

ગઢ પંથકના ગ્રામીણ વિસ્તારોમાં મોડી રાતથી જ વરસાદ શરૂ થયો હતો. જ્યાં ગઢ પંથકમાં ચાર ઈંચ વરસાદ પડતા ખેતરો બેટમાં ફેરવાયા હતા જેમાં ખેડૂતોએ પોતાના ખેતરમાં કરેલ જુવાર, એરંડા અને મગફળીના પાકને મોટી માત્રામાં નુકસોન થવા પામ્યું છે. જેના પગલે ખેડૂતો સરકાર દ્વારા સર્વે કરી સહાય ચૂકવવામાં આવે તેવી માંગ કરી છે.

# ધોરાજી : મંદિરમાંથી ચોરીના ગુનામાં પકડાયેલ યુવાનનો પોલીસ સ્ટેશનમાં આપઘાત



અમદાવાદ,તા.૩

રાજકોટ જિલ્લાના ધોરાજીમાં પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં જ એક યુવાને બાથરૂમમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવાનને ચોરીના ગુનામાં લોકો દ્વારા પકડવામાં આવ્યો હતો અને બાદમાં પોલીસ સ્ટેશન ખાતે પોલીસને સોંપવામાં આવ્યો હતો. આ દરમ્યાન આ યુવાનની પૂછપરછ કરવામાં આવી રહી હતી. તે દરમ્યાન જ ઈન્ટ્રોગેશન રૂમના બાથરૂમમમાં જ આ યુવાને આપઘાત કરી લેતા પોલીસ દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી અને બાદમાં પ્રાથમિક મેડિકલ સારવાર પણ અપાઈ હતી. પરંતુ આ યુવાન બચી શકયો ન હતો. સિવિલ હોસ્પિટલમાં લઈ જવાતા યુવાનને મૃત જાહેર કરવામાં આવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ધોરાજીના ૩૦ વર્ષીય કમલેશ કેશવજીભાઈ પરમાર નામના યુવકને ધોરાજી સિટીમાં હનુમાન મંદિર પાસે ચોરી કરતા લોકો દ્વારા પકડી પાડવામાં આવ્યો હતો. અને પોલીસને સોંપવામાં આવ્યો હતો ત્યાર બાદ તેની પૂછપરછ કરવામાં આવી હતી. જેથી પોલીસ સ્ટેશનના ઈન્ટ્રોગેશનના બાથરૂમમાં ગળાફાંસો ખાવાની કોશિષ કરી હતી. જેથી પોલીસ દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી અને યુવાનને CPR આપવામાં આવ્યું હતું.

### તિલકવાડા પોલીસ અને NDRF દ્વારા

# નદીના ધસમસતા પ્રવાહમાં તણાયેલા પીકઅપ ચાલકનું રેસ્કયુ કરાયું



(તસવીર : વહાબ શેખ, રાજપીપળા)

રાજપીપળા, તા.૩

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના રામપુરી અને પીછીપુરા વચ્ચેથી પસાર થતી અશ્વિની નદીના ધસમસતા પાણીના પ્રવાહમાં પિકઅપ ગાડી સહિત એક યુવક તણાતા તિલકવાડા પોલીસ તથા એન.ડી.આર.એફ.ની ટીમ દ્વારા રેસ્ક્યું કરી બચાવી લેવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગત અનુસાર હાલ ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદને કારણે નર્મદા જિલ્લામાંથી પસાર થતી અશ્વિની નદીમાં ઘોડાપૂરની પરિસ્થિતિ સર્જાય છે ત્યારે નર્મદાના રામપુરી અને પીછીપુરા વચ્ચેથી પસાર થતી અશ્વિન નદી ઉપર ખૂબ નીચી સપાટીનો કોઝવે આવેલ હોય અને આ કોઝવે ઉપરથી ગત રાત્રિના રોજ રાજસ્થાનના ગન્ગાપુર જિલ્લાના દાતાસુતિ ગામનોરવિરાજ શ્રી ફૂલમીના નામનો યુવક પોતાની પિકઅપ ગાડી પાણીમાંથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન ધસમસતા પાણીના પ્રવાહમાં યુવક ગાડી સહિત ખેંચાવા લાગતા તેણે બચાવો બચાવો બૂમો પાડવા માંડી હતી જેથી બૂમો સંભાળી આજુ બાજુમાંથી લોકો દોડી આવ્યા હતા. અને કોઈકે આ અંગે તિલકવાડા પોલીસમાં જાણ કરતા પો.સ.ઈ. જે.એમ.લટા તાત્કાલિક એન.ડી.આર.એફ.ની ટીમ સહિત ઘટના સ્થળે પહોંચ્યા હતા અને કલાકોની ભારે જહેમત બાદ યુવકને પોલીસ અને એન.ડી.આર.એફ.ની ટીમ દ્વારા રેસક્યું કરી સહી સલામત બચાવી લેવામાં આવ્યો હતો.

### ઈડર-ભિલોડા પુલ પર ખાડાઓનું સામ્રાજ્ય

# ભિલોડાના કંથારિયાથી રાજસ્થાન તરફ જતા રસ્તા પરનો કોઝ-વે ધોવાયો



(તસવીર : ગનીભાઈ મનસુરી, ભિલોડા)

ભિલોડા, તા.૩

ભિલોડા તાલુકાના અંતરિયાળ વિસ્તાર મોટા કંથારીયાથી રાજસ્થાન તરફના રસ્તે આવતો કોઝ-વે વરસાદમાં ધોવાયો છે ભિલોડાના મોટા કંથારીયા ગામે બે દિવસમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો ત્યારે મોટા કંથારીયાથી રાજસ્થાન તરફના રસ્તે આવતો કોઝ-વે વરસાદી પાણીને લીધે ધોવાઈ ગયો છે રોડ પર કરેલ આરસીસી કામ ઉખડી ગયું છે. બીજી બાજુ ભિલોડા ધોલવાણી વચ્ચે પુલ પર મસ મોટા ખાડા પડી જવા પામ્યાં છે સાવૅત્રિક મેધ મહેર વચ્ચે ઠેર-ઠેર ખાડાઓ પડવાથી વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ઈડર ભિલોડા પુલ પર ઠેર-ઠેર ખાડાઓ પડી જવાથી સત્વરે ધોરીમાર્ગનુ સમારકામ તાતી જરૂરિયાત છે. મોટા કંથારીયા ગામે કોઝ-વેના નીચે નાખેલ ભૂંગળા પણ દેખાવા લાગ્યા છે. હાલ આ કોઝ-વે ધોવાયો છે જેના કારણે વાહનચાલકો રાજસ્થાન તરફ જઈ શકતા નથી.

# વાલિયાના ડેહલી ગામની ધારાસભ્ય ચૈતર વસાવાએ મુલાકાત લીધી : સ્થાનિક લોકોને સાવચેતી રાખવા અનુરોધ

## તાત્કાલિક ધોરણે સર્વે કરી લોકોને કેશડોલ, કાચા ઘરો, ઘરવખરી, ખેતપાકોને તથા પશુઓના થયેલ નુકસાન બાબતે સહાયની સરકાર પાસે માંગ કરાશે : ચૈતર વસાવા



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૩

વાલિયા તાલુકાના ડેહલી ગામમાં વરસાદી અને નદીના પાણી ભરાતા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ મુલાકાત લીધી હતી. તેમણે ભરૂચ જિલ્લા કલેક્ટર, એસ ડી એમ, ટી ડી ઓ સહિતના અધિકારીઓ સાથે વાત કરી પરિસ્થિતિની ચર્ચા કરી હતી. ગામની પરિસ્થિતિને જોયા બાદ સ્થાનિક લોકોને સાવચેતના ભાગરૂપે તેમણે સૂચન કર્યા હતા. લોકોને સૂચન કરતા તેમણે જણાવ્યું હતું કે, આગાહી અનુસાર હજુ પણ અતિ ભારે વરસાદ થઈ શકે છે. માટે આપણે સૌએ એ ખાસ ધ્યાન રાખવાનું છે કે કોઈપણ બાળક કે વૃદ્ધ વ્યક્તિ ભૂલથી પણ કોઈ નદી નાળામાં પડી ન જાય, તેની તકેદારી લોકોએ રાખવાની છે. સાવચેતીના ભાગરૂપે તમામ લોકોએ એકબીજા સાથે સંપર્ક રાખવાનો છે, સરકારી તંત્ર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સહિત અમારા જેવા પદાધિકારીઓના નંબર પણ તમામ લોકોએ પોતાની સાથે રાખવાના છે. જો કોઈપણ ઘટના ઘટે છે તો આ તમામ લોકોને સંપર્ક કરીને તથા આસપાસના લોકોને સંપર્ક કરીને જાણ કરવાની રહેશે. સામેના કાંઠે ૭૦ લોકો ફસાયા છે તો તેમને બચાવવા માટે લોકોએ કોઈ સાહસ કરવાનું નથી. એસ ડી આર એફ, એનડીઆરએફની તરવૈયાની ટીમ આવે તો તે લોકો બચાવ કામગીરી કરશે. કોઈપણ વ્યક્તિએ તળાવ નદીમાં નાહવા જવાનું નથી. જે લોકોને ઘરવખરીનું નુકસાન થયું છે, પશુઓનું નુકસાન થયું છે કે પાકનું નુકસાન થયું છે, તે તમામના નુકસાન બાબતે અમે સરકાર સમક્ષ રજૂઆત કરીશું અને વળતરની માંગણી કરીશું. અમે આજે જ ભરૂચ જઈને કલેકટરને આ બાબતે રજૂઆત કરવાના છીએ. તાત્કાલિક ધોરણે સર્વે કરવામાં આવે અને લોકોને કેસ ડોલ તથા આ સિવાય પણ જે સરકારી સહાય આપવાની હોય તે પણ આપવામાં આવે તેવી એવી અમે રજૂઆત કરીશું. ત્યારબાદ ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે અમને સવારે ફોન દ્વારા માહિતી મળી કે વાલિયા તાલુકાના ડેહલી ગામમાં પાણી ફરી વળ્યું છે, માટે અમે આ ગામની મુલાકાતે આવ્યા હતા. અમે જોયું કે અહીંયા લોકોની ઘરવખરીને અને પાકને નુકસાન થયું છે, માટે અમે આજે જ કલેકટરને વાત કરવાના છીએ અને રજૂઆત કરીશું કે સર્વે કરીને જે પણ પરિવારોને નુકસાન થયું હોય તેમને તાત્કાલિક ધોરણે કેસડોલ અથવા તો જે પણ સરકારી સહાય શક્ય હોય તે આપવામાં આવે. મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે જ્યારે પણ વરસાદ પડે છે ત્યારે સીમનું પાણી ગામમાં આવી જાય છે. માટે નિષ્ણાતોને અને ગામના આગેવાનોને સાથે રાખીને સર્વે કરવામાં આવે અને સીમના પાણીનું કઈ રીતે સીધું નદીમાં નિકાલ થાય તેનું આયોજન કરવામાં આવે તેની પણ માંગણી અમે કલેક્ટર સમક્ષ કરીશું.

# નડિયાદમાં ૭ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

## શહેરના ચારેય ગરનાળામાં પાણી ભરાતા વાહન વ્યવહારને અસર : વ્હોરવાડમાં ૩ માળનું મકાન ધરાશાયી




નડિયાદ, તા.૩

ખેડા જિલ્લામાં ત્રણ દિવસના વિરામ બાદ મેઘરાજાએ ધરતીને ભીજવવાનું શરૂ કરી દીધું છે નડિયાદમાં છેલ્લા ૨૪ કલાકમાં સાત ઈંચ વરસાદ પડી જતા નીચાણવાળા વિસ્તારો પુનઃ જળબંબાકાર બની ગયા હતા જ્યારે જિલ્લાના અન્ય સ્થળોએ પણ વરસાદના ઝાપટા પડ્યા છે મોડી સાંજે નડિયાદમાં જોરદાર વરસાદી ઝાપટું પડ્યું હતું. આ બાદ મોડી રાત્રે ગાજવીજ સાથે નડિયાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. વીજળીના ચમકારા સાથે અને ગાજવીજ સાથે વરસાદ વરસતા નડિયાદ શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જો કે વરસાદ બંધ રહેતા કેટલાક જગ્યાએ આ પાણી ઓસરી પણ ગયા હતા. આજે સવારે ૬:૦૦ કલાકે પૂરા થતા ૨૪ કલાકમાં નડિયાદમાં સાત ઈંચ વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદના લીધે વીજ સપ્લાય બંધ કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે લોકોને રાત્રે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. નડિયાદ, ડભાણ, ઉત્તરસંડા, પીપલગ, પીજ, ડુમરાલ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડતાં પાણી ભરાયા હતા. નડિયાદના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયાં છે. પીજ ભાગોળ, શૈશવનો ખાંચો, કોલેજ રોડ પર, આ સિવાય શહેરના ચારેય ગરનાળામાં વરસાદી પાણી ભરાયાં છે. ગરનાળામાં પાણી ભરાઈ જતા વાહનવ્યવહારને અસર પડી છે. તો બીજી તરફ શ્રેયસ ગરનાળામાં ફુટપાથ પરથી ટુવ્હિલરો આવનજાવન કરી રહ્યા છે. આ ઉપરાંત બે બ્રિજ પર વાહનોનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. વરસાદને કારણે નડિયાદમાં મકાન ધરાશાયી થયું છે. શહેરના વ્હોરવાડ વિસ્તારમાં ૩ માળનું જુનવાણી મકાન તૂટી પડ્યું હતું. જાહેર રસ્તાની બાજુમાં જ આ કાટમાળ ઠલવાયો હતો. જોકે વહેલી સવારે ઘટના બનતા સદ, નસીબે કોઈ જાનહાની સર્જાઈ નથી. મકાનમાં રાખેલો સામાન દબાઈ જતા માલિકને આર્થિક નુકસાનીનો વારો આવ્યો છે.

## ઉપરવાસમાં ભારે વરસાદને પગલે કડાણા ડેમમાંથી મહી નદીમાં પાણી છોડાયું

કડાણા જળાશયમાં ઉપરવાસના સ્ત્રાવ વિસ્તારમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાથી પાણીની આવક થઈ રહેલ છે તેમજ હાલમાં અનાસ નદીમાંથી ૩૭,૩૬૩ ક્યુસેક અને પાદેડી ગેજિંગ સાઈટે ૫,૪૩૧ ક્યુસેક જેટલા પાણીની આવક થઈ રહેલ છે. વધુમાં મહી બજાજ સાગર ૨૮૦.૧૫ મી.ના લેવલ સુધી ભરાયેલ હોવાથી ગમે ત્યારે માહી ડેમના દરવાજા ખોલી પાણી છોડવાની સૂચના મળેલ છે. આથી, કડાણા ડેમની સુરક્ષા તથા ઉપરવાસમાંથી આવતા પાણીના પ્રવાહને ધ્યાને લઈ તેમજ ડેમનું રૂલ લેવલ જાળવવા માટે જળાશયમાંથી અંદાજે ૫૦ હજાર ક્યુસેકથી ક્રમશ વધારીને ૩ સપ્ટેમ્બર (મંગળવાર)ના રોજ સવારે ૧૧ કલાકે ૧ લાખ ક્યુસેક(૭૯,૬૦૦ ક્યુસેક-ડેમના ગેટથી + ૨૦,૪૦૦ કયુસેક-પાવરહાઉસ મારફતે) જેટલું પાણી મહી નદીમાં છોડવાનું આયોજન છે. જેની વહીવટી તંત્રની સંલગ્ન કચેરીઓ તથા લગત અધિકારીઓને જરૂરી જાણ કરેલ છે. મહત્વની વાત કરીએ તો, કડાણા ડેમનું હાલનું લેવલ આજે મંગળવારે (સવારે ૬ કલાકે): ૪૧૬ ફૂટ ૧૧ ઈંચ (૧૨૭.૦૮ મીટર) કડાણા ડેમમાં હાલમાં પાણીની આવક (સવારે ૬ કલાકે): ૫૭,૮૧૮ ક્યુસેક છે.

**CHANGE OF NAME**

My name has been changed from **SAIYED KHALIDSHAH MUSAFFARSHAH** to **SAIYED KHALIDSHAH MUJAFFARSHAH**.

**Address: 64, Memon Colony, O/S Panigate, Ajwa Road, Vadodara-390019-Gujarat**

**GUJARAT STATE WAQF BOARD**

**ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ**

Established under the Wakf Act, 1995
Constituted by the Government of Gujarat
under Wakf Act, 1995 (Central Act-43)

ડો.જીવરાજ મેહતા ભવન,
બ્લોક નંબર ૮, ભોંયતળીયે,
જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર

Dr.Jivrajbhai Mehta Bhavan,
Block No.8, Ground Floor
Old Secretariat, Sector-10
Gandhinagar.

વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ -૩૬

**વિષય :- ''મસ્જિદે આયશા''**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **સીરાજ ઐયુબ ભૈયાત મુ.પો.રવીદરા** જિ. કચ્છનાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત / જંગમ મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ -૨૦૧૩ની કલમ-૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકત વિગત નીચે મુજબ છે.

| ગામ/મુ.પો/ઠે | જિલ્લો અને તાલુકો | મિલકતનો પ્રકાર | સર્વે નં./મિલકત નં. | હે-આરે-ચો.મી |
|---|---|---|---|---|
| મુ.પો. રવીદરા | તા.અંકલેશ્વર જિ.ભરૂચ | જૂની શરત ખેતીલાયક ઉપયોગ | ખાતા નં.૨૭૩ સર્વે નં.૯૪૮. | ૦-૪-૦૫ |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ)
કચેરી અધિક્ષક
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.

# ‘બુલડોઝર જસ્ટિસ’ : સુપ્રીમ કોર્ટે આવી કાર્યવાહીની સ્પષ્ટ નિંદા કરી હોવા છતાં અમુક રાજ્ય સરકારો માટે આ અન્યાય સામાન્ય બની ગયો છે



એક જૂથે હિન્દુ ધાર્મિક નેતાની કથિત સાંપ્રદાયિક ટિપ્પણીનો વિરોધ કરતી વખતે વિસ્તારના પોલીસ સ્ટેશન પર પથ્થરમારો કરવાનો આરોપ હતો. આ વર્ષની શરૂઆતમાં હિમંતા બિસ્વાસરમાની આગેવાની હેઠળની આસામની ભાજપ સરકારે પાંચ પરિવારોને રૂ. ૩૦ લાખનું વળતર ચૂકવ્યું હતું જેમના ઘરો સત્તાવાળાઓએ બે વર્ષ પહેલાં નાગાંવ જિલ્લામાં પોલીસ સ્ટેશનને આગ લગાડવામાં તેમની કથિત સંડોવણી બદલ તોડી પાડ્યા હતા. સરમા સરકારે સફીકુલ ઈસ્લામના પરિવાર માટે રૂા.૨.૫ લાખનું વળતર પણ મંજૂર કર્યું હતું.

## આરોપીઓની માલિકીની ઈમારતોને તોડી પાડવા માટે બુલડોઝરનો ઉપયોગ એ યુપીના મુખ્યપ્રધાન યોગી દ્વારા પ્રચલિત કરવામાં આવ્યો હતો અને ત્યારથી ભાજપ સરકારો દ્વારા તે અપનાવવામાં આવ્યો છે અને કેટલીક કોંગ્રેસ સરકારો દ્વારા પણ આવું કરવામાં આવ્યું છે

(એજન્સી) તા.૩

દેશના વિવિધ રાજ્યોમાં “બુલડોઝર જસ્ટિસ” વિરૂદ્ધની અરજીની સુનાવણી કરતા, સુપ્રીમ કોર્ટે આ મુદ્દા પર માર્ગદર્શિકા મૂકવાનો પ્રસ્તાવ મૂક્યો છે અને કહ્યું હતું કે, શું કોઈનું ઘર માત્ર એટલા માટે તોડી શકાય કે તે આરોપી છે. જો તે દોષિત હોય, તો પણ કાયદા દ્વારા નિર્ધારિત પ્રક્રિયાને અનુસર્યા વિના ડિમોલિશન કરી શકાતું નથી. અમે અખિલ-ભારતના ધોરણે અમુક દિશાનિર્દેશો મૂકવાનો પ્રસ્તાવ આપીએ છીએ જેથી કરીને આ મુદ્દાઓ અંગેની ચિંતાનું સમાધાન કરવામાં આવે.

“બુલડોઝર જસ્ટિસ” એ ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથને રાજકીય બ્રાન્ડ બનાવવામાં મદદ કરી હતી. આદિત્યનાથના આ પગલાંની લોકપ્રિયતાને જોતાં, અન્ય ભાજપ સરકારો અને કેટલાક રાજ્યોમાં વિપક્ષ શાસિત લોકોએ પણ તે જ રીતે ત્વરિત ન્યાય શરૂ કર્યો હતો. જો કે, જે સત્તાધિશોએ આવા ડિમોલેશન કર્યા છે તેઓએ કહ્યું હતું કે, તેઓએ જે બાંધકામો તોડી પાડ્યા હતા તે ગેરકાયદેસર હતા.

‘બુલડોઝર બાબા’ આદિત્યનાથ તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન આદિત્યનાથે લગભગ ૧૫,૦૦૦ લોકો વિરૂદ્ધ ઉત્તરપ્રદેશ ગુંડાઓ અને અસામાજિક પ્રવૃતિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ કેસ નોંધ્યા હતા અને કેટલાક આરોપીઓના કથિત ગેરકાયદેસર રીતે બાંધેલા ઘરોને પણ તોડી પાડ્યા હતા. આદિત્યનાથ સરકારની તેના શાસન અને રાજ્યમાં સમાજવાદી પાર્ટી હેઠળના કથિત અનૈતિકતા વચ્ચે અંતર રાખવાની રીત હતી, જો કે આ ક્રિયાઓની યોગ્યતા પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા.

ફેબ્રુઆરી ૨૦૨૨માં મૈનપુરીમાં એક ચૂંટણી રેલીમાં આદિત્યનાથે ઘોષણા કરી હતી કે જે લોકો આક્રમક બનશે તેઓને ચૂંટણી પછી બુલડોઝર દ્વારા ચૂપ કરવામાં આવશે. ઉત્તરપ્રદેશમાં ભાજપ સત્તામાં પાછું ફર્યું અને આત્મસમર્પણ કરવા માટે દબાણ કરવા માટે બળાત્કારના કેટલાક આરોપીઓના ઘરો તોડી પાડવામાં આવ્યા હતા. આ વર્ષે જૂનમાં મુરાદાબાદ અને બરેલી જિલ્લામાં બે અલગ-અલગ એફઆઈઆરમાં નામ ધરાવતા લોકોની માલિકીની છ મિલકતો તોડી પાડવામાં આવી હતી.

“બુલડોઝર જસ્ટિસ” ટૂંક સમયમાં જ એક પ્રકારનો ઉદાહરણ બની ગયો હતો, જેમાં ભાજપની અન્ય રાજ્ય સરકારોએ તેને અપનાવ્યું અને તાજેતરની લોકસભાની ચૂંટણીઓ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેનું સમર્થન કર્યું હતું. મોદીએ ૧૭ મેના રોજ બારાબંકીમાં એક જાહેર રેલી દરમિયાન કહ્યું હતું કે, જો સપા અને કોંગ્રેસ સત્તામાં આવશે તો તેઓ રામ લલ્લાને તંબુમાં પાછા મોકલી દેશે અને મંદિર પર બુલડોઝર ચલાવશે. શું તેઓ યોગીજી પાસેથી આ જ શીખવા માંગે છે ? તેઓએ શીખવું જોઈએ કે બુલડોઝર ક્યાં વાપરવું અને ક્યાં નહીં.

યુપીની રીતનું અનુકરણ કરનારા સીએમમાં મધ્યપ્રદેશના શિવરાજ સિંહ ચૌહાણ હતા. તેમણે એપ્રિલ ૨૦૨૨માં ખારગોનમાં કોમી અથડામણના પરિણામે બુલડોઝરનો ઉપયોગ કર્યો. તેમની સરકારે ૧૬ મકાનો અને ૨૯ બાંધકામો તોડી પાડ્યા હતા. ટૂંક સમયમાં જ ચૌહાણને “બુલડોઝર મામા” તરીકે ઓળખવામાં આવ્યા હતા. ગયા વર્ષે ૧૪ ડિસેમ્બરે રાજયમાં મુખ્યપ્રધાન બન્યા પછી મોહન યાદવે માંસની ગેરકાયદેસર ખરીદી અને વેચાણની તપાસ કરવા માટે તેમના “સઘન અભિયાન”ના ભાગ રૂપે ભોપાલમાં ૧૦ માંસની દુકાનોને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. તે જ દિવસે, સરકારે ભાજપના કાર્યકર પર હુમલો કરવાના આરોપમાં ત્રણ લોકોના ઘર તોડી પાડ્યા હતા. ૨૨ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ, છત્તરપુરમાં સત્તાવાળાઓએ સ્થાનિક નેતા શહઝાદ અલીનું ઘર તોડી પાડ્યું હતું, મુસ્લિમોના

હરિયાણામાં પણ “બુલડોઝર ન્યાય” થયું છે. તત્કાલીન મનોહર લાલ ખટ્ટર સરકારે, ગયા વર્ષે જુલાઈમાં નૂહમાં વીએચપીની યાત્રા દરમિયાન ફાટી નીકળેલા કોમી રમખાણોને પગલે, ઘણા ઘરો અને અન્ય બાંધકામો તોડી પાડ્યા હતા, જેઓ આરોપીઓના હોવાનું માનવામાં આવે છે. દિલ્હીમાં ૧૬ એપ્રિલ, ૨૦૨૨ના રોજ, જહાંગીરપુરીમાં હનુમાન જયંતિ રેલી દરમિયાન સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળ્યા પછી, તત્કાલિન ભાજપની આગેવાની હેઠળની ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશને આગળના દરવાજા અને મસ્જિદની દિવાલ સહિત અનેક બાંધકામોને તોડી પાડ્યા હતા. રાજસ્થાનના ઉદયપુરમાં ભજનલાલ શર્માની આગેવાની હેઠળની ભાજપ સરકારે તાજેતરમાં જ સહાધ્યાયીને છરી મારવાના આરોપમાં એક શાળાના છોકરાના ભાડાના મકાનને તોડી પાડ્યું હતું.

**બિન-ભાજપ રાજ્ય સરકારો**

કોંગ્રેસના નેતા અશોક ગેહલોત, જેમણે યુપી અને મધ્ય પ્રદેશમાં બુલડોઝરની કાર્યવાહીની ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે જ્યાં સુધી કોઈ દોષિત સાબિત ન થાય ત્યાં સુધી કોઈ આરોપી સામે કોઈ કાર્યવાહી કરી શકાતી નથી, તેમણે પણ વિધાનસભાની ચૂંટણીઓ પહેલા “બુલડોઝર ન્યાય”નો આશરો લીધો હતો. ગયા વર્ષે જાન્યુઆરીમાં જયપુર ડેવલપમેન્ટ ઓથોરિટીએ એવા લોકો દ્વારા ચલાવવામાં આવતી કોચિંગ ઈન્સ્ટિટ્યૂટને તોડી પાડી હતી જેમના પર શિક્ષક ભરતી પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક કરવાનો આરોપ હતો.

૨૦૨૦માં મહાવિકાસ અઘાડી (MVA) સરકાર હેઠળ, ઉદ્ધવ ઠાકરે મુખ્યપ્રધાન હતા ત્યારે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)એ અભિનેતામાંથી રાજકારણી બનેલી કંગના રણૌતના પાલી હિલમાં બંગલાનો એક ભાગ તોડી નાખ્યો હતો. તેણીએ શહેર પર વિવાદાસ્પદ ટિપ્પણી હતી.

# ૧૬ દિવસ પૂછપરછ કર્યા બાદ CBIએ આર.જી. કરના પૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષની ધરપકડ કરી

(એજન્સી) કોલકાતા, તા.૩

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ ૧૬ દિવસ પૂછપરછ કર્યા બાદ સોમવારે આર.જી. કરના વિવાદાસ્પદ પૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષની ધરપકડ કરી છે. કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ઘોષ રાજ્ય સંચાલિત આ સંસ્થાના પ્રભારી હતા ત્યારે ૯ ઓગસ્ટની સવારે એક જુનિયર ડોક્ટર સાથે બળાત્કાર અને તેણીની હત્યા કરવામાં આવી હતી. ઘોષની કેન્દ્રીય એજન્સી દ્વારા તેમની દૈનિક પૂછપરછના ૧૬મા દિવસે ધરપકડ કરવામાં આવી હતી. CBIએ ૧૪ ઓગસ્ટના રોજ કલકત્તા હાઈકોર્ટના નિર્દેશને પગલે કોલકાતા પોલીસ પાસેથી આ તપાસ સંભાળી હતી. ઘોષની સીબીઆઈ દ્વારા બે સમાંતર તપાસના સંબંધમાં પૂછપરછ કરવામાં આવી રહી હતી. જુનિયર ડોક્ટર પર બળાત્કાર અને હત્યા અને તેમના કાર્યકાળ દરમિયાન આર.જી. કર મેડિકલ કોલેજ અને



હોસ્પિટલમાં નાણાકીય અનિયમિતતાના આરોપો. જો કે, આ રિપોર્ટ ફાઈલ થાય ત્યાં સુધી એ સ્પષ્ટ થઈ શક્યું નથી કે, ઘોષની જુનિયર ડોક્ટરની હત્યા અને બળાત્કારના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી કે પછી નાણાકીય અનિયમિતતાના આરોપો માટે ધરપકડ કરવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, સમગ્ર દિવસ દરમિયાન સીબીઆઈની કાર્યવાહીના ક્રમને પગલે નાણાકીય ગેરરીતિના કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હોવાની શક્યતાઓ વધુ છે.

સોમવારે સવારે ઘોષ સોલ્ટ લેક ખાતેના CGO સંકુલમાં CBI ઓફિસમાં પૂછપરછ માટે હાજર થયા હતા. અહીં બળાત્કાર અને હત્યા કેસની તપાસ હાથ ધરતી આ એજન્સીનું વિશેષ ક્રાઈમ યુનિટ છે. દિવસભર પૂછપરછ કર્યા પછી ઘોષને સીબીઆઈની નિઝામ પેલેસ ઓફિસમાં લઈ જવામાં આવ્યો, જ્યાં એજન્સીની આર્થિક અપરાધ શાખા છે જે આર.જી. કરમાં નાણાકીય અનિયમિતતાના આરોપોની તપાસ કરી રહી છે. સંજોગવશાત ૧૬ દિવસ પહેલાં ઘોષની પૂછપરછ શરૂ થઈ ત્યારથી આ પ્રથમ વખત હતું જ્યારે તેને નિઝામ પેલેસ ઓફિસમાં લઈ જવામાં આવ્યો હતો. ૯ ઓગસ્ટના રોજ સવારે હોસ્પિટલના સેમિનાર હોલમાં જુનિયર ડોક્ટરનો મૃતદેહ મળ્યો ત્યારથી ઘોષ વિવાદમાં છે. આ ભયાનક ઘટનાનો વિરોધ કરી રહેલા તબીબી સમુદાયના એક વિભાગે શરૂઆતથી જ દાવો કર્યો હતો કે, ઘોષના આદેશ હેઠળ હોસ્પિટલ મેનેજમેન્ટના કેટલાક ભયંકર રહસ્યો જાણ્યા પછી કદાચ આ જુનિયર ડોક્ટર આવી ભયાનક ઘટનાઓ ભોગ બની હતી.

# કેનેડિયન વિઝા સાથે રેકોર્ડ સંખ્યામાં ભારતીયોએ ગેરકાયદેસર રીતે યુએસમાં પ્રવેશ કર્યો, અને યુકેમાં આશ્રય મેળવવા પ્રયાસ કરી રહ્યા છે

**યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (CBP)ના નવીનત્તમ ડેટા અનુસાર, આ જૂન મહિનામાં જ ૫,૧૫૨ બિનદસ્તાવેજીકૃત ભારતીયો કેનેડાથી પગપાળા યુએસમાં પ્રવેશ્યા હતા. સૂત્રોએ ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે યુએસ અને યુકે બંનેએ આ ચિંતાઓ કેનેડાને જણાવી છે**

(એજન્સી) તા.૩

એક ડેટા અનુસાર, કેનેડાથી યુ.એસ.માં પગપાળા પ્રવેશ કરનાર બિનદસ્તાવેજીકૃત ભારતીયોની સંખ્યા સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. આ કેનેડાની વિઝા સ્ક્રિનિંગ પ્રક્રિયા અંગે ચિંતા દર્શાવે છે. આ ટ્રાન્ઝિટ દરમિયાન યુકેમાં આશ્રય મેળવતા કેનેડાના ભારતીય મુસાફરોની પણ સમાંતર ચિંતાઓને દર્શાવે છે. યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (CBP)ના નવીનતમ ડેટા અનુસાર, આ જૂન મહિનામાં જ ૫,૧૫૨ બિનદસ્તાવેજીકૃત ભારતીયો કેનેડાથી પગપાળા યુએસમાં પ્રવેશ્યા હતા અને, કેનેડાથી યુએસમાં પ્રવેશતા ભારતીયોની માસિક સંખ્યા ડિસેમ્બર ૨૦૨૩થી કુખ્યાત મેક્સિકો રૂટ પરથી પસાર થતા લોકો કરતાં વધી ગઈ છે.

લગભગ ૯,૦૦૦ કિમીની યુએસ-કેનેડા સરહદ એ વિશ્વની સૌથી લાંબી ખુલ્લી સરહદ છે, જે ચીન સાથેની ભારતની ૩,૪૦૦-કિમી સરહદની લંબાઈ કરતાં લગભગ ત્રણ ગણી છે. યુએસ સીબીપીના ડેટા અનુસાર, આ વર્ષે જાન્યુઆરી-જૂન દરમિયાન કેનેડા સાથેની યુએસ સરહદ પર “એન્કાઉન્ટર” (અટકાયત, હાંકી કાઢવામાં અથવા પ્રવેશ નકારવામાં આવેલ)માં ઝડપાયેલા ભારતીયોની સરેરાશ માસિક સંખ્યા ૨૦૨૩માં ૨,૫૪૮થી ૪૭% વધીને ૩,૭૩૩ થઈ ગઈ છે અને તે ૨૦૨૧ની ૨૮૨ સંખ્યાથી ૧૩ ગણો ઉછાળો છે.

યુ.એસ.માં કાયદેસર રીતે સ્થાયી થયેલી ભારતીય વસ્તીના વધતા જતા આર્થિક પ્રભાવ સાથે તદ્દન વિપરીતતા રજૂ કરે છે તે જોતાં આ સંખ્યાઓ મહત્વની છે. દાખલા તરીકે, બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપના તાજેતરના અભ્યાસનો અંદાજ છે કે ભારતીય અમેરિકનો યુએસની વસ્તીના માત્ર ૧.૫% છે પરંતુ ત્યાં તમામ આવકવેરામાંથી લગભગ ૫-૬% ચૂકવે છે.

ડેટા દર્શાવે છે કે યુકેમાં આશ્રય મેળવવા માંગતા ભારતીયોની સંખ્યામાં ૨૦૨૨ (૧,૧૭૦)ની સરખામણીમાં ૨૦૨૩ (૧,૩૧૯)માં વધુ છે અને તેમાં ૨૦૨૧ (૪૯૫)માં ૧૩૬% વધારો જોવા મળ્યો હતો. આ વર્ષે, ૪૭૫ આશ્રય શોધનારાઓ નોંધાયેલા છે. એવું જાણવા મળ્યું છે કે આ અરજદારોમાં “નોંધપાત્ર



હિસ્સો” યુકેમાં સ્ટોપઓવર સાથે કેનેડાના ટ્રાન્ઝિટ મુસાફરો છે. અનેક સૂત્રોએ ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે યુએસ અને યુકે બંનેએ આ ચિંતાઓ કેનેડાને જણાવી છે. યુએસએ વધુ યોગ્ય વિઝા સ્ક્રિનિંગ પ્રક્રિયાની માંગ કરી હતી, ત્યારે યુકેએ પ્રસ્તાવ મૂક્યો છે કે તમામ કેનેડા-બાઉન્ડ ભારતીય નાગરિકોએ સ્ટોપઓવર માટે ટ્રાન્ઝિટ વિઝા મેળવવા જોઈએ.

ઈમિગ્રેશન, રેફયુજીસ અને સિટીઝનશિપ કેનેડા (IRCC)ના પ્રવક્તાએ કહ્યું કેઃ આઈઆરસીસી આ સમયે યુકે અથવા યુએસ સાથેની કોઈપણ જોડાણની વિગતો પર ટિપ્પણી કરવાની સ્થિતિમાં નથી. કેનેડા આ પ્રવૃત્તિઓ પાછળના પરિબળો અને સુવિધા નેટવર્કને વધુ સારી રીતે સમજવા માટે કામ કરી રહ્યું છે જેથી અમે તે મુજબ ગોઠવણ કરી શકીએ. યુકે હોમ ઓફિસે જણાવ્યું હતું કે તે સિસ્ટમના દુરુપયોગને રોકવા માટે પ્રતિબદ્ધ છે. દાવેદાર દ્વારા પૂરા પાડવામાં આવેલ તમામ પુરાવાઓનું મૂલ્યાંકન કરીને દરેક આશ્રય દાવાને તેની વ્યક્તિગત યોગ્યતાઓને કાળજીપૂર્વક ધ્યાનમાં લેવામાં આવે છે. ઓટાવામાં યુએસ એમ્બેસીએ આંતરિક રાજદ્વારી ચર્ચાઓ પર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. સીબીપીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, યુએસ ઈમિગ્રેશન કાયદાનો અમલ કરે છે, અને દેશમાં પ્રવેશવા માટે કાનૂની આધાર વગરના લોકો માટે અમારી સરહદો ખુલ્લી નથી. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી ભારતીય નાગરિકોને રહેવા માટેના કાયદાકીય આધાર વિના દૂર કરી રહી છે, જેમાં ચાર્ટર રિમૂવલ ફ્લાઈટ્સનો પણ સમાવેશ થાય છે. કેનેડા સુલભ વિઝા પ્રદાન કરે છે. કેનેડા રેગ્યુલેટરી કાઉન્સિલ સાથે નોંધાયેલા ઈમિગ્રેશન કન્સલ્ટન્ટે જણાવ્યું હતું કે, મેક્સિકો બોર્ડર પાર કરવાની રાહ જોઈ રહેલા લોકોમાં જોડાવા માટે પશ્ચિમ એશિયા, આફ્રિકા અથવા કેરેબિયન માટે ગેરકાયદેસર માર્ગો કરતાં વધુ સલામત વિકલ્પ છે.

કેનેડાએ વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષવા માટે તેની વિઝા નીતિ હળવી કરી તે સમયની આસપાસ, ૨૦૧૭માં વધુ પ્રવાહ શરૂ થયો. ૨૦૧૬ અને ૨૦૨૨ની વચ્ચેના સત્તાવાર રેકોર્ડ દર્શાવે છે કે કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા ૬૧% વધીને ૫,૨૩,૯૭૧થી ૮,૪૪,૪૪૪ થઈ ગઈ છે અને તેમનો એકંદર ખર્ચ $૧૫.૫ બિલિયનથી વધીને $૩૭.૩ બિલિયન થઈ ગયો છે. વિઝાના દુરુપયોગના વધતા જતા પુરાવાઓએ તાજેતરના નિયમોમાં સુધારો કરવાની ફરજ પડી હોવા છતાં વિદ્યાર્થીઓ માટે જીવન-નિર્વાહની જરૂરિયાતો વધારવાથી લઈને વિઝા કેપ્સ અને વર્ક પરમિટ એક્સ્ટેંશન પર અંકુશ લગાવવા સુધી અનેક પગલાં લેવામાં આવ્યા છે. પગપાળા યુ.એસ.માં પ્રવેશેલા ભારતીય ઈમિગ્રન્ટ્સ પહેલેથી જ ઉત્તરીય સરહદ પર શિફ્ટ થઈ ગયા હતા. જાન્યુઆરી-જૂન ૨૦૨૪ દરમિયાન, ઉત્તરીય સરહદ પર દક્ષિણ-પશ્ચિમ સરહદ (૧૧,૦૫૨ એન્કાઉન્ટર) કરતાં ડબલ (૨૨,૩૯૮ એન્કાઉન્ટર) થયા હતા. દક્ષિણ સરહદેથી પ્રવેશવું વધુ ખતરનાક અને કઠિન છે કારણ કે આ સરહદ પર ઘણી મજબૂત સરહદ સુરક્ષા છે. જો કોઈને કેનેડિયન વિઝા સરળતાથી મળી શકે તો દક્ષિણ સરહદ કરતાં ઉત્તરથી આવવું વધુ અર્થપૂર્ણ છે. ભૂતકાળમાં, યુ.એસ.માંથી સ્થળાંતર કરનારાઓ ઉત્તર તરફ જતા હતા પરંતુ હવે કેનેડામાં રહેવા અને કામ કરવાની ઓછી તકો છે. વિઝિટિંગ વિઝા, અને સ્ટુડન્ટ વિઝા મેળવવામાં પ્રમાણમાં સરળ હોવાથી, લોકો કેનેડામાં સ્થાયી થવા માટે દક્ષિણમાં ગયા હતા. વાસ્તવમાં, યુકેમાં રાષ્ટ્રીયતા દ્વારા ટોચના પાંચ આશ્રય શોધનારાઓમાં ભારતીયોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. ૨૦૧૮ અને ૨૦૨૩ની વચ્ચે, યુકે બંદરો પર ભારતીય આશ્રય શોધનારાઓની વાર્ષિક સંખ્યામાં ૧૧-ગણો વધારો થયો છે, જે પાકિસ્તાની નાગરિકો કરતાં વધારે છે.

# ગૌમાંસની શંકામાં વૃદ્ધ મુસ્લિમ વ્યક્તિ પર હુમલો : કોર્ટે ગૌરક્ષકોના જામીન રદ કર્યા

(એજન્સી) મુંબઈ, તા.૩

ટ્રેનમાં એક વૃદ્ધ મુસ્લિમ વ્યક્તિ પર નિર્દયતાથી હુમલો કરનારા ગૌરક્ષક જામીન પર છૂટ્યાના એક દિવસ પછી એક મેજિસ્ટ્રેટ કોર્ટે તેમના જામીન રદ કરવાનો આદેશ આપ્યો છે, પરંતુ થાણે રેલવે પોલીસના દબાણ પછી તે લેવામાં આવ્યો હતો. જ્યારે ૭૨ વર્ષીય વ્યક્તિને નિર્દયતાથી મારવામાં આવ્યો હતો અને હુમલાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો ત્યારે પણ પોલીસે આરોપીઓ પર માત્ર જામીનપાત્ર કલમો હેઠળ જ આરોપ લગાવ્યો હતો.

૩૦ ઓગસ્ટના રોજ અશરફઅલી સૈયદ હુસૈન જલગાંવથી કલ્યાણ જઈ રહ્યા હતા ત્યારે તેમના પર કેટલાક લોકોએ હુમલો કર્યો, બધા ૨૦ વર્ષના હતા. હુસૈન પ્લાસ્ટિકના બે કન્ટેનરમાં ભેંસનું માંસ લઈ જઈ રહ્યા હતા. જ્યારે તેઓને આ વાતની જાણ થઈ ત્યારે તેઓએ તેના પર હુમલો કર્યો અને તેમને ચાલતી ટ્રેનમાંથી ફેંકી દેવાની ધમકી પણ આપી.

મહારાષ્ટ્રમાં ગાય અને બળદના માંસના વપરાશ પર પ્રતિબંધ છે, પરંતુ ભેંસનું માંસ હજુ પણ કાયદેસર છે. તેની કાયદેસરતાને ધ્યાનમાં લીધા વિના ફક્ત કાયદા અમલીકરણ વિભાગો જ આ કેસોનું સંચાલન કરી શકે છે. પરંતુ હિંદુ પુરૂષો અચાનક જ પોતાને ગૌરક્ષક સમૂહોમાં ફેરવી નાંખે છે અને મુસ્લિમ પુરૂષો પર હુમલો કરે છે તે દેશભરમાં એક મોટો ગુનો બની ગયો છે. વૃદ્ધ વ્યક્તિને જે ઈજાઓ થઈ તે જીવલેણ હોઈ શકે છે. પરંતુ પોલીસે



ફરિયાદને હળવાશથી લીધી અને માત્ર નાના આરોપો પર ધ્યાન કેન્દ્રિત કર્યું, જે તમામ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ટ્રાયલેબલ છે.

હુમલાનો વીડિયો વાયરલ થતાં જ જે સૌપ્રથમ આરોપીઓ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો, ઘણા વિપક્ષી નેતાઓએ તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ)ના ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડ થાણે રેલવે પોલીસને મળ્યા અને માગણી કરી કે કોમી દ્વેષ અને હુમલાના ગંભીર આરોપો જે મૂળ FIRમાં ખૂટે છે પણ આરોપીઓ સામે લગાવવામાં આવે.

સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા (SDPI)ના કાર્યકર્તાઓ જે હુમલાના દિવસથી હુસૈનને તેની કાનૂની લડાઈમાં મદદ કરી રહ્યા હતા, તેઓ પણ આની માંગ કરી રહ્યા છે. આવ્હાડે પોલીસ પર આરોપ લગાવ્યો છે કે, તેઓ કેસને નાનો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને આરોપીઓ સામે સ્પષ્ટ વીડિયો પુરાવા હોવા છતાં જાણીજોઈને તેમના પ્રત્યે નરમ વલણ અપનાવે છે. આ કેસના તપાસ અધિકારી અર્ચના દુસાનેએ આખરે કોર્ટ સમક્ષ નવા આરોપો ઉમેરવાની માંગ કરતી અરજી દાખલ કરી, કલમ ૩૦૨ (જાણીને અન્ય વ્યક્તિની ધાર્મિક લાગણીઓને દુભાવવાના હેતુથી શબ્દો ઉચ્ચારવા) અને ૩૧૧ (લૂંટ અથવા લૂંટના પ્રયાસ સાથે વ્યવહાર). ભારતીય ન્યાય સંહિતા (BNS)ની ગંભીર ઈજા અથવા મૃત્યુનું કારણ બને છે. કલમ ૩૧૧ બિનજામીનપાત્ર કલમ છે અને તે સેશન્સ કોર્ટ સમક્ષ ટ્રાયેબલ છે.

જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વી.પી. શિંદેએ ત્રણેય આરોપીઓ- આકાશ આવ્હાડ, નિલેશ આહિરે અને જયેશ મોહિતેના જામીન રદ કરવાનો આદેશ આપ્યો છે.

મેજિસ્ટ્રેટે જણાવ્યું કે, તપાસ અધિકારીના નિવેદનો અને સંજોગોમાં બદલાવને જોતા વધુ તપાસ માટે આરોપી નં.૧થી ૩ની હાજરી જરૂરી છે.

# પ્રાણી અત્યાચારની ક્રૂર ઘટના, યુપીમાં મોરાદાબાદ ખાતે ગાય સામે ભસી રહેલા કૂતરાને બેફામ મારતો ડેરીનો માલિક : ઘટનાનો વીડિયો વાયરલ થતાં એફઆઈઆર દાખલ

મોરાદાબાદ, તા.૩

પ્રાણીઓ પર અત્યાચારની એક અત્યંત ક્રૂર અને ભયાનક ઘટનામાં ઉત્તર પ્રદેશના મુરાદાબાદ ખાતે ગાયની સામે ભસી રહેલા કૂતરા પર ખીજાઈને લાકડી લઈ એક ડેરી માલિક તૂટી પડ્યો હતો અને કૂતરાને ઢોર માર્યો હતો. રખડું શ્વાન પર જુલમ અત્યાચારની આ ઘટના એક રાહદારીએ વીડિયોમાં ઉતારી લીધી હતી અને સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયો હતો જેમાં ડેરી ન માલિક શેરીમાં પડ્યા રહેતા શ્વાનને બેફામ રીતે મારી રહ્યો દેખાઈ રહી છે. કહેવાય છે કે કૂતરા ન માર મારનાર આ વ્યક્તિ ત્યાં ડેરી ચલાવે છે અને એમ શ્વાનને લાકડીથી ઢીબી રહ્યો હતો ત્યારે ત્યાં મોટું ટોળું હતું પણ કોઈએ બિચારા જનાવરને બચાવવાની કોશિશ કરી નહોતી. ઊલટું બેશરમ બનીને ત્યાં હાજર લોકો તેમના મોબાઈલ ફોન પર આ ઘટનાનો વીડિયો ઉતારતા રહ્યા હતા અને બાદમાં વાયરલ કર્યો હતો. આવી રીતે માર પડતા કૂતરાને ગંભીર ઈજાઓ થઈ હતી એ સમયે ત્યાં હાજર કેટલાક લોકોએ પૂછ્યું હતું કે તમે કૂતરાને શું કામ મારી રહ્યા છો ? ત્યારે એ વ્યક્તિએ જવાબ આપ્યો હતો કે આ કૂતરાને કારણે મને ઘણું નુકસાન થયું છે એટલે હું તેને મારી રહ્યો છું. વીડિયો ઉતારી રહેલા એક વ્યક્તિએ આ વ્યક્તિને એવું કહ્યું હતું કે તમારા પણ આવા જ હાલ થશે અને તમને પણ આવી જ રીતે માર પડશે. કોઈએ એવું કહ્યું હતું કે ગાય સામે ઘસી રહેલ કૂતરાને ભસવા બદલ આ વ્યક્તિએ માર માર્યો હતો અને બિચારો જાનવર મોંઘા



મોઢે ત્રાસ સહન કરતો રહ્યો હતો. દરમિયાનના ગંભીર ઘટનાની નોંધ લઈને પેટા ઈન્ડિયાના ધારાશાસ્ત્રીએ ડેરીના માલિક સામે એફઆઈઆર દાખલ કરી છે. આ માટે ફરિયાદ કરવા કેટલાક લોકો આગળ આવ્યા હતા. કહેવાય છે કે ડેરીના માલિકે તેને ત્યાં બાધી રાખેલી ગાય સામે ભસવા બદલ કેટલાક લોકોએ ભેગા થઈને આ કૂતરાને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

લહેરો સે ડર કર નૌકા પાર નહિ હોતી....કોશિશ કરને વાલોંકી કભી હાર નહિ હોતી' પંક્તિને સાર્થક કરી બતાવી

# મહુધાના મુલેજનો જન્મજાત પ્રજ્ઞાચક્ષુ આકિલ મિર્ઝા સાયબર સિક્યુરિટીની કોમ્પ્યુટર પર સ્લાઈડ્સ બનાવવામાં એક્સપર્ટ બન્યો

## નરી આંખે જોનાર વ્યક્તિ પણ આટલી ઝડપથી કોમ્પ્યુટર ઓપરેટ કરી ન શકે તેટલી સ્પીડથી કામ કરતો પ્રજ્ઞાચક્ષુ આકિલ technicalclass666 નામની પોતાની યુ-ટ્યુબ ચેનલ થકી ફ્રીમાં જ્ઞાન પીરસે છે

( આરીફ મલેક)

નડિયાદ, તા.૩

લહેરો સે ડર કર નૌકા પાર નહિ હોતી..., કોશિશ કરને વાલોં કી કભી હાર નહિ હોતી..., મેગા સ્ટાર અમિતાભ બચ્ચનના પિતાની આ પંક્તિ ખેડા જિલ્લાના મહુધા તાલુકાના મુલેજના ૨૦ વર્ષીય જન્મજાતથી ચક્ષુહિન યુવાને એવી તો મનમાં ઉતારી લીધી કે આજે કોમ્પ્યુટરમાં એક્સપર્ટ થઈ ગયો છે સાયબર અવેરનેસ માટેની વિવિધ વેબસાઈટ ઉપર તેના દિમાગની કમાલ જોઈને ભલભલા કોમ્પ્યુટરના નિષ્ણાતોના મોઢામાંથી પણ વાહ નીકળી જાય તેવી સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે. ભાગ્ય જ કોઈ એવું જોયું હશે કે જન્મજાતથી ચક્ષુહિન વ્યક્તિ કોમ્પ્યુટર આગળ બેસીને પોતાની આંગળીઓ એવી રીતે ફેરવે કે આંખે જોનાર વ્યક્તિ પણ આટલા ઝડપથી કોમ્પ્યુટર ઓપરેટ ના કરી શકે અને એ પણ સાયબર સિક્યુરિટીની સ્લાઈટો બનાવવામાં એક્સપર્ટ હોય ત્યારે આ સાંભળનાર વ્યક્તિના મોઢામાંથી આતો ગપ્પુ શબ્દો નીકળી જાય પરંતુ વાત સો ટકા સાચી છે. વાત છે ખેડા જિલ્લાના મહુધા તાલુકાના નાના એવા ગામ મુલજની ગામમાં રહેતા અને વ્યવસાથે શિક્ષક એવા તમીઝબેગ મિર્ઝા અને નસીમબાનુંના ઘરે આજથી ૨૦ વર્ષ પહેલાં એક દિકરાનો જન્મ થયો. પુત્રી પછી પુત્રનો જન્મ થતાં પરિવારમાં આનંદ છવાઈ ગયો હતો. આ બાળકનું નામ આકિલ મિર્ઝા ત્રણ માસનો થયો ત્યારે માવતરને ખબર પડી કે આપણું બાળક તો જોઈ શકતું નથી. ખુશીની લહેર દુઃખમાં પલટાઈ ગઈ આંખના નિષ્ણાતોની હોસ્પિટલમાં પરિવારના આટા ફેરા વધી ગયા હતા. તમામ આંખના રિપોર્ટો કાઢ્યા બાદ નિષ્ણાત ડોક્ટરોએ કહ્યું કે : કેન્સર આઈસ (આંખના પડદાનું કેન્સર) નામની બીમારી છે. બાળકને બચાવવું મુશ્કેલ છે. માડ બે ત્રણ વર્ષ કાઢે તો કહીને ડોક્ટરોએ હાથ ઊંચા કરી દીધા. ડોક્ટરોએ આપેલી ડેટ લાઈન વટાવીને બાળક પાંચ વર્ષનો થયો. શિક્ષણ માટે એને ગામની જ સરકારી શાળામાં મુકવામાં આવ્યો. ત્યાં આકિલ સાંભળીને જ બધુ શીખી જતો. ૧થી ૫ નું શિક્ષણ ગામની જ સરકારી પ્રા. શાળામાં લીધું. મમ્મી નસીમબાનુ દિકરાને આગળ ભણાવવા માંગતી હતી. ધોરણ ૬થી ૮નો અભ્યાસ નૂર હાઈસ્કૂલ મુલજમાં પૂર્ણ કર્યો આ દરમિયાન આકિલ માટે કુદરતે એક મિત્ર તરીકે ફરિશ્તો મોકલ્યો. એ પણ અહીં ભણતો હતો જેનું નામ ઉઝેરઅલી સૈયદ હતું જે આકીલની તમામ બાબતોનું ધ્યાન રાખતો, પેશાબ પાણીથી લઈને એના ભણવા સુધીની તમામ બાબતોમાં એ સાથે રહ્યો હતો. દોસ્ત હોય તો એસા એ ઉઝેરઅલી સૈયદએ સિદ્ધ કરી બતાવ્યું હતું. માવતર માનતા હતા કે પોતાનો પુત્ર ધો ૧૦ પૂરું કરે તો સારું ચક્ષુહિન બાળકને આગળ ભણવામાં તકલીફ પડે એ સ્વાભાવિક છે એટલે પુત્ર આગળ સારું ભણે તેવી આશા છોડી હતી પરંતુ હવે કુદરતની કમાલના દર્શન શરૂ થયા. ૧૩ વર્ષીય આકીલને મોબાઈલમાં રૂચી જાગી અને મોબાઈલની માંગણી કરતા માવતરરએ તેને મોબાઈલ આપ્યું. મોબાઈલ પર ગીત સાંભળવાના બદલે આ બાળકે તો ટેક્નોલોજીના વીડિયો જોવાનું (સોરી સાંભળવાનું ) શરૂ કર્યું. આખી રાત સાંભળીને જ્ઞાનને હાઈજેક કરવા લાગ્યો. માતા નસીમબાનુ કહે છે કે મારો પુત્ર ત્રણ કલાક જ ઊંઘતો હતો. આજનું યુવાધન જ્યારે મોબાઈલમાં ગેમ રમીને સમય અને પૈસા ઉડાડી દે છે અને પોતાના જીવનને બરબાદ કરી નાખે છે ત્યારે આકીલે મોબાઈલનો પોઝિટિવ ઉપયોગ કર્યો. યુ ટ્યુબ અને ગૂગલ હવે એના ગુરુ બની ગયા હતા. ટીચરને એણે વાત કરી મને કોમ્પ્યુટરમાં રસ છે. ૬થી ૮ સુધી તો એણે કોમ્પ્યુટરના કી બોર્ડ પર આંગળી પણ ફેરવી નહોતી. ૯થી ૧૨ નૂર માધ્યમિક હાઈસ્કૂલમાં ભણ્યો ત્યાં એક શિક્ષિકા બહેન એના આ ઈરાદા સાથે કદમ મિલાવી એની સાથે ચાલ્યા અને તમામ પ્રકારની સુવિધા તેનો ઉપલબ્ધ કરી આપી હતી. આકિલે મોબાઈલમાં લિનક્સ ઈન્સ્ટોલ કર્યું. રિસર્ચ કર્યા કર્યું અને આગળ વધતો રહ્યો. પિતાએ પણ પછી તો લેપટોપ લઈ આપ્યું. HTML, JAVA આ બધું જ શીખ્યો. ૧૨માં ધોરણ પછી આકિલ માટે મુશ્કેલી આવી કે હવે શું કરવું ? એણે નક્કી કર્યું હતું કે મારે તો સાયબર સિક્યોરિટીમાં આગળ વધવું છે. પણ એ માટે સર્ટિફિકેટ કોર્સ જોઈએ એ માટે આણંદમાં મોગરી ખાતે આવેલી સ્કૂલમાં એક વર્ષનો કોષ કર્યો. આકિલ એટલો એક્સપર્ટ થઈ ગયો હતો કે ત્યાં જે અભ્યાસક્રમ ચાલતો એ બધો જ એને પહેલેથી આવડતો હતો. ત્યાંથી અત્યારે આકિલ અમદાવાદ સેટેલાઈટ ખાતે સાયબર ઓક્ટેટમાં ભણે છે ઘરેથી અપ ડાઉન કરે છે ત્યાં એડવાન્સ ડિપ્લોમા ઈન સાયબર સિક્યોરિટી એન્ડ ઈથીકલ હેકિંગ ઉપર એક વર્ષનો કોષ કરી રહ્યો છે અને મજાની વાત એ છે કે આ સોફ્ટવેર ચલાવવું એના ડાબા હાથનો ખેલ છે. એ ત્યાંના વિદ્યાર્થીઓને સોફ્ટવેર શીખવા માટે મદદરૂપ થાય છે. આ સિવાય એણે યુ ટ્યુબ ચેનલ પણ શરૂ કરી છે જેનું નામ technicalclass666 છે. આકિલ પોતાને ચક્ષુહિન માનતો નથી અને હવે તો એનું એવું કહેવું છે કે મારે દુનિયા જોવી નથી પણ, દુનિયા મને જોવે એવા કામ કરવા છે. સાયબર સિક્યોરિટી ની તમામ ડિગ્રી આકિલ મેળવવા માગે છે. આકિલ એટલો એક્સપર્ટ છે કે એ કોઈપણ સાઈટને હેક આરામથી કરી શકે. એટલું જ નહીં વિવિધ કંપનીઓ સર્વરની ડેટા સિક્યુરિટી પણ બનાવી શકે છે જેથી કરીને કોઈ તેને હેક ના કરી શકે આવું કમાલનું દિમાગ એ ધરાવે છે. આકિલ મિર્ઝા આજના યુવાનો માટે પ્રેરણા છે.





### 1004 જીબી મેમરીનું મગજ

આકીલ મિર્ઝાની મગજની શક્તિની વાત કરીએ તો તેનો મેમરી પાવર ખૂબ જ સ્ટ્રોંગ છે ૧૦૦૪ જીબી મેમરી વાળું મગજ છે હાલમાં તે અભ્યાસ કરે છે ત્યારે શિક્ષકો શીખવાડે છે તે તમામ વસ્તુ તેને યાદ રહી જાય છે અભ્યાસના ૧૨૦ ટોપિક તેને મગજમાં યાદ છે આંખથી દેખતા વિદ્યાર્થીઓ આ ટોપિક યાદ કરવા માટે રાત દિવસ વાંચે છે છતાં પણ યાદ રહેતા નથી ત્યારે આ આકીલ ને તમામ ટોપીક યાદ છે.

### અમો કદી આકિલને ચક્ષુહીન માનતા નથી : માવતર

આકીલના પિતા અને માતા કહે છે કે આકિલને અમે કદી ચક્ષુહિન માનતા નથી. તે તો અમારા કરતાં પણ સારું જોઈ શકે છે હાલમાં તેણે કોમ્પ્યુટર માસ્ટર કરીને જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેનો અમને ગર્વ છે આકિલ પણ પોતાને કદી ચક્ષુહિન માનતો નથી. ભલે તેને આંખો નથી પરંતુ ગોડ ગીફ્ટ તેને મળી છે.

### નાણાના અભાવે કોઈ અભ્યાસ ના છોડે તે માટે મારા પ્રયત્નો રહેશે : આકિલ

આકીલ મિર્ઝાએ જણાવ્યું હતું કે મારું એ સપનું છે કે કોઈપણ વિદ્યાર્થીને નાણાંના અભાવે અભ્યાસ ના છોડવું જોઈએ આવા વિદ્યાર્થીઓને મદદ કરવાનું તેનું સ્વપ્ન છે તે હાલમાં પોતાની youtube ચેનલ દ્વારા લોકોને સાયબર સિક્યુરિટી બાબતે અવેરનેસ કરે છે ભવિષ્યમાં સાયબર સિક્યુરિટી બાબતે સ્ટાર્ટપ શરૂ કરવાની પણ તેને ઈચ્છા છે તે વિદ્યાર્થીઓને કહે છે કે તમારે જો આગળ આવવું હોય તો તમારી શક્તિઓને તમારે ઓળખવી પડશે અને સમયને વેડફિયા વગર કોઈ ચોક્કસ દિશામાં તેનો ઉપયોગ કરવો પડશે તો જ તમે મંઝિલ સુધી પહોંચી શકશો.

અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત સહિત વિવિધ કોલેજોના આઈડીએના પ્રતિનિધિઓ જોડાયા

# રાજ્યભરના રેસિડન્ટ ડોકટર્સ હડતાળમાં જોડાયા : હવે ૩૦ ટકા વધારાની કરાઈ માંગણી

## હડતાળ બંધ કરાશે નહીં, જો આવું જ ચાલ્યું તો ડીન બદલવા માંગ કરીશું : જેડીએ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૩

અમદાવાદની બીજે મેડિકલ કોલેજમાં સ્ટાઈપેન્ડની માંગણીને લઈને રેસિડેન્ટ અને ઈન્ટર્ન ડોક્ટર હડતાલ પર બેઠા છે. આજે(૩ સપ્ટેમ્બર, ૨૦૨૪) હડતાલના બીજા દિવસે પણ ડોક્ટરોએ એકઠા થવાનું જારી રાખ્યું છે. ગઈકાલ સુધી ૪૦ ટકા સ્ટાઈપેન્ડ વધારાની માંગ સાથે હડતાલ કરવામાં આવી રહી હતી, ત્યારે આજે સ્ટાઈપેન્ડમાં ૩૦ ટકાનો જ વધારો માંગવામાં આવ્યો છે. તો બીજી તરફ પોલીસ બંદોબસ્ત પણ બી. જે. મેડિકલમાં ગોઠવવામાં આવ્યો છે. બીજે મેડિકલના ડીને ગઈકાલે પોલીસને જાણ કરીને કાર્યવાહી કરવા પણ જણાવ્યું હતું. જો હડતાલ શરૂ થાય તો ડોક્ટર સામે પોલીસ કાર્યવાહી પણ થઈ શકે છે. વડોદરા, ગાંધીનગર, સુરત, ગોત્રી, તથા અમદાવાદની શારદાબેન, વી.એસ, એલ.જી. હોસ્પિટલના JDAના પ્રતિનિધિ બી.જે. મેડિકલ પહોંચ્યા હતા. તમામ વચ્ચે બેઠક યોજી આગળની રણનીતિ નક્કી કરવામાં આવી હતી. આ પહેલા સુરત સ્મીમેરના JDAના પ્રેસિડેન્ટ અમદાવાદ પહોંચ્યા હતા અને તેમણે આ હડતાલને સમર્થન જાહેર કરી સુરતમાં પણ હડતાલ શરૂ કરવાની જાહેરાત કરી હતી. રેસિડેન્ટ ડોક્ટરો કામથી અળગા રહીને વિરોધ નોંધાવી રહ્યાં છે. ત્યારે બીજા દિવસે ડીનની ઓફિસમાં JDAના પ્રમુખ, પોલીસ અને ડીન વચ્ચે બેઠક પણ યોજાઈ હતી. આ બેઠક બાદ બહાર આવીને JDAના પ્રમુખે કહ્યું હતું કે, આપણે હડતાળ બંધ નહિ કરીએ, આ રીતે જ ચાલ્યું તો આપણે ડીન અને MS બદલવાની પણ માંગણી કરીશું. તેમજ અમને રોકવા માટે લાઈટ પણ કાપી નાંધી હતી. હાલમાં ડોક્ટરો મોઢા પર માસ્ક લગાવીને શાંતિપૂર્વક રીતે હડતાળ કરી રહ્યાં છે. સિવિલ હોસ્પિટલના સુપરિટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, હડતાળ વચ્ચે પણ OPD અને ઈમરજન્સી રાબેતા મુજબ ચાલી રહી છે. અમે ઈમરજન્સી ના હોય તેવી પ્લાન્ટ સર્જરી અને ઓપરેશન મોકુફ રાખ્યા છે. અંદાજિત ૫૦ ટકાનો ઘટાડો થયો છે. બીજે મેડિકલના ડીન અને PG ડાયરેક્ટરે નોટિસ આપીને કામ પર જોડાવવા કહ્યું હતું. ડોક્ટરોને એક નોટિસ આપી છે હવે બીજી આપીશું. એ પ્રમાણે ૩ નોટિસ આપીશું. ત્યાર બાદ ડીન અને પ્રોફેસર દ્વારા ક્રમશ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. અમે ડોક્ટરોને સમજાવવા પણ પ્રયત્ન કરી રહ્યા છીએ. રેસિડેન્ટ ડોક્ટરને સ્ટાઈપેન્ડમાં ૨૦ ટકા જ વધારો કરવામાં આવ્યો હોવાથી ડોક્ટર દ્વારા હડતાલ કરવામાં આવી રહી છે.

# જૂનાગઢ જીમખાના ઈમારત સરકાર હસ્તક લઈ સીલ કરી દેવાઈ : જૂની કમિટી બરખાસ્ત

## જીમખાનામાં ૨૦૧૮થી કોઈ ચૂંટણી જ થઈ નથી, કલેકટરને અનેક ફરિયાદો મળી હતી

જૂનાગઢ,તા.૩

જૂનાગઢ શહેરના હૃદય સમા વિસ્તાર સરદાર ચોક, ટાઉન હોલ નજીક આવેલ જૂનાગઢ જીમખાનાની ઈમારતનો જિલ્લા કલેકટરે આજે એક તાકીદની કાર્યવાહી દ્વારા આજે કબજો સંભાળી લઈ ઈમારતને સીલ કરી દેતા આ મુદ્દો સમગ્ર શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. કલેકટરના આદેશથી જૂનાગઢ પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે જૂનાગઢ જીમખાનાની ઈમારતનો કબજો સંભાળી લીધો છે. જે અંગેની નોટિસ જૂનાગઢ શહેર મામલતદાર અને સિટી સર્વે સુપ્રિન્ટેન્ડ જૂનાગઢની સહીથી આજે તા.૩-૯-૨૦૨૪ના રોજ જૂનાગઢ જીમખાનાની ઈમારત જે સિટી સર્વે નં.૯૭૨, વોર્ડ નં.૮ સિટી સર્વે સીટ નં.૩૮વાળી મિલકતનો કબજો શ્રીસરકાર પક્ષે લેવામાં આવેલ છે, તેથી સદર મિલકતમાં પરવાનગી સિવાય કોઈએ પ્રવેશ કરવો નહીં અને બિનઅધિકૃત પ્રવેશ કરનાર પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવું નોટિસમાં જણાવાયું છે. આ સાથે પ્રાંત અધિકારી જૂનાગઢે જીમખાનાની ઈમારતનો કબજો લેવા માટે મામલતદાર જૂનાગઢ શહેર (અધ્યક્ષ), સિટી સર્વે સુપ્રિ. જૂનાગઢ (સહઅધ્યક્ષ), જિલ્લા રમતગમત અધિકારી (સભ્ય), નાયબ મામલતદાર મહેસુલ, જૂનાગઢ શહેર (સભ્ય), સર્કલ ઓફિસર, જૂનાગઢ (સભ્ય) અને જૂનાગઢ શહેરના ચાર રેવન્યુ તલાટીઓની નિમણૂંક કરી હતી. ઉપરોક્ત અધિકારી-કર્મચારીઓએ આજે સવારે ૧૦ કલાકે જૂનાગઢ જીમખાના ખાતે પહોંચી સમગ્ર સંકુલનો સરકારશ્રી પક્ષે કબજો સંભાળી લેવાની કાર્યવાહી શરૂ કરી હતી. ત્યાર બાદ પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે સ્થળની રૂબરૂ મુલાકાત લઈ જૂનાગઢ જીમખાનાની ઈમારતના તમામ રૂમો, હોલ તેમજ સંકુલમાં આવેલ અન્ય તમામ રૂમો, હોલ તેમજ સંકુલમાં આવેલ અન્ય તમામ મિલકતોને સીલ મારી હતી અને સરકાર પક્ષે કબજો સંભાળી લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જૂનાગઢ જીમખાનાની ઈમારત અત્યંત જર્જરિત થઈ ગઈ છે અને કેટલોક ભાગ ધરાશાયી થવાની અણી પર છે. ત્યારે કોઈ અકસ્માતની ઘટના બને તે પહેલા આ ઈમારતને સરકાર હસ્તક લઈ લેવામાં આવી છે અને જુની કમિટીને બરખાસ્ત કરી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૬માં જૂનાગઢ જીમખાનાની મેનેજિંગ કમિટીનું ઈલેકશન થયેલ જેની મુદ્દત ત્રણ વર્ષ એટલે કે ૨૦૧૮ સુધીની હતી. જ્યારે ૨૦૧૮થી લઈ ૨૦૨૪ સુધી કોઈ ઈલેકશનની કાર્યવાહી થઈ નથી અને જુની કમિટી બેઠા થાળે ઉભડક ચલાવતી હતી. જે અંગેની અનેક ફરિયાદો કલેકટરને મળી હોવાનું જાણકાર સૂત્રોએ જણાવેલ છે. જુની કમિટીમાં પણ હોદ્દાની રૂએ કલેકટર જૂનાગઢ (પ્રમુખ) અને એસ.પી. જૂનાગઢ (ઉપપ્રમુખ) હોય છે. સામાન્ય રીતે આ બંને વરિષ્ઠ અધિકારીઓ હોદ્દાની રૂએ જીમખાનાના પ્રમુખ ઉપપ્રમુખ હોય છે. જ્યારે અન્ય સભ્યોમાં ગિરીશ કોટેચા (સેક્રેટરી), ધર્મેશ મીઠીયા (જોઈન્ટ સેક્રેટરી), સંદીપ કોટેચા (ટ્રેઝરર), જગત મશરૂ (કમિટી મેમ્બર), અનુભાઈ પંડયા (કમિટી મેમ્બર), જયેશ ભુવા (કમિટી મેમ્બર), અમિત સોલંકી (કમિટી મેમ્બર), છેલભાઈ દવે (કમિટી મેમ્બર), ઈશ્વર વાઘાણી (કમિટી મેમ્બર) તરીકે હતા. આમ, આજે જીમખાનાનો કલેકટરના આદેશથી પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે કબજો લઈ સરકાર હસ્તક લઈ લેતા જુની કમિટી આપોઆપ બરખાસ્ત થઈ ગઈ છે. જો કે, જિલ્લા વહીવટી તંત્રએ અચાનક જીમખાનાની ઈમારતને સરકાર હસ્તક લઈ લેતા અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે.

# ભારતીય એરફોર્સ જવાનના વોટ્એપમાં માલવેર ફાઈલ મોકલી કથિત જાસૂસી કરવાના કેસમાં આરોપીની જામીન અરજી હાઈકોર્ટે ફગાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩

ભારતીય એરફોર્સ જવાનના વોટ્સ-એપમાં માલવેર ફાઈલ મોકલી કથિત જાસૂસી કરવાના ચકચારભર્યા પ્રકરણમાં પૂર્વ પાકિસ્તાની નાગરિક લાભશંકર દુર્યોધન મહેશ્વરીની જામીન અરજી ગુજરાત હાઈકોર્ટનાં જસ્ટિસ એમ.આર.મેંગડેએ ફગાવી દીધી હતી. હસિક્રોત્ર પૂર્વ પાકિસ્તાની નાગરિક વિરૃધ્ધના ગંભીર આરોપ અને ગુનાહિત કૃત્યને જોતાં તેને જામીન આપવાનો ઈક્રાર કરી દીધો હતો. કેસની વિગતો મુજબ ગત તા.૩-૪-૨૦૨૩ ના રોજ એરફોર્સમાં ફરજ બજાવતાં જવાન કે જે કારગીલ સ્થિત એરફોર્સ સ્ટેશનમાં તૈનાત હતો, તેને જમ્મુ-કાશ્મીરના અજાણ્યા નંબર પરથી એક વોટ્સ-એપ મેસેજ મળ્યો હતો. જેમાં તેને એક ફાઈલ ડાઉનલોડ કરવા જણાવાયું હતું. જો કે, તે ફાઈલ ડાઉનલોડ કરવામાં અસમર્થ રહેતાં તેણે આ ફાઈલ પોતાની પત્નીના ફોન પર મેસેજ ફોરવર્ડ કર્યો હતો અને પાછળથી જાણવા મળ્યું હતું કે, ફાઈલમાં માલવેર છે અને તેનો હેતુ ભારતના સશસ્ત્ર દળો વિશે ગુપ્ત માહિતી મેળવવાનો હતો. પૂર્વ પાકિસ્તાની નાગરિક અને પાછળથી ભારતીય નાગરિકત્વ ધરાવનાર આરોપી લાભશંકર મહેશ્વરીની જામીન ફગાવતાં જસ્ટિસ મેંગડેએ જણાવ્યું હતું કે, તપાસમાં સીમકાર્ડ જામનગરના રહેવાસી મોહમંદ સકલેન ઉમર થાઈમનું ટ્રેસ થયુ હતુ અને ત્યારબાદ આ સીમકાર્ડ આરોપી મહેશ્વરીને પહોંચાડવામાં આવ્યું હતું. એ પછી મહેશ્વરીએ અન્ય એક સાક્ષીને વોટ્સ ઓટીપી મેળવવાના ઈરાદાથી તેના મોબાઈલમાં સીમકાર્ડ નાંખવા જણાવ્યું હતું. જે બાદમાં મહેશ્વરીના પાકિસ્તાન સ્થિત વ્યકિતને મોકલાયું હતું. જેના આધારે પાકિસ્તાનના મોબાઈલમાં એક એકાઉન્ટ સક્રિય થયુ હતુ. તે વોટ્સ-એપ એકાઉન્ટની મદદથી માલવેર મેસેજ ઉપરોક્ત એરફોર્સ જવાનને મોકલાયો હતો અને તેને એપીકે ફાઈલ ડાઉનલોડ કરવાનું કહેવાયું હતું. જેમાં માલવેર ફાઈલ હતી. રેકર્ડમાં એવી હકીકત પણ સામે આવી હતી કે, વોટ્સ એપ એકાઉન્ટ સક્રિય કર્યા પછી હાલના આરોપી લાભશંકર મહેશ્વરીએ તેની બહેન દ્વારા વિવાદીત સીમકાર્ડ પાકિસ્તાનમાં પહોંચાડ્યુ હતુ. રેકોર્ડ પરથી સ્પષ્ટ થયુ છે કે, ભારતીય નાગરિકતા મેળવતાં પહેલાં આરોપી પાકિસ્તાનનું નાગરિકત્વ ધરાવતો હતો અને તે મૂળ પાકિસ્તાનનો હતો. કેસની ગંભીર અને સંવેદનશીલ હકીકતોને ધ્યાને લઈ હાઈકોર્ટે આરોપી એવા પૂર્વ પાકિસ્તાની નાગરિક લાભશંકર મહેશ્વરીની જામીન અરજી ધરાર ફગાવી દીધી હતી.

# કરજણમાં પાંચ ઈંચ વરસાદ ખાબક્યા આજવા સરોવરની સપાટી ૨૧૨.૧૫ ફૂટ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩

વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં વરસાદની વધુ એક સિસ્ટમ એક્ટિવ થઈ છે અને તેના કારણે વડોદરામાં આજે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. બીજી બાજુ વડોદરા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ કરજણમાં આશરે પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે વડોદરામાં બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. વડોદરામાં ચાર દિવસના વિરામ બાદ સોમવારે ફરી આખો દિવસ વરસાદી માહોલ રહ્યો હતો, પરંતુ સાંજ બાદ વરસાદે તેનું જોર દેખાડ્યું હતું. વડોદરા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સાવલીમાં ૫૯ મી.મી, વડોદરામાં ૪૯ મી.મી, પાદરામાં ૨૫મી.મી, ડભોઈમાં ૫૦મી.મી, કરજણમાં ૧૨૧મી.મી, સિનોરમાં ૫૬ અને ડેસરમાં ૮૭મી.મી વરસાદ નોંધાયો છે. વડોદરામાં આજે ઓરેન્જ એલર્ટ છે. જેના કારણે તંત્ર પણ સતર્ક બન્યું છે. નર્મદાના ઉપરવાસમાં ભારે વરસાદ થવાના લીધે નર્મદા ડેમના ગેટ ખોલવામાં આવતા વડોદરા જિલ્લાના નર્મદા કાંઠાના ૨૫ ગામોને સાવધ કરવામાં આવ્યા છે. સોમવારે સાંજથી આજવા અને પ્રતાપપુરા સરોવરના બંધ કરેલા ગેટ ફરી ખોલવામાં આવ્યા છે. આજે બપોરે ૧:૩૦ વાગ્યે આજવા સરોવરની સપાટી ૨૧૨.૧૫ ફૂટ હતી, જ્યારે વિશ્વામિત્રીની સપાટી ૧૩.૫૦ ફૂટ નોંધાય હતી. હજી વરસાદની માહોલ જામેલો છે અને સવારથી ઝરમરિયો વરસાદ ચાલુ છે.

# ઉપરવાસમાં ધોધમાર વરસાદના પગલે ઉકાઈ ડેમના ૧૪ દરવાજા ફરી ખોલાયા

## ૧.૬૩ લાખ ક્યુસેક પાણી છોડવાનું શરૂ તાપી નદી ફરી એકવાર બે કાંઠે જોવા મળી

(સંવાદદતા દ્વારા) સુરત, તા.૩

ઉકાઈ ડેમના ઉપરવાસમાં ગયા અઠવાડિયે ભારે માત્રામાં પાણીની આવક થયા બાદ સ્થિતિ અંકુશમાં જણાતાં બે દિવસ પહેલા જ ડેમના તમામ ગેટ બંધ કરી પાણી છોડવાનું બંધ કરાયું હતું. ફરી ઉપરવાસમાં ભારે વરસાદને કારણે પરિસ્થિતિ બદલાઈ છે. ઉકાઈ ડેમમાં ૧.૪૭ લાખ ક્યુસેક પાણીની આવક શરૂ થતા ડેમના ૧૪ ગેટ ખોલીને ૧.૬૩ લાખ ક્યુસેક પાણી છોડવાનું શરૂ કરાયું છે.હાલ ડેમની સપાટી ૩૩૬.૧૮ ફૂટ પર પહોંચી છે. જોક રૂલ લેવલ ૩૪૦ ફૂટ છે. જ્યારે કોઝવેની સપાટી ફરીથી વધીને ૯ મીટર પહોંચી ગઇ છે. જેથી તાપી નદી ફરીએકવાર બે કાંઠે જોવા મળી છે.

જો કે રવિવારથી ફરી ઉપરવાસના ૫૧ રેઈનગેજ સ્ટેશનો ઉપર ભારે વરસાદ વરસ્યો છે. જેને લીધે ફરીથી ઉકાઈ ડેમમાં પાણીની આવક શરૂ થઈ છે. સોમવારે બપોરથી ડેમમાં પાણીનો મોટો જથ્થો છોડવાનું શરૂ કરાયું છે. જેથી તંત્ર દ્વારા મંગળવારે ડેમમાં ૧.૪૭ લાખ ક્યુસેક પાણીની આવક થતાં ડેમમાંથી ૧.૬૩ લાખ ક્યુસેક પાણી છોડવાનું શરૂ કરાયું હતું. ડેમના ૧૨ ગેટ ૬ ફુટ અને ૨ ગેટ સાત ફૂટ ખોલી દેવાયા છે. ઉકાઈ ડેમની સપાટી ૩૩૬.૧૮ ફૂટ નોંધાઈ છે.

વડોદરામાં ભાજપ સામે રોષ યથાવત્

# રાજકારણીઓને પ્રવેશબંધીમાં વધુ સોસાયટીઓ જોડાઈ : મેયરના વોર્ડમાં બેનર લાગ્યા

## પુરની સ્થિતિમાં મેયર, નગરસેવક, ધારાસભ્ય વિસ્તારમાં ફરક્યા નહીં, હવે આવવાની પણ જરૂર નથી : સ્થાનિકો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩

વડોદરા શહેરમાં પડેલા ધોધમાર વરસાદમાં અનેક સોસાયટીમાં પાણી ભરાઈ જવાને કારણે ૪ દિવસ સુધી રહીશો ફસાઈ પડ્યા હતા. શહેરના અનેક વિસ્તારોમાં આવી જ પરિસ્થિતિ હતી. જેમાં ખોબે ખોબે મત મેળવનાર નેતાઓ પોતાના માનવંતા મતદારોની વ્હારે આવ્યા ન હતા. જેને લઈને પ્રચંડ બહુમતીથી જીતતા ભાજપના નેતાઓ માટે રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે. વડોદરા શહેરના પ્રથમ નાગરિક મેયર પિન્કીબેન સોનીના મતવિસ્તારમાં વોર્ડ ૪ ન્યુ વીઆઈપી રોડ પર આવેલી સાઈદીપ સોસાયટીના રહીશોએ આજે સોસાયટી ગેટ પર નેતાઓના પ્રવેશ અંગે પ્રતિબંધનું બેનર લગાવીને વિરોધ વ્યક્ત કર્યો હતો. દરજીપૂરા તરફથી આવતી વરસાદી કાંસમાં સાઈદીપ સોસાયટી નજીકના ભાગમાં સ્લેબ કરવામાં આવી રહ્યો છે જે વરસાદી કાંસમાં પાણી સાઈદીપ સોસાયટી સહિત આસપાસના અન્ય રહેણાંક વિસ્તારમાં ભરાઈ ગયા હતા. વરસાદી પાણીમાં ૪ દિવસ અટવાઈ ગયેલા હજારો રહીશોની ઘરવખરી સહિતનો સામાન પાણીમાં પલળી જતા ભારે નુકશાન વેઠવું પડ્યું હતું. સંપર્કવિહોણી થયેલી સોસાયટીમાં પીવાનું શુદ્ધ પાણી, ભોજન કે ફૂડ પેકેટ પણ પહોંચ્યા ન હતા. એટલું જ નહીં કોઈ સ્થાનિક નગરસેવક મેયર પિન્કીબેન સોની કે ધારાસભ્ય મનીષાબેન વકીલ પણ સોસાયટીની મુલાકાતે આવ્યા નથી. પૂરના પાણી ઓસરી ગયા બાદ પણ ભાજપના કોઈ નેતા કે નગરસેવકોએ સોસાયટીની મુલાકાતે આવ્યા નથી.



# ઈઝરાયેલમાં ખેતી કામ માટે વિઝા આપવાના બહાને ઠગાઈ કરનાર ઝબ્બે

(સંવાદદાતા દ્વારા) આણંદ,તા.૩

પેટલાદ શહેરમાં આવેલ સંતરામપુરાની ચાલી નજીક કલ્યાણ સોસાયટીમાં રહેતાં હસમુખ વાલજીભાઈ પરમાર નામના યુવાને યુવાનોને વિદેશ મોકલવાનું કામકાજ શરૂ કર્યું હતું. અને સિવિલ હોસ્પિટલ નજીક આવેલ કર્મ કોમ્પલેક્ષમાં ઓફિસ ચાલુ કરી હતી.ઈઝરાયેલમાં ખેતી કામ માટે વર્કવિઝા આપવાના બહાને યુવાનો સાથે રૂપિયા અને કાગળિયા લઈ થોડા ટાઈમ પછી યુવાનોને વિઝા બતાવ્યાં હતાં. પરંતુ એ વિઝા બોગસ( નકલી) નીકળ્યાં હતાં. આ સાથે યુવાનોને ઓફર લેટર અને પ્લેનની ટિકિટો પણ બતાવી હતી. આખરે સમગ્ર છેતરપિંડીનો પર્દાફાસ થાય તે પહેલાં જ હસમુખ પરમારે ઓફિસ બંધ કરીને રફુચક્કર થઈ ગયો હતો.યુવાનોએ ઓફિસે જઈને તપાસ કરતાં તાળાં જોવા મળ્યાં હતાં.જેને લઈને રંગાઈપુરાના સંદીપ પંચાલે પેટલાદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન મંગળવારના રોજ પોલીસે હસમુખ પરમારને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદના ચકચારી બિનખેતી પ્રકરણમાં કાર્યવાહી

# ૫૦ કર્મીઓની ટીમ દ્વારા ૯૫૦૦ પ્રોપટી કાર્ડમાંથી ૯૩૪ સર્વે નંબરોની તપાસ હાથ ધરાઈ

## ૧૭૮ સર્વે નંબરો શંકાસ્પદ, મામલતદાર-સિટી સર્વે કચેરીમાંથી સૌથી વધુ શંકાસ્પદ સર્વે નંબરો

દાહોદ, તા.૩

દાહોદમાં બોગસ બિનખેતી પ્રકરણમાં તાજેતરમાં વહીવટી તંત્ર દ્વારા ૧૭૮ જેટલા શંકાસ્પદ સર્વે નંબરોની યાદી સાર્વજનિક કરી હતી. જેમાં કલેકટરના નિર્દેશો અનુસાર પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં ૫૦ જેટલા કર્મચારીઓની ટીમ બનાવી ૯૫૦૦ પ્રોપર્ટી કાર્ડમાંથી ૯૩૪ જેટલા સર્વે નંબરોની તપાસ હાથ ધરતા ૧૭૮ સર્વે નંબરો શંકાસ્પદ તરીકે ગણવામાં આવ્યા છે. આમ તો સર્વે નંબર ૩૦૩ ૩૦૫ ૩૦૬ તેમજ સરવે નંબર ૩૭૬/૧/૧/૪ માં ફરિયાદ દાખલ થયા બાદ પ્રકાશમાં આવ્યું હતું. મામલતદાર કચેરી, પ્રાંત કચેરીનો તમામ સ્ટાફ, ૯ જેટલા રેવન્યુ તલાટી, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, સિટી સર્વે, તેમજ ડી.એલ.આર,ડી. એલ. આઈ. આર.સહિત ૫૦ જણાની ટીમ દરરોજ રૂટિન કચેરીના કામની સાથે ૨૦૧૦ થી ૨૦૨૪ સુધીના તમામ બિનખેતીના હુકમોની ખરાઈમાં જોડાઈ હતી.જેમાં પ્રાંત અધિકારી એન.બી.રાજપૂતને અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. જોકે કલેકટર યોગેશ નિરગુડેના માર્ગદર્શનમાં વહીવટી તંત્રની ઉપરોક્ત ટીમોએ બિનખેતીના હુકમોની ખરાઈ સાથે સાથે ૭૩ એની મુક્તિમાં થયેલ હુકમોની પણ જે તે કચેરીઓમાં ક્રોસ વેરિફિકેશન કરવામાં આવ્યા હતા. દાહોદની ૯,૫૦૦ જેટલા પ્રોપર્ટીકાર્ડમાંથી વહીવટી તંત્રએ ૬૧ જેટલા સર્વે નંબરોમાં ૭૩ છછ, ૮૮૬ જેટલા સર્વે નંબરોમાં બિનખેતી મળી કુલ ૯૨૯ જેટલા સર્વે નંબરોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૧૭૮ જેટલા સર્વે નંબરો શંકાસ્પદ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. મામલતદાર કચેરીમાં ૧૨૪ સર્વે નંબરો સ્કેન કરવામાં આવ્યા હતા. જેમાં ૩૬ માં સાચા હુકમો જ્યારે ૮૮ માં શંકાસ્પદ હુકમો મળી આવ્યા હતા. તેવી જ રીતે જિલ્લા પંચાયતમાં બિનખેતીના ૧૩૧ સર્વે નંબરોમાંથી ૧૨૯ જેટલા સર્વે નંબરોમાં સાચા હુકમો મળી આવ્યા છે. જ્યારે બે સર્વે નંબરોમાં શંકાસ્પદ હુકમો મળી આવ્યા છે.પરંતુ જિલ્લા પંચાયતમાં ૬૧ જેટલા ૭૩એ એના હુકમોની પણ ખરાઈ કરવામાં આવી હતી. જેમાં ૫૮ જેટલા હુકમો સાચા મળ્યા હતા. જ્યારે ત્રણ સર્વે નંબરો ૩૦૧/૧૦૬ સર્વે નંબર ૨૫૧ તેમજ સરવે નંબર ૩૮માં ૭૩ એએના શંકાસ્પદ હુકમો મળી આવ્યા છે.

આરોપી મહારાષ્ટ્રથી કાર ભાડે કરી વાપી આવતો હતો

# વાપીની બેન્કોમાંથી ચેકની ચોરી કરી તેને વટાવી લાખોની ઠગાઈ કરનાર ઝડપાયો

વાપી, તા.૩

વાપીની બેંકમાં ચેકોની ચોરી લાખો રૂપિયા વટાવી છેતરપિંડી કરનાર આરોપી ઝડપાયો હતો. મળતી માહિતી મુજબ મહારાષ્ટ્રના પાલઘરથી કાર ભાડે કરી વાપીમાં આવેલી બેંકોમાં ચેકની ચોરી કરી તે ચેક બેંકની અન્ય શાખામાં જઈ વટાવી લેનાર એક માસ્ટરમાઈન્ડની વલસાડ પોલીસે ધરપકડ કરી છે. પકડાયેલ આરોપી પાસેથી પોલીસે ૧ લાખ ૨ હજાર રોકડ, ૨ સોનાના સિક્કા કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. વલસાડ જિલ્લા પોલીસવડા કરણરાજ વાઘેલાએ વિગતો આપી હતી કે, વાપી GIDCમાં આવેલ bank of barodaમાં ઓગસ્ટ મહિનામાં બે ચેકની ચોરી થઈ હતી. એ ચેકના પૈસા અન્ય બેંક ઓફ બરોડાની શાખામાંથી એક્રેશ કરી લેવાની એક હકીકત ધ્યાને આવી હતી. જે અંગે તાત્કાલિક વાપી GIDC, ડુંગરા, ટાઉન પોલીસ સ્ટેશનની પોલીસ ટીમને તપાસ સોંપી હતી અને તમામ બેંકોને એલર્ટ કરવામાં આવી હતી. જે દરમ્યાન તારીખ ૩૦મી ઓગસ્ટના ફરી એક્સિસ બેક્રમાં ચેકની ચોરી થઈ હતી અને અન્ય એક્સિસ બેક્રમાં તેને વટાવવા જતા આરોપીને પકડી પાડવામાં સફળતા મળી છે. ચેકની ચોરી કરનાર આરોપી પિયુષ જ્ઞાનેન્દ્ર શર્મા મૂળ મહારાષ્ટ્રના પાલઘરનો રહેવાસી છે અને ત્યાંથી સ્પેશિયલ ગાડી ભાડે કરીને વાપી આવતો હતો. તેને ઝડપી પાડ્યા બાદ પૂછપરછ કરતા એમણે જણાવ્યું હતું કે, એ સાદા કપડામાં બેંકના કસ્ટમર તરીકે બેંકમાં જતો હતો અને જે ક્લાયન્ટ બેંકમાં ચેક નાખી બહાર જાય ત્યારે બેંકના એમ્પ્લોઈઝને મારાથી ભૂલથી ચેક ડ્રોપ બોક્ષમાં પડી ગયો છે. તેવા બહાના હેઠળ અથવા તો જેતે કસ્ટમરના ચેકના નામની ખોટી ઓળખ ઉભી કરી તે ચેક તફડાવી અન્ય બેંકમાંથી પૈસા ઉપાડી લેતો હતો.

# ભરૂચના વાલિયામાં આભ ફાટ્યું : ૧૮ ઈંચ વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

## ભારે વરસાદને પગલે વાહન વ્યવહાર ખોરવાયો

**અનેક ગામો સંપર્કવિહોણા**

## ભરૂચમાં પણ ભારે વરસાદને પગલે જળબંબાકારની સ્થિતિ





(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૩

ભરૂચ શહેર-જિલ્લામાં બે દિવસથી પડી રહેલા સાંબેલાધાર વરસાદને લઈ ભરૂચ-અંકલેશ્વર શહેરમાં જળબંબાકારની સ્થિતિ ઊભી થઈ હતી. વાલિયા તાલુકામાં ૧૮ ઈંચ વરસાદ ખાબકી જતા અનેક ગામોનો સંપર્ક કપાયો હતો. ભારે વરસાદની આગાહીને લઈ જિલ્લામાં શાળા-કોલેજો બંધ રહી હતી.

ભરૂચ જિલ્લામાં સોમવારના બપોરે એકાએક વરસાદે ધમાકેદાર એન્ટ્રી મારી હતી અને એકાએક જ સાંબેલાધાર વરસાદ શરૂ થતા ભરૂચ શહેરમાં જળબંબાકારની પરિસ્થિતિનું સર્જન થયું હતું. ભરૂચ શહેરના ફુરજા ચાર રસ્તા ઉપર કમર સુધી પાણી ભરાતા બે વાહનો તણાયા હતા જ્યારે એક વ્યક્તિને તણાતા બચાવ્યો હતો. ફુરજા ચાર રસ્તા વિસ્તારની દુકાનો સુધી પાણી ભરાતાં એક સમયે દુકાનદારોએ પોતાનો માલસામાન ખસેડવાની ફરજ પડી હતી. જ્યારે ભરૂચ શહેરના ફાંટા તળાવ, ડભોઈયાવાડ, શક્તિનાથ વિસ્તારની સોસાયટીઓમાં પાણી ભરાતા સોસાયટીનાં રહીશોને મુશ્કેલીઓ ઊભી થઈ હતી. ભરૂચ શહેરનાં કસક ગરનાળા, કસક સર્કલ સહિતના વિસ્તારોમાં ગટરો ઉભરાતા અને વરસાદી પાણીને લઈ રસ્તાઓ પર કમર સુધી પાણી ભરાતા વાહનચાલકો માટે વાહન ચલાવવું મુશ્કેલ બની ગયું હતું. લોકોના વાહનો તણાતા હતા. ભરૂચ શહેરના પાંચ બત્તી સેવાશ્રમ રોડમાં ઘુંટણસમા પાણી ભરાતા વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પડી હતી. જ્યારે શક્તિનાથ રેલવે ગરનાળું અને કલેક્ટર કચેરી નજીકનાં રેલવેનાળામાં પાણી ભરાતા વાહનવ્યવહાર બંધ થઈ ગયો હતો. ભરૂચ તાલુકાના અનેક ગામોમાં પાણી ભરાતા ગ્રામીણ વિસ્તારનો સંપર્ક શહેરી વિસ્તારથી કપાયો હતો. જ્યારે અંકલેશ્વર શહેરના પણ હાલ આવા જ હતા. અનેક વિસ્તારમાં કમર સુધી પાણી ભરાયા હતા. જ્યારે ભરૂચ શહેર તાલુકામાં ચાર કલાકમાં સાડા પાંચ ઈંચ વરસાદ ખાબકી ગયો હતો જ્યારે ગતરાત્રીના અવિરત વરસાદને લઈને ભરૂચ જિલ્લાના અનેક તાલુકામાં જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થયું હતું. ભરૂચ જિલ્લાનાં ઝઘડિયા નેત્રંગ તાલુકામાં ૨૪ કલાકમાં ચાર ઈંચ વરસાદ ખાબકી ગયો હતો. જ્યારે વાગરામાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. હાસોટમાં પણ દોઢથી બે ઈંચ વરસાદ ખાબકી ગયો હતો.

જ્યારે ભરૂચ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં વાલિયા તાલુકામાં ૧૮ ઈંચ જેટલો વરસાદ ખાબકી જતા વાલિયા તાલુકાના ડહેલી સહિતના ગામો તાલુકા મથકથી કપાયા હતા. ૧૮ ઈંચ વરસાદને લઈ ડહેલી ગામનાં અનેક વિસ્તારમાં પાણી ભરાતા લોકો માટે રાત વિતાવી મુશ્કેલ બની ગઈ હતી. વાલિયા તાલુકામાંથી વહેતી ટોકરી નદી અને કીમ નદીમાં પાણીનો ભરાવો થતા વાલિયા નેત્રંગ વચ્ચેનો સંપર્ક તૂટી ગયો હતો. જ્યારે કીમ નદીનું જળસ્તર વધતા હાંસોટ તાલુકાના નદીકાંઠાનાં ગામોને સાવચેત કરવામાં આવ્યા હતા. જ્યારે વાલિયા તાલુકામાં ૧૮ ઈંચ વરસાદને લઈને જિલ્લાનું વહીવટી તંત્ર દોડતું થયું હતું. તાલુકા મામલતદાર T.D.O તેમજ પ્રાંત અધિકારી દહેલી ગામે પહોંચીને બનતી મદદ કરવાની ખાતરી આપી હતી. જ્યારે આ ઘટનાની જાણ થતા ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા પણ દોડી ગયા હતા. જ્યારે આજે ભરૂચ જિલ્લા કલેક્ટર દ્વારા હવામાન ખાતાની આગાહીને પગલે રેડ એલર્ટ જાહેર કરતા ભરૂચ જિલ્લાની શાળા-કોલેજો તેમજ આંગણવાડી કેન્દ્રમાં શિક્ષણ કાર્ય બંધ રહ્યું હતું. ભરૂચ જિલ્લાનાં નવ તાલુકામાં ભારે વરસાદને લઈ મંગળવારે પણ અનેક રસ્તાઓ બંધ રહેતા જનજીવનને ભારે અસર થવા પામી હતી.

### કાછોટા ફળિયામાં પાણી ભરાતાં ૮૭ લોકો સંપર્કવિહોણા બન્યા

ભરૂચ જિલ્લાનાં વાલિયા તાલુકામાં ૨૪ કલાકમાં ૧૮ ઈંચ વરસાદ ખાબકી જતા તાલુકામાં જળ બંબાકારની સ્થિતિનું નિર્માણ થયું હતું. તાલુકાનું ડહેલી ગામમાં કીમ નદી અને ટોકરી નદીનું પાણી ભરાતા ડહેલી ગામ તાલુકા મથકથી સંપર્કવિહોણું બની ગયું છે. ગામમાં કમર સુધી પાણી ભરાતા ગ્રામજનોએ આખી રાત ઉજાગરા કરીને વિતાવી હતી. સવારે જાણ થતા ગામનાં કાછોટા ફળિયામાં પાણી ભરાતા ૮૭ લોકો સંપર્કવિહોણા બની ગયા હતા જ્યારે ગુંદિયા ધાંધુ સહિત પરાલી ફળિયુ કાછોટા સહિત દશામાનાં મંદિર ફળિયા જળમગ્ન થઈ જતા લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા જ્યારે આજે જિલ્લાનાં વહીવટી તંત્રનાં અધિકારીઓ દોડ્યા હતા અને સંપર્કવિહોણા લોકોને સલામત સ્થળે ખસેડવાથી તજવીજ શરૂ કરી હતી

### નર્મદા નદી બંને કાંઠે વહેતી થઈ ગોલ્ડનબ્રિજ પાસે ૧૭ ફૂટ સપાટી

ભરૂચની નર્મદા નદી ફરી આજે બન્ને કાંઠે વહેતી થઈ છે. નર્મદા ડેમમાંથી ૨ લાખ ૪૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવતા ફરી નર્મદા નદીમાં પૂરની સ્થિતિ ઊભી થતાં હાલ ૧૭ ફુટની સપાટીએ નર્મદા નદી વહી રહી છે. નર્મદા જિલ્લાનાં સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની આવક શરૂ થતા સત્તાધીશોએ ફરીથી ડેમમાંથી ૨ લાખ ૪૦ હજાર ક્યુસેક મીટર પાણી નર્મદા નદીમાં છોડતા નર્મદા નદી ફરી બંને કાંઠે વહેતી થઈ છે.

# આગામી ૪૮ કલાકમાં રાજ્યના અનેક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની સંભાવના

## ● દક્ષિણ ગુજરાતમાં કેટલાક સ્થળોએ અત્યંત ભારે વરસાદની વકી
## ● આગામી ૨૪ કલાક માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

અમદાવાદ, તા.૩

રાજ્યમા એક તરફ મેઘરાજાએ ધમાકેદાર ઈનિંગની શરૂઆત કરી છે. તો બીજી તરફ આગામી ૪૮ કલાકમાં અનેક સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલ ગુજરાત પર ચાર સિસ્ટમ સક્રિય છે. જેને પગલે ભારે વરસાદ વરસી રહ્યો છે. તો દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ અને કેન્દ્ર શાસિન પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં હાલમાં ચાર સિસ્ટમ સક્રિય છે. જેમાં ગઈકાલ સુધી જે દક્ષિણ ગુજરાતથી ઉત્તર કેરળ સુધી ઓફ શોર ટ્રફ સક્રિય હતો, તે આજે નિષ્ક્રિય થયો છે. તેમ છતાં આજે ગુજરાત ઉપર ચાર સિસ્ટમનો ખતરો રહેશે. જેમાં રાજ્યના ૨૦ ડિગ્રી ઉત્તરમાં શિયર ઝોન સક્રિય છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગો ઉપર એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે. ગઈકાલ સુધી જે ડિપ્રેશન વિદર્ભના ભાગમાં હતું, તે હાલમાં લો પ્રેસર બનીને વિદર્ભના પશ્ચિમ ભાગે સક્રિય છે, જેને કારણે ગુજરાતમાં ભારેથી ભારે વરસાદની સંભાવના છે. આ ઉપરાંત રાજસ્થાનના જેસલમેર અને ઉદયપુર પરથી એક મોન્સૂન ટ્રફ બંગાળની ખાડી સુધી લંબાયો છે. તેની અસરને કારણે પણ ગુજરાતમાં વરસાદી માહોલ જામશે. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં, ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આગામી ૨૪ કલાક દરમિયાન માછીમારોને દરિયો ન ખેડવા પણ સૂચના આપવામાં આવી છે. જ્યારે આવતીકાલે બનાસકાંઠા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ઓરેન્જ એલર્ટ, તો કચ્છ, મોરબી, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા અને ડાંગ. યલો એલર્ટ આપવામાં આવ્યું છે પમીએ કચ્છ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, નવસારી, તાપી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં યલો એલર્ટ જ્યારે ૬ સપ્ટેમ્બરના રોજ કચ્છ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, તાપી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. તો ૪થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાત રાજ્યના વિવિધ ભાગોમાં હળવાથી લઈને અત્યંત ભારે વરસાદ વરસે તેવી શક્યતાઓ છે. તેમાં પણ ખાસ કરીને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આ સાત દિવસ દરમિયાન અત્યંત ભારે વરસાદની સંભાવના છે. જ્યારે પૂર્વ મધ્ય ગુજરાતના ભાગોમાં પણ અતિ ભારે કરતાં વધુ વરસાદ વરસી શકે છે. તેવામાં દક્ષિણ ગુજરાતની નદીઓમાં ફરી એક વખત પૂરની સ્થિતિ સર્જાવાની સંભાવના છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં જરૂરિયાત મુજબનો વરસાદ વરસી શકે છે. એટલે કે, આ ભાગોમાં સામાન્ય વરસાદ રહેશે. સપ્ટેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહમાં સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં હળવોથી ભારે વરસાદ થઈ શકે છે. જ્યારે મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની શક્યતાઓ છે.

## વિધાનસભા વિરોધ પક્ષ કોંગ્રેસના નેતાએ ભાજપ સરકાર પર કર્યા આકરા પ્રહારો

# 'ગુજરાતમાં ખાડા કે ખાડામાં ગુજરાત'ની સ્થિતિનું નિર્માણ : ભ્રષ્ટાચારીઓ સામે પગલા લેવાશે કે કેમ ?

## વર્ષમાં ૪૮૦૦ કરોડનો ટોલટેક્ષ આપવા છતાં રસ્તા, ખાડા, કમરની સાથે ખિસ્સું પણ તોડાવે : ચાવડા

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૩

આજરોજ વિધાનસભા ખાતે આયોજિત પ્રેસ વાર્તાને સંબોધન કરતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું કે, ગુજરાતની જનતા એક તરફ ભારે વરસાદ અને સરકાર સર્જિત પૂરથી ત્રાહિમામ અને હેરાન પરેશાન છે. બીજી બાજુ કમરતોડ મોંઘવારી, કમરતોડ ટેક્ષ અને કમલમના કમિશનને કારણે જનતાની કમર ભાગતા રસ્તાના ખાડાથી પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. પહેલા વરસાદ પડે તો વરસાદ બાદ રોડ પર દેડકા જોવા મળતા હતા હવે આ ભાજપના શાસનમાં પહેલા જ વરસાદ પછી રોડ પર દેડકાને બદલે ખાડા અને ભુવા જોવા મળે છે.

વધુમાં તેમણે જણાવ્યું કે ગામથી લઈને ગાંધીનગર સુધી બધા જ રસ્તાઓમાં મોટા પ્રમાણમાં ખાડાને કારણે પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. ખાડાઓ કમર ભાંગવાની સાથે પ્રજાનું ખીસ્સુ પણ ભાંગે છે. ગુજરાતમાં એક જ વર્ષમાં ૪૮૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ ટોલટેક્ષના નામે સરકાર ઉઘરાવે છે. બીજી બાજુ ગુણવત્તાયુક્ત રસ્તા આપવાની વાત આવે તો સરકાર કુદરતનો વાંક કાઢે છે. દર વર્ષે રસ્તાઓ ધોવાઈ જાય અને ખાડાઓને કારણે જનતાની કમર તો તૂટે છે પણ સાથેસાથે મોટા પ્રમાણમાં સમય અને ઈંધણની પણ બરબાદી તથા વાહનોને પણ મોટા પાયે નુકસાન થાય છે. આ ઉપરાંત અકસ્માતો પણ થાય છે જેમાં મોટા પ્રમાણમાં લોકોની જાનહાની થાય છે. મળતા આંકડા મુજબ ૨૦૧૭થી ૨૦૨૧માં પાંચ વર્ષમાં ખાડામાં પડવાને કારણે થયેલ અકસ્માતમાં ૫૦૦ કરતા વધુ લોકોના મૃત્યુ નોંધાયા છે. એના માટે સરકારનો ભ્રષ્ટાચાર જવાબદાર છે. અમદાવાદ મ્યુ. કોર્પોરેશને જાતે જ સ્વીકાર્યું છે કે, આ સિઝનમાં એકલા અમદાવાદ શહેરમાં ૧૯ હજાર કરતા વધારે સ્થળોએ ખાડાનું રીપેરીંગ કરવામાં આવ્યું. એ જ રીતે સુરતમાં ૧૦ હજાર કરતા વધારે ખાડાઓની મરામત કરવામાં આવી જેમાં કોન્ટ્રાકટરો અને સરકારના ખિસ્સા ભરાઈ જાય છે.

આખા ગુજરાતમાં ખાડારાજને કારણે પ્રજા ત્રાહિમામ છે ત્યારે સરકાર આખા ગુજરાતના રસ્તાઓ તથા ખાડાઓને અનુસંધાને શ્વેતપત્ર બહાર પાડે કે છેલ્લા એક વર્ષમાં રોડ બન્યો હોય એમાં ખાડા પડ્યા હોય તેવા રસ્તા કયા છે ? બે વર્ષમાં રોડ બન્યો હોય એમાં ખાડા પડ્યા હોય તેવા રસ્તા કયા છે ? સાથેસાથે ગેરંટી પીરીયડમાં હોય અને રસ્તા ધોવાઈ ગયા હોય ? ખાડા પડ્યા હોય તેવા રસ્તા કયા છે ? એવા રસ્તાઓની મરામત પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે ? ગેરંટી પીરીયડમાં હોય તો કયા કોન્ટ્રાકટર પાસેથી આનો ખર્ચ વસૂલવામાં આવ્યો છે ? સાથેસાથે એક જ કોન્ટ્રાકટરની વારંવાર ગુણવતા હલકી હોવાની ફરિયાદો હોય, એક કોન્ટ્રાકટર કે એજન્સીના રસ્તાઓ વારંવાર ધોવાઈ જતા હોય એવા કેટલા કોન્ટ્રાકટરોને બ્લેકલીસ્ટ કરવામાં આવ્યા ? એનાથી જે રસ્તા બને છે એમાં કોના ખિસ્સા ભરાય છે. કોને લાભ થાય છે અને પ્રજા આ હાડમારીમાંથી ક્યારે છૂટશે.

આખા રાજયની જનતા પરેશાન છે. મુખ્યમંત્રી અને આખી સરકાર ભાજપની સભ્ય નોંધણી ઝુંબેશમાંથી નવરી પડે તો ગુજરાતની જનતાની ચિંતા ચોક્કસ કરે તેવા પ્રશ્ન કરતા તેમણે શ્વેત પત્ર બહાર પાડવા અને કોન્ટ્રાક્ટરો સાથેની મિલીભગત અંગે કાર્યવાહીની વિગતો માંગી છે.

## રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિમાં રાહત-બચાવની કામગીરી કરી રહેલ હેલિકોપ્ટર

# પોરબંદરના દરિયામાં ભારતીય કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર થયું ક્રેશ : ત્રણ વ્યક્તિ હજુ લાપતા

## બે પાયલટ અને એક ડાઈવરની શોધખોળ જારી : એક ક્રૂ મેમ્બરનો બચાવ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૩



ગુજરાતમાં પૂર સંબંધિત રાહત અને બચાવ કામગીરીમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારતી કોસ્ટગાર્ડ સતત કાર્યરત છે ત્યારે આ દરમ્યાન ભારતીય કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટરનું અરબી સમુદ્રમાં ક્રેશ લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. જેમાં હેલિકોપ્ટરમાં સવાર ભારતીય કોસ્ટગાર્ડના બે પાઈલટ ગુમ છે. તેની સાથે રેસ્ક્યૂ કરનાર એક ડાઈવર પણ મુસાફરી કરી રહ્યો હતો. તેની પણ કોઈ જાણકારી મળી રહી નથી. મળતી માહિતી મુજબ, એક ક્રૂ મેમ્બરને બચાવી લેવામાં આવ્યો છે, પરંતુ બાકીના ત્રણ લોકો લાપતા છે.

ઈન્ડિયન કોસ્ટગાર્ડનું (ICG) હેલિકોપ્ટર અરબી સમુદ્રમાં ઓઈલના ટેક્કર પર એક કર્મચારી ઈજાગ્રસ્ત હતો તેને રેસ્ક્યૂ કરવા માટે જઈ રહ્યું હતું. ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. હેલિકોપ્ટરનું સોમવારે મોડી રાત્રે પોરબંદર નજીક દરિયામાં ક્રેશ લેન્ડિંગ થયું હતું. જેમાં પાઈલટ સહિત ચાર લોકો સવાર હતા. ક્રેશ લેન્ડિંગ બાદ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરતા ક્રુ મેમ્બરનો બચાવ થયો હતો, પરંતુ અન્ય ત્રણ લોકો હજુ લાપતા છે. જેની માહિતી ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા ટ્વીટ કરીને આપવામાં આવી હતી.

ગુજરાતમાં પૂર સંબંધિત ઓપરેશનમાં કોસ્ટગાર્ડે ૪ જહાજ અને બે એરક્રાફ્ટ તહેનાત કર્યા છે. જેની મદદથી અત્યાર સુધીમાં ભારતીય કોસ્ટગાર્ડના એડવાન્સ લાઈટ હેલિકોપ્ટરે ૬૭ લોકોના જીવ બચાવ્યા છે. કોસ્ટગાર્ડ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે લગભગ ૧૧ વાગ્યે હેલિકોપ્ટર ધ્રુવનું ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન હેલિકોપ્ટરનો કાટમાળ મળી આવ્યો છે. આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે હેલિકોપ્ટર એક જહાજ પાસે પહોંચવા જઈ રહ્યું હતું. કોસ્ટગાર્ડે હાલમાં સર્ચ ઓપરેશનમાં ૪ જહાજોને ઉતાર્યા છે. ઈમર્જન્સી લેન્ડિંગનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. પ્રાથમિક તપાસ બાદ જ આ અંગે કોસ્ટગાર્ડ દ્વારા નિવેદન જારી કરી શકાશે. લાપતા વ્યક્તિઓ માટે શોધખોળ સઘન રીતે ચલાવવામાં આવી રહી છે.

# CBSE બોર્ડ દ્વારા ડમી સ્કૂલોને લઈને સમગ્ર દેશમાં તપાસ કરાશે

## અન્ય રાજ્યોમાં પણ હવે ડમી સ્કૂલોની તપાસ કરવામાં આવશે

## બોર્ડની ટીમ દ્વારા રાજસ્થાન અને દિલ્હીની ૨૭ સ્કૂલોમાં તપાસ કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૩

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) બોર્ડ દ્વારા ડમી સ્કૂલોને લઈને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મંગળવારના રોજ રાજસ્થાન અને નવી દિલ્હીની સ્કૂલોમાં ડમી સ્કૂલને લઈને તપાસ કરવામાં આવ્યા બાદ હવે દેશના અન્ય રાજ્યોમાં પણ આ જ રીતે તપાસ કરવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા મંગળવારના રોજ દેશના રાજસ્થાન અને નવી દિલ્હી ખાતે આવેલી ૨૭ શાળાઓમાં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસનો હેતુ એવો હતો કે, બોર્ડ સાથે સંલગ્ન શાળાઓ નિર્ધારિત ધોરણોનું ચુસ્તપણે પાલન કરે છે કે કેમ તેની ચકાસણી કરવાનો તથા 'ડમી શાળાઓ'ની સમસ્યાનો ઉકેલ લાવવા માટે આ ઓચિંતી તપાસ કરવામાં આવી હતી.

CBSE બોર્ડ દ્વારા સત્તાવાર રીતે જણાવાયું હતું કે, સ્કૂલોમાં તપાસ માટે સૌપ્રથમ યોજના બનાવવામાં આવી હતી. ત્યારબાદ સ્કૂલોમાં જઈને યોજના અનુસાર ચકાસણી કરવામાં આવી છે. બોર્ડના જણાવ્યા અનુસાર, આ પદ્ધતિ એટલા માટે અપનાવવામાં આવી હતી કે જેથી શાળાઓના સંચાલન દરમિયાન માર્ગદર્શિકાનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે. CBSE શિક્ષણમાં ઉચ્ચ ધોરણો જાળવવા માટે પ્રતિબદ્ધ છે અને એટલે જ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ભવિષ્યમાં પણ આવી તપાસ ચાલુ રાખવામાં આવશે તેમ જણાવાયું છે. CBSE બોર્ડ દ્વારા જણાવાયું હતું કે, બોર્ડ શિક્ષણમાં ઉચ્ચ ધોરણો જાળવવા માટે કટિબદ્ધ છે અને તમામ સંલગ્ન શાળાઓ તેની માર્ગદર્શિકાનું સખતપણે પાલન કરે તેવી અપેક્ષા રાખે છે. બોર્ડ દ્વારા સ્કૂલોમાં કરવામાં આવેલી તપાસના તારણો સામે આવ્યા બાદ જ્યાં પણ યોગ્ય રીતે પાલન થતું ન હોવાનું જણાશે ત્યાં પગલા ભરવા સહિતની કાર્યવાહી પણ કરવામાં આવશે. મોટાભાગે ડમી સ્કૂલોને લઈને આ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હોવાની વિગતો સામે આવી છે.

## પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટર પાસે લાંચ માંગવાનું પડ્યું ભારે

# સુરતમાં 'આપ'ના બે કોર્પોરેટરોની ૧૦ લાખની લાંચના ગુનામાં ધરપકડ : મનપાના અધિકારીઓની ભૂમિકા શંકાસ્પદ

## કોન્ટ્રાક્ટરે એસીબીમાં ઓડિયો રેકોર્ડિંગ સાથે ફરિયાદ કરી હતી : બંને કોર્પોરેટરોનું FSL ખાતે વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી પરીક્ષણમાં રજૂ થયેલ સીડીમાં કોન્ટ્રાક્ટર તથા બંને કોર્પોરેટરોનો અવાજ હોવાનું પ્રસ્થાપિત થયું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩

સુરત નગરપાલિકાના પે એન્ડ પાર્કિંગના કોન્ટ્રાક્ટર પાસેથી ૧૦ લાખ રૂપિયાની લાંચની માંગણીના કિસ્સામાં એસીબી એ સુરતના આમ આદમી પાર્ટીના કોર્પોરેટર વિપુલ સુહાગીયાની ધરપકડ કરી છે. જોકે, આ સમગ્ર કિસ્સામાં મહાનગરપાલિકાના અધિકારીઓની ભૂમિકા પણ શંકાસ્પદ છે. વરાછા ઝોનના આસી. કમિશનરની ઓફિસમાં બેઠક કરવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, છતાં હજુ સુધી પાલિકાના અધિકારીઓ સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

સુરત શહેરની ટ્રાફિક સમસ્યાને હળવી કરવા માટે સુરત મહાનગરપાલિકાના મગોબ ગામની સીમમાં આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૫૩ના ફાઈનલ પ્લોટ નં.૮૮ માં મલ્ટી લેવલ પે એન્ડ પાર્કની સુવિધા ઊભી કરવામાં આવી છે. તે માટે 'પે એન્ડ પાર્ક'નો કોન્ટ્રાક્ટ એક કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યો છે. આ 'પે એન્ડ પાર્ક'ની સુવિધાવાળી જગ્યાની બાજુમાં મહાનગરપાલિકા દ્વારા શાકભાજી માર્કેટની જગ્યા પણ ફાળવવામાં આવેલી છે.આ દરમિયાન સુરત મહાનગરપાલિકાના પુણાના વોર્ડ નં.૧૬ અને ૧૭ ના કોર્પોરેટર જીતુ ઉર્ફે જીતેન્દ્ર પાંછાભાઈ કાછડીયા અને વિપુલ વસરામભાઈ સુહાગીયા આ 'પે એન્ડ પાર્ક' ની સુવિધાવાળી જગ્યાની મુલાકાત લીધી હતી.તેઓએ કોન્ટ્રાક્ટરને શાકભાજી માર્કેટની કોર્પોરેશનની જગ્યામાં ગેરકાયદેસર દબાણ કર્યું હોવાનું કહી બોલાચાલી કરી હતી. આ અંગે પોલીસ ફરિયાદ કરવાની અને કોન્ટ્રાક્ટ રદ કરાવી દેવાની ધમકી આપી હતી. આ અંગે કોન્ટ્રાક્ટર પાસે ગેરકાયદેસર દબાણ કરવા બાબતનું માફીપત્ર લખાવ્યું હતું અને ત્યારબાદ આ બંને કોર્પોરેટરોએ જો આ કાર્યવાહીથી એટલે કે કોન્ટ્રાક્ટ રદ કરવામાંથી બચવું હોય તો રૂા.૧૧ લાખ આપવા પડશે તેવી માંગણી કરી હતી.આ અંગે બંન્ને કોર્પોરેટરોએ કોન્ટ્રાક્ટર સાથે રૂબરૂમાં તથા મોબાઈલ ફોન પર લાંચની માંગણી અંગેની વાતચીત કરી હતી. રકઝકને અંતે રૂા. ૧૦ લાખ આપવાનું નક્કી થયું હતું. આ સમગ્ર વાતચીતનું કોન્ટ્રાક્ટર દ્વારા ઓડીયો રેકોર્ડીંગ કરી લેવામાં આવ્યું હતું. આ વાતચીતમાં આરોપીઓ દ્વારા નાણાં શબ્દને બદલે કોર્ડવર્ડ તરીકે સાંકેતિક ભાષામાં 'ડોક્યુમેન્ટ' આપવાના છે તેવો શબ્દ વાપરતા હતા, જે અંગે વાતચીતમાં જ ડોક્યુમેન્ટ એટલે નાણાં એવી સ્પષ્ટતા આરોપીઓ દ્વારા કરવામાં આવી હતી.આ અંગે કોન્ટ્રાક્ટર પોતે આ લાંચના નાણાં આપવા માંગતા ન હોઈ વાતચીતના રેકોર્ડીંગની સીડી સાથેની વિગતવારની અરજી એ.સી.બી.માં કરી હતી. એ.સી.બી. દ્વારા સીડીનું 'નો ટેમ્પરીંગ પ્રમાણપત્ર મેળવવામાં આવ્યું હતું. ત્યાર બાદ ફરિયાદી તથા આરોપીઓનું એફએસએલ ખાતે 'વોઈસ સ્પેક્ટોગ્રાફી' પરિક્ષણ કરાવવામાં આવ્યું હતું. આ પરિક્ષણમાં રજુ થયેલ સીડીમાં અરજદાર કોન્ટ્રાક્ટર તથા આરોપીઓના જ અવાજ હોવાનું એફએસએલ દ્વારા સર્ટિફિકેટ અપાયું હતું.જેથી અરજીના આક્ષેપો મુજબ બંને કોર્પોરેટરોએ કોન્ટ્રાકટર પાસે કરેલી રૂા.૧૦ લાખની લાંચની માંગણીને તપાસ દરમિયાન સંપૂર્ણપણે સમર્થન પ્રાપ્ત થતાં સુરત શહેર એસીબી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કલ્પેશ ધડુકે સરકાર તરફે ફરિયાદી બની બંને કોપાપ્રેરેટરો જીતુ ઉર્ફે જીતેન્દ્ર કાછડીયા અને વિપુલ સુહાગીયા વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ ગુનો નોંધી કોર્પોરેટર વિપુલ સુહાગીયાની ધરપકડ કરી હતી. વધુ તપાસ એસીબી સુરત એકમના મદદનીશ નિયામક આર.આર.ચૌધરીના સુપરવિઝન હેઠળ થઈ રહી છે.

### વિવાદાસ્પદ અધિકારીને બચાવી લેવામાં આવ્યા હોવાની ચર્ચા

વરાછા ઝોન - એમાં ફરજ બજાવતાં વિવાદાસ્પદ ઉચ્ચધિકારીની સમગ્ર પ્રકરણમાં ભુંડી ભુમિકા હોવાની ચર્ચાએ વરાછા ઝોનમાં જોર પકડ્યું છે. કોન્ટ્રાક્ટર અને આરોપી કોર્પોરેટરો વચ્ચે વરાછા ઝોનમાં જ અધિકારીની કેબિનમાં સમગ્ર પ્રકરણ અંગે બેઠક થઈ હતી. જો કે, આમ છતાં એસીબી દ્વારા વિવાદાસ્પદ અધિકરી વિરૂદ્ધ સરકારી કર્મચારી હોવા છતાં ફરિયાદ દાખલ ન કરવામાં આવતાં તર્ક - વિતર્ક શરૂ થયા છે.

### એસીબી દ્વારા રાણેનો જવાબ પણ લેવામાં આવ્યો હતો !!

સરકારી કર્મચારી હોવા છતાં કોન્ટ્રાક્ટર અને કોર્પોરેટરો વચ્ચે વિવાદાસ્પદ અધિકારી દ્વારા મધ્યસ્થીની ભૂમિકા ભજવવામાં આવી હોવાની ચર્ચાઓ ઉઠવા પામી હતી. ફરિયાદી દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાઓમાં આ અધિકારીની ભૂમિકાનો પણ ઉલ્લેખ હોવાનું જાણવા મળ્યું હતું અને જેને પગલે હાલમાં જ પોલીસ દ્વારા એસીબીની કચેરીએ આ અધિકારીને જવાબ લખાવવા માટે તેડું મોકલ્યું હતું અને જેને પગલે એસીબીની કચેરીએ કલાકો સુધી સાહેબ હાજરી પુરાવીને આવ્યા હતા. અલબત્ત, હવે આ સમગ્ર પ્રકરણમાં તેમના નામની બાદબાકી થતાં સમગ્ર પ્રકરણમાં કુલડીમાં ગોળ ભાંગવામાં આવ્યો હોવાની ચર્ચાઓ ઉઠી છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - 33/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS